राष्ट्रीय कला केन्द्र

## પ્રસ્તુત કરે છે



# મોનો એક્ટિંગ

## ઈ- બુક

# પ્રસ્તાવના

રાષ્ટ્રીય કલા કેન્દ્ર સુરતની સ્થાપના ૧૦મી જુલાઈ, ૧૯૫૫ ના રોજ થઈ હતી. સંસ્થા એના ધ્યેય અને હેતુને વળગી રહીને છેલ્લા ૬૬ વર્ષથી અવિરતપણે કલા ક્ષેત્રે અનેરૂ પ્રદાન કરી રહી છે. રાષ્ટ્રીય કલા કેન્દ્ર નો જન્મ નાટકની પ્રવૃત્તિથી થયેલો. વજુભાઈ ટાંક જેવા તે સમયના માહીર નાટયકારે નાટકની પ્રવૃત્તિને આગળ ધપાવવામાં ખૂબ મહેનત કરી હતી. ચંદ્રકાંતભાઈ પુરોહીત અને સરોજબેન પાઠક પણ સંસ્થાની નાટય પ્રવૃત્તિને વિકસાવવામાં હરહંમેશ પ્રયત્નશીલ રહેતા.

પોપટભાઈ વ્યાસ, ગનીભાઈ દહીંવાળા, ચંદ્રકાંતભાઈ પુરોહીત અને સરોજબેન પાઠક અમારી સંસ્થાની ઈમારતના ચાર સ્તંભ હતા એમને કારણે નાટયની પ્રવૃત્તિની સાથે સાથે સાહિત્ય, સંગીત, ગરબા અને ચિત્રકળાની પ્રવૃત્તિને પણ સ્થાન મળ્યું.

સંસ્થાએ અત્યાર સુધી લગભગ પ્રતિવર્ષ એક ત્રિઅંકી અથવા દ્વિઅંકી નાટકનું નિર્માણ કર્યું છે. સંસ્થાની નાટય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા અનેક દિગ્દર્શકો અને અભિનેતાઓએ સંસ્થાને નામના અપાવી છે. ગુજરાત રાજ્ય નાટય અકાદમી સ્પર્ધા તથા સુરત મહાનગરપાલિકાની નાટય સ્પર્ધામાં અમારા નાટકો,  દિગ્દર્શકો અને અભિનેતાઓને અનેક પારિતોષિકો પ્રાપ્ત થયા છે.

રાષ્ટ્રિય કલા કેન્દ્ર એ, શાળા કક્ષાએ ઘટતી જતી નાટય પ્રવૃત્તિને સજીવન કરી, વેગ આપવાના હેતુથી છેલ્લા ચાર વર્ષથી એટલે કે ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦ દરમ્યાન “આંતર શાળા એકાંકી નાટય સ્પર્ધા” નું આયોજન કર્યું હતું. આ નાટય સ્પર્ધા પહેલા બે વર્ષ જીવનભારતી મંડળના સહયોગથી થઈ, જ્યારે છેલ્લા બે વર્ષ, જી. ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કુલના ભવ્ય ઓડિટોરીયમમાં યોજવામાં આવી હતી. આ સ્પર્ધા પ્રતિવર્ષ ચાર દિવસ ચાલી અને તેમાં દર વર્ષે પ્રાથમિક અને માધ્યમિક વિભાગ મળી કુલ ૨૮ થી ૩૦ એકાંકી નાટકોની પ્રસ્તૃતિ થઈ. તેમાં આશરે ૪૦૦ યુવા નાટ્ય કલાકારો અને દિગ્દર્શકોએ ભાગ લીધો. આ સ્પર્ધા બી. ડી. એન્ડ કું. દ્વારા પુરસ્કૃત કરવામાં આવી હતી. બી. ડી. એન્ડ કું. ના માલિક અને રાષ્ટ્રિય કલા કેન્દ્રના સહમંત્રી ભરત ભાવસારના અમો ઋણી છીએ. અત્રે નોંધવુ જરૂરી કે પ્રતિવર્ષ આશરે રૂ. ૫૫,૦૦૦ ના ઈનામો બી. ડી. એન્ડ કું દ્વારા આપવામાં આવ્યા હતા. આમ નાટય પ્રવૃત્તિના પ્રસાર અને સંવર્ધન માટે સંસ્થા કાર્યરત રહી છે.

નાટય પ્રવૃત્તિની સાથે સાથે સુરતમાં અને ખાસ કરીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી યુથ ફેસ્ટીવલમાં "મોનો એકટિંગ" એટલે કે "એકપાત્રિય અભિનય" એ પણ આગવું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. અત્યાર સુધી કેટલાક નામી નાટય લેખકો પાસેથી સ્ક્રીપ્ટ મેળવીને કલાકારો "એકપાત્રિય અભિનય" કરતા રહ્યાં. પણ "મોનો એકટિંગ" માટે કોઈ પુસ્તક નહોતું એટલે વિચાર આવ્યો કે "મોનો એકટિંગ લેખન સ્પર્ધા" નું આયોજન કરવામાં આવે તો નવી મોનો એકટિંગની સ્ક્રીપ્ટ લખાય અને સાથે એને પુસ્તકના સ્વરૂપમાં પ્રકાશિત કરી એક દસ્તાવેજ બનાવવામાં આવે તો ભવિષ્યના કલાકારોને સ્ક્રીપ્ટ મળી રહે. અમને આનંદ એ વાતનો છે કે અમારા આ પ્રથમ પ્રયાસને નાટયકારો અને લેખકોનો સહકાર પ્રાપ્ત થયો અને મોનો એકટિંગની ૪૩ સ્ક્રીપ્ટ અમને સ્પર્ધા માટે મળી. એ સ્ક્રીપ્ટનું સંપાદન કરી ઈ-પુસ્તક સ્વરૂપે અહીં પ્રકાશિત કરવામાં આવ્યું છે.

આ મોનો એકટિંગ લેખન સ્પર્ધામાં લેખકો અને નાટયકારોનો સંપર્ક કરી એમની પાસેથી કૃતિઓ મેળવવામાં, અમારી સાહિત્ય સમિતિના કન્વીનર યામિની વ્યાસ તથા સભ્યશ્રીઓ પુર્ણિમા ભટ્ટ અને દીલીપ ઘાસવાળાએ જહેમત ઉઠાવી છે તે સરાહનીય છે.

મોનો એકટિંગ લેખન સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપનાર વિપિનભાઈ કીકાણી અને યામિની વ્યાસની સંસ્થા ઋણી છે.
આ ઈ-પુસ્તકના મુખપૃષ્ઠની ડિઝાઈન, અમારી સંસ્થાની ચિત્રકળા સમિતિના કન્વીનર રાજર્ષિ સ્માર્તએ કરી છે. સુંદર કવર પેજ માટે એમને અભિનંદન સાથે આભાર.

રાષ્ટ્રિય કલા કેન્દ્ર માટે આનંદની વાત છે કે નાટયવિદ્ અને પ્રશિષ્ઠ નાટય શિક્ષક ડૉ. મહેશભાઈ ચંપકલાલના વરદ્ હસ્તે આ 'મોનો એક્ટિંગ' ના પ્રથમ ઈ-પુસ્તકનું વિમોચન તા. ૨૩-૧-૨૦૨૧ ના રોજ થયુ છે. અમો ડો. મહેશભાઈ ચંપકલાલનો અંત:કરણપૂર્વક આભાર માનીએ છીએ.

નરેશ કાપડીઆ સુરતની રંગભૂમિનું ખૂબ જાણીતું નામ છે. તેઓ સારા નાટયકાર અને દિગ્દર્શક છે. એમની જહેમતના કારણે જ આ "મોનો એકટીંગ લેખન સ્પર્ધા" અને "ઈ-પુસ્તક" શક્ય બન્યું છે. આ ઈ- પુસ્તકના સંપાદનમાં અથાક મહેનત કરનાર મિત્ર નરેશ કાપડીઆનો ખૂબ ખૂબ આભાર.

સંસ્થાના તમામ હોદ્દેદારો અને કારોબારીના તમામ સભ્યોના સહકાર વિના, આ ઈ-પુસ્તકનું પ્રકાશન શક્ય નહોતું, તે તમામનો પણ આભાર.

**રૂપીન પચ્ચીગર**

**મહામંત્રી**

**૨૩.૦૧.૨૦૨૧**

# સંપાદકીય

મોનો એક્ટિંગ. મોનો નો રોમન અર્થ છે વન. યાને મંચ પર એક કલાકાર જયારે અભિનય કરે છે ત્યારે તે મોનો એક્ટિંગ બને છે. એ કલાકાર એક પાત્ર ભજવે કે અનેક પાત્રો ભજવે, બંને મોનો એક્ટિંગ છે. સિત્તેરના દાયકાની શરૂઆતથી મને મોનો એક્ટિંગ કરવાનો મોકો સતત મળતો રહ્યો છે. અમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાયેલા 'મોનો એક્ટિંગ તાલીમ શિબિર'માં ઉભરાટ મુકામે વજુભાઈ ટાંક અને પ્રો. જ્યોતિ વૈદ્ય પાસે એનો હુનર શીખ્યા હતા. એ પણ યાદ છે કે એ શિબિરના અંતે અમે સૌએ એક પ્રસ્તાવ પસાર કરીને યુનિવર્સિટી અને ગુજરાત સરકારને લેખિત રજૂઆત કરી હતી કે તેમના યુવક મહોત્સવોના નિયમમાંથી 'એકપાત્રીય અભિનય' સ્પર્ધાનું નામ બદલીને 'એકવ્યક્તિ અભિનય' કરવું જોઈએ એવું સુચન કર્યું હતું. જેથી કલાકાર એક યા અનેક પાત્રો ભજવી શકે, તેને વધુ અવકાશ મળે.

સિત્તેરના એ દાયકાના મધ્ય ભાગે અમારા મિત્ર નિખીલ મદ્રાસીએ તેમની 'પરિવર્તન' નામની યુવાનોની સંસ્થામાં પહેલી વાર 'એકપાત્રીય અભિનય સંગ્રહ'નું સંપાદન અમને સોંપ્યું હતું. ત્યારે ગુજરાતીમાં ટાઈપ કરીને તેને સાયકલોસ્ટાઈલ દ્વારા અમે તે સંગ્રહ બનાવ્યો હતો, આજે તેને પુસ્તક આકાર આપવાનું કાર્ય કરીએ છીએ.

સુરતના કલાકારો નસીબદાર કે તેમને પ્રો. જ્યોતિ વૈદ્ય જેવાં લેખક મળ્યા. તેમણે અમને આપણા પુરાણો અને ઇતિહાસ ઉપરાંત ગ્રીક અને અંગ્રેજી નાટકોના મહાન પાત્રોની મોનો એક્ટિંગ લખી આપી હતી. જયારે રાજ્ય યુવક મહોત્સવમાં મોનો એક્ટિંગ રૂપે 'મદારી', 'દારુડીયો' કે 'ભિખારી'ના પાત્રો ફાઈનલમાં આવતાં હતા ત્યારે અમે 'ક્લીટમનેસ્ટ્રા', 'તુગલખ', 'તલવારની ધાર પર' (ફીડલર ઓન ધ રૂફ) કે 'અભિનેત્રી' ભજવતા હતા. એ રીતે અમે સૌ વિશ્વ રંગભૂમિનો સ્પર્શ પામ્યાં. પછી એનો ટ્રેન્ડ ચાલતો રહ્યો. એક બનાવ યાદ આવે છે. ગુજરાત સમાચાર અખબારમાં વિદેશના એક સિંગલ કોલમના સમાચાર હતા, 'જ્યાં માનસિક અસ્વસ્થ વૃદ્ધોને રખાતા હતા, એવા એક એસાયલમમાં આગ લાગતા ચાર વૃદ્ધો સ્વાહા થઇ ગયાં હતાં.' બસ, વૈદ્ય સાહેબે એ ચાર વૃદ્ધોની આખરી ક્ષણોની કલ્પના કરીને અમને 'સમાચાર' નામની મોનો એક્ટિંગ લખી આપી હતી. અમે બે ત્રણ કલાકારો મળી પાંચ-સાત મોનો એક્ટિંગ અનેક લાયન્સ ક્લબ કે રોટરી ક્લબની સભાઓમાં જઈને ભજવતા હતા, વર્ષો સુધી. મારે ભાગે તેમાં ખાસ કરીને મનોરંજક કૃતિ કરવાનું આવતું. તમામ યુવક મહોત્સવોમાં આ કૃતિઓ વિજેતા પણ બનતી.

ગયા દાયકામાં પ્રા. વૈદ્યની યાદગાર મોનો એક્ટિંગનું સુરતના સાહિત્ય સંગમમાં 'મોનો એક્ટિંગ' નામનું પુસ્તક બનાવ્યું, જે આજે અપ્રાપ્ય છે, તેનું પુન:પ્રકાશન થવું જોઈએ.

હકીકતમાં મંચ પર મોનો એક્ટિંગ કરવી એ નાટકના અભિનય કરતાં ખુબ કઠીન છે. નાટકમાં તમને અન્ય પાત્રોની પ્રતિક્રિયા મદદ કરે છે, લાઈટ-સાઉન્ડ-મેકઅપ-સેટિંગ્સ જેવાં ઉપકરણોની સહાય મળે છે. આ બધાં વિના તમારું પાત્ર કે કથા તમારા પ્રેક્ષકોના મન સુધી પહોંચાડવામાં કુનેહની જરૂરત પડે છે. એવું જ મોનો એક્ટિંગ લેખનનું પણ છે. પણ ઉલટોક્રમ જુઓ, ઘણાં યુવાન કલાકારો અભિનયની શરૂઆત જ મોનો એક્ટિંગથી કરે છે, જે તેઓ વિશાળ અનુભવ બાદ કરે, તો વધુ સારી રીતે કરી શકે. આજે નીવડેલા કલાકારો વિવેકાનંદ, ચાણક્ય કે મરીઝ જેવાં ચરિત્રોને તમામ ઉપકરણોની મદદથી એકલપંડે રજુ કરે છે. આવું વધુને વધુ થવું જ જોઈએ.

યામિનીબેન વ્યાસ સાથે અમે થોડા પ્રયોગો કર્યાં, જેમાં વાર્તાઓને મોનો એક્ટિંગ રૂપે રજુ કરી. વાર્તાના પુસ્તકના લોકાર્પણનાં કાર્યક્રમોમાં એમાંની બે-ત્રણ વાર્તાઓ આ રીતે દર્શકો સમક્ષ રજુ કરીને વાચકોમાં એ પુસ્તક વાંચવાની જિજ્ઞાસા જગાડી છે. ડૉ. ભારતીબેન રાણેનાં પ્રવાસ વર્ણનના પુસ્તકના લોકાર્પણ પ્રસંગે યામીનીબેને 'ઇટલી' નામના દેશને જ પાત્ર બનાવ્યું અને દીકરી ઋચાએ તે યાદગાર રૂપે રજુ પણ કર્યું. આવાં વધુને વધુ પ્રયોગો કરવા જોઈએ. અમે સુરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની સ્કુલોના સાંસ્કૃતિક મહોત્સવ સમી સ્પર્ધાઓમાં વિદ્યાર્થી જે વિષયો કે મુદ્દાઓ ભણે છે તેને મોનો એક્ટિંગ કે નાટક રૂપે રજુ કરવા માટે શિક્ષકોની મદદ લીધી અને ૫-૭ વર્ષ સુધી આ થિયેટર ઇન એજ્યુકેશન પ્રવૃત્તિ સફળતાથી થઇ પણ ખરી, ૨૦૦૭માં એનો આરંભ પણ રૂપીનભાઈની અધ્યક્ષતામાં જ થયો હતો. એમણે સોસાયટીની ૧૯ શાળાઓમાં પાઠ્યપુસ્તક આધારિત નાટ્ય સ્પર્ધાની શરૂઆત કરી હતી. ઇતિહાસ, વિજ્ઞાન, ગુજરાતીના પાઠનું નાટ્ય રૂપાંતર કરાવી એ નાટકોની સ્પર્ધા યોજી એમણે શાળા શિક્ષણમાં 'થિયેટર ઇન એજ્યુકેશન'નો પ્રયોગ કર્યો હતો. એમાં જેઓ ભાગ લેતા, તે યુવા કલાકારો કહેતા કે તે વાર્તાઓ, પાત્રો, પ્રસંગો, માહિતીઓ જેને તેમણે નાટક કે મોનો એક્ટિંગ રૂપે રજુ કરી છે, તે હવે જીવનભર નહીં ભૂલે.

હવે આ ઈ-પુસ્તકની વાત. મિત્ર રૂપીન પચ્ચીગરના નેતૃત્વમાં અમે રાષ્ટ્રીય કલા કેન્દ્રના નેજા હેઠળ 'કોરોનાકાળનાં કાવ્યો' ઈ-પુસ્તક સંપાદિત કર્યું, જેમાં અમે વિક્રમજનક કૃતિઓ આવરી શક્યાં. ત્યાર બાદ 'કોરોનાકાળની સત્યકથાઓ'નું પુસ્તક તૈયાર છે, જેમાં નામી-અનામી લેખકોએ આ કપરા કાળના અનુભવો વર્ણવ્યા છે અને તે પણ સવાચારસો પાના જેટલું મોટું છે. આભાર મિત્ર રૂપીનનો કે 'આપણે

મોનો એક્ટિંગ લેખન સ્પર્ધા’ કરીએ એવા અમારા સૂચનને વધાવી લીધું. સાહિત્ય સમિતિના કન્વીનર યામિની વ્યાસ અને અન્ય મિત્રોનો જબરો સહકાર મળ્યો. ખુબ બધી કૃતિઓ આવી. એમાંની ઘણી તો મોનો એક્ટિંગનાં દાયરામાં જ નહોતી આવતી, તેને બાજુએ પણ મૂકી. છતાં, અનેક શહેરો-ગામોમાંથી ઉત્સાહી લેખક ભાઈ-બહેનો કલમને કસવા ઉત્સુક છે તે ખુબ આવકારદાયક બાબત છે. તેમણે અગર આજે મોનો એક્ટિંગ લખવાનું શરુ કર્યું છે તો આ ઈ-પુસ્તક સૌના હાથમાં ગયાં બાદ તેઓ વધુ સારી કૃતિઓ લખશે એવો આશાવાદ અસ્થાને નથી.

અમારા આગ્રહને વશ થઈને ડૉ. મહેશભાઈ ચંપકલાલ અને ડૉ. વિપિનકુમાર કીકાણી તથા યામિનીબેન જેવાં દિગ્ગજ નાટ્ય શિક્ષકો-લેખકો-અભિનેતાઓએ આ ઈ-પુસ્તકમાં મોનો એક્ટિંગનાં ખ્યાલને વધુ સ્પષ્ટ કરી આપ્યો છે. તેમનો આભાર. તે જરૂર ઉપયોગી બનશે.

આ ઈ-પુસ્તકનું સંપાદન કરવાની તક આપવા બદલ રાષ્ટ્રીય કલા કેન્દ્ર અને ખાસ તો રૂપીનભાઈ પચ્ચીગરનો આભાર. છતાં, આ એક વિનમ્ર શરૂઆત છે. આવા વધુને વધુ પુસ્તકો બનવા જોઈએ. તાલુકા અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓનાં વિદ્યાર્થીઓ-શિક્ષકો સુધી તે પહોંચવા જોઈએ, શિક્ષકોને તેના લેખન તરફ વળવા પ્રોત્સાહિત કરવા જોઈએ તો મોનો એક્ટિંગની સ્ક્રિપ્ટની ખોટ નહીં રહે. શુભકામનાઓ.

નરેશ કાપડીઆ – સુરત – ૯૯૦૯૯ ૨૧૧૦૦

# અનુક્રમ


૦૧. ડૉ. મહેશ ચંપકલાલ – એકપાત્રી અભિનયના ત્રણ મૂળભૂત સ્વરૂપો ૧૦

૦૨. નિર્ણાયકોની નજરે – ડૉ. વિપિનકુમાર કીકાણી અને યામિની વ્યાસ ૧૫

૦૩. અલ્પા વસા – ભીખલી ૧૭

૦૪. અનિલ ભાવસાર 'યોદ્ધા' - અમાનવીય માનવ ૧૯

૦૫. અનિલ ભાવસાર 'યોદ્ધા' – નિષ્ફળતાની તાકાત ૨૧

૦૬. અનિલ ભાવસાર 'યોદ્ધા' – સુખ એક શોધ ૨૩

૦૭. અનિલ દવે – મારો અતૃપ્ત આત્મા ૨૫

૦૮. અતુલ ડામોર – મનની વ્યથા ૨૬

૦૯. અવનિ દવે – ચેતના ગણાત્રા 'ચેતુ' – સુમન ૨૭

૧૦. ચિરાગ પાધ્યા – ભારત માતાની વ્યથા ૨૯

૧૧. દાયમા – જશપાલ સિંહ – દીકરીની આપવીતી ૩૧

૧૨. ધાર્મિક પરમાર 'ધર્મદ' – દાદીમાનું અંધારું ૩૨

૧૩. દિલીપ વી. ઘાસવાલા – મારા સત્યના પ્રયોગો ૩૪

૧૪. દિલીપ વી. ઘાસવાલા – પથરો ૩૭

૧૫. ડો. દિલીપ શાસ્ત્રી - હું અને ઘર ૪૦

૧૬. **हर्षित उपाध्याय अंधकार** ૪૨

૧૭. હિરછાંય – ઉર્મિલા ૪૪

૧૮. કલ્પના અજય નાયક – પ્રેમનું પ્રતિક ૪૫

૧૯. મહેશ ધીમર ‘જ્યોત’ – બૃહાનલ્લા ૪૭

૨૦. નરેશ કાપડીઆ - વ્યાસ કાકા ૪૯

૨૧. નરેશ કાપડીઆ - હરાજી ૫૨

૨૨. નરેશ કાપડીઆ – લડવું નહીં ૫૫

૨૩. નિલેશ નાકરાણી – ધર્માદો ૫૮

૨૪. નિરંજના જોશી – કદામ્બરીની મા ૬૦

૨૫. પારુલ બારોટ – રાધા ૬૨

૨૬. પીના પટેલ ‘પીન્કી’ – ગરીબી ૬૪

૨૭. પ્રજ્ઞા વખારીઆ – હું શાંતિલાલ આઝાદ ૬૫

૨૮. પુનીત લોટવાલા – યાર-દોસ્ત ૬૭

૨૯. પુનીત લોટવાલા – ખેલ ૭૨

૩૦. પૂર્ણિમા ભટ્ટ – મંજરી ૭૬

૩૧. પૂર્ણિમા મુનસફ – કુંતીનું આક્રંદ ૭૮

૩૨. પૂર્ણિમા મુનસફ – સૂત પુત્ર કર્ણ ૮૦

૩૩. રાહુલ પરમાર - ? માર્ક ૮૩

૩૪. સંકલ્પ કુલકર્ણી – બા ૮૪

૩૫. શાંતિ બામણીયા – ભૂખ્યું બાળક ૮૮

૩૬. તન્વી ટંડેલ – મને ઓળખી? ૯૦

૩૭. વિભૂતિ લુંભાણી – અર્ચના બોલે છે ૯૧

૩૮. વિભૂતિ લુંભાણી – ડોક્ટરની આપવીતી ૯૩

૩૯. વિભૂતિ લુંભાણી – કલમ ૯૫

૪૦. વિભૂતિ લુંભાણી – વ્હાલસોયીની વ્યથા ૯૬

૪૧. વિજય ગોસ્વામી – માતૃ દેવો ભવ: ૯૭

૪૨. યુગલ પંડિત – છબીલી વણઝારાણ ૯૯

૪૩. યુગલ પંડિત – કાળ ભૈરવ ૧૦૨

૪૪. યુગલ પંડિત – શૂર્પણખા ૧૦૫

૪૫. ઝરણા પાઠક – સહદેવ ૧૦૯

# એકપાત્રી અભિનયનાં ત્રણ મૂળભૂત સ્વરૂપો

ડૉ. મહેશ ચંપકલાલ

ગુજરાત યુનિવર્સિટી અને અન્ય યુનિવર્સિટીઓ પણ દર વર્ષે લલિત કલાઓ સાથે સ્કિટ, માઈમ અને એકપાત્રી અભિનયની સ્પર્ધા/પસંદગીનું આયોજન કરે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આ બધી જ પ્રવૃત્તિઓ માત્ર હિતાવહ જ નહી, અનિવાર્ય પણ છે. પરંતુ દુ:ખની વાત એ છે કે આ સમગ્ર પ્રવૃત્તિ માત્ર ઔપચારિક બનીને જ રહી ગયેલી છે. વર્ષોથી આ લઢણ ચાલી આવે છે. માટે ચલાવવી અથવા તો છૂટકો નથી માટે ચલાવવી એવા વલણથી જ વર્ષના ચાર-પાંચ દિવસ માટે આ વિધિ કરવામાં આવે છે.

અનેક વખત આ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે જવાની તક મળી છે. ઘણી વખત આને લગતી કાર્યશિબિરોમાં વક્તા કે સંચાલક તરીકે પણ આમંત્રણ મળ્યું છે. દરેક વખતે સાથી – નિર્ણાયક કે સાથી – સંચાલક સાથે આ સમગ્ર પ્રવૃત્તિ વિષે ગંભીર ચર્ચાઓ કરી છે. લગભગ દરેક જણે વિષાદ અને નિરાશાનો જ સૂર કાઢ્યો છે અને કામ પતી ગયા પછી બધું જ ભુલાઈ જતું હોય છે. છતાંય એમ લાગે છે કે હજી ક્યાંક આશા છે. હજી આ યુવાનોમાં કશુંક સારું કરવાનો ઉત્સાહ અને જિજ્ઞાસા છે. પ્રશ્ન છે યોગ્ય માર્ગદર્શનનો, એમને સારાં, અધિકૃત પુસ્તકો અથવા માહિતી સરળતાથી પ્રાપ્ત થાય એવી સગવડ ઊભી કરવાનો.

આપણે ત્યાં આમ પણ નાટયવિષયક પુસ્તકોનો અભાવ છે. એમાં પણ સ્કિટ, માઈમ કે એકપાત્રી અભિનયને લગતાં સ્વતંત્ર પુસ્તકો કે અભ્યાસલેખો લગભગ નથી એમ કહીએ તો પણ ચાલે. કલાના આ ક્ષેત્રોના વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે છતાં અધિકૃત હોય એવી માહિતી ઉપલબ્ધ થાય, એને લગતી સારી સ્ક્રિપ્ટ પણ પ્રાપ્ત થાય તો કદાચ રજૂઆતનું ધોરણ સુધરે. આ કલાઓમાં વિદ્યાર્થીઓનો રસ કેળવાય અને વર્ષમાં માત્ર એકાદ વખત જ નહીં, પરંતુ વારંવાર, કોલેજોના વાર્ષિક ઉત્સવોમાં કે નાનામોટા શૈક્ષણિક-સાંસ્કૃતિક પ્રસંગોએ પણ એમને રજૂ કરવાનું મન થાય તે માટે પણ એકપાત્રી અભિનયના મૂળભૂત સ્વરૂપને સ્પષ્ટ કરી આપવું જરૂરી છે.

## એકપાત્રી અભિનય

એકપાત્રી અભિનયની વાત આવતાં જ વિવિધ સ્પર્ધાઓમાં રજૂ થતા ભિખારી, પાગલ કે ડ્રગ-એડિક્ટના વાહિયાત રીતે ભજવાયેલા એકપાત્રી અભિનય સ્મરણમાં આવી જાય છે. પરંતુ વિદ્યાર્થીઓએ અને અન્ય રસિકોએ સમજવાની જરૂર છે કે એકપાત્રી અભિનયનો અર્થ આના કરતાં ઘણો વ્યાપક અને ઘણો ઊંડો છે. રજૂઆતની આ રીત અત્યંત કલાત્મક અને અભિનેતાની કસોટી કરનારી છે. બે પાંચ મિનિટમાં જ રજૂ થયેલા આવા અભિનયમાં રસનિષ્પત્તિની અદ્દભુત શક્તિ અને શક્યતાઓ રહેલી છે. સમગ્ર નાટકને રજૂઆત માટે તૈયાર કરવામાં જેટલી સજ્જ સમજ અને શક્તિની જરૂર છે. એટલી જ સમજ અને શક્તિ આમાં પણ મૂકવામાં આવે તો એકપાત્રી અભિનયની રજૂઆત પૂર્ણ નાટકની રજૂઆત જેટલો જ આનંદ આપી શકે.

ગુજરાતી ભાષામાં 'એકપાત્રી અભિનય' શબ્દ, મોનો એક્ટિંગના પર્યાયરૂપે પ્રયોજાય છે. વાસ્તવમાં મોનો એક્ટિંગ  એટલે તો એક નટ કે એક નટી દ્વારા થતો અભિનય. રંગમંચ પર એક જ નટ કે નટી હોય અને તે કાં તો એક જ પાત્રના મનોભાવ રજૂ કરતો હોય જેમ કે શેકસપિયરના 'હેમ્લેટ' નાટકમાં હેમ્લટની 'ટુ બી ઓર નોટ ટુ બી' થી શરૂ થતી ઉક્તિ અથવા તો પછી અન્ય પાત્રો રંગમંચ પર સાક્ષાત હાજર ન હોય પણ પાત્રની ઉક્તિ દ્વારા સૂચવાતા હોય જેમ કે ભાસકૃત 'દૂતવાક્યમ્' માં દુર્યોધનની ઉક્તિ. આ ઉપરાંત ત્રીજી શક્યતા પણ રહેલી છે જેમાં રંગમંચ પર એક જ નટ કે નટી, એક કરતાં વધારે પાત્રો ભજવતા હોય જેમ કે જ્યંતિ પટેલનું 'મારા અસત્યના પ્રયોગો' કે પુ. લ. દેશપાંડેનું 'બટાટાચી ચાલ'. અહીં એક જ પાત્ર વિવિધ પાત્રના અશરીરમાં પ્રવેશીને નાટકના પ્રસંગોને વર્ણવે છે. આ ત્રણે ઉદાહરણો આપણે વિગતે જોઈએ.

'હેમ્લેટ' નાટકના ત્રીજા અંકના પહેલા પ્રવેશમાં 'હેમ્લેટ' ના મનની ડોલાયમાન સ્થિતિ આ રીતે નિરૂપાઈ છે:

હેમ્લેટ : જીવું ? મરું ? મહા પ્રશ્ન એક એ, મુઝવે મને. દુર્ભાગ્યના સહેવા ઘા, વજ્ર શા અપમાનના શ્રેષ્ઠ કે બાથ ભીડવી આપત્તિ ઓઘ સાથ ને આણવો અંત એ તણો ? મરવું : ઊંઘવું અરે, નવ વિશેષ. ને અંત, જો ઊંઘથી અણાય એ હ્રદય ખટકા અને દેહ જન્મેલ દુ:ખનો, પ્રાર્થવો ધન્ય અંત એ. મરવું : ઊંઘવું અરે; ઊંઘવું : સ્વપ્નયે જોવાં, ડંખ તો ત્યાં જ છે ખરો. માનવ ખોળ મૂકતાં, મૃત્યુની ઘોર નિંદમાં, સ્વપ્નો કેવાંક આવશે. થંભાવતો વિચાર ને એ ખ્યાલના બળે દુ:ખો જિંદગીનાં ખમે સહુ. શા સારુ સાંખવા બાકી, કાળના કટુ ચાબખા; જુલ્મી સિતમો સત્તાના; ગર્વીના તુચ્છકારને; પ્રેમ ચિત્કારની પીડા; કાયદાના વિલંબને; તુમાખી અધિકારીની; જે અપમાન ધૈર્યથી ગુણવાન સહે વળી, કુપાત્ર જન હાથથી; જો એ સૌ ત્રાસનો અંત આણી શકે સહેજ એ એક ઘાથી કટારના? શા માટે ભાર એ વહે કાંસતી સ્વેદ સારતી શ્રમિત જિંદગી તણો? મૃત્યુ પછી? વિચાર એ ભયભીત બનાવતો, જવું અગમ્ય દેશમાં જ્યાં ગયો પાન્થ કો અહીં પાછો નવ ફરે ક્દી, એ જ ખ્યાલ મુંઝાવતો, ને શીખવાડતો સાંખો,

દુ:ખો આ લોકનાં; નવ ઊડજો શોધવા બીજાં જેનું જ્ઞાન નહીં જરા. આમ વિચારથી, સહુ માનવ થાય બીકણ, મુળ સંકલ્પના રંગો સ્વાભાવિક વળી દૃઢ, ફિક્કા ચિંતનના રંગો ભળતાં, નબળા બને. મહત્વના વિચારેલાં, મહાભારત સાહસો, બદલાતાં તરંગના પ્રવાહો, વક્ર થાય ને કાર્યમાં ના પરિણમે, મનનું મનમાં શમે, શાન્ત! (ઓફેલિયા આવે.) સુંદરી! પ્રાર્થના મહીં મુજ સંભારજે દોષો પ્રભુની યાચજે ક્ષમા.
(અનુ: શ્રીમતી હંસાબેન મહેતા)

'હેમ્લેટ' ની આ ઉક્તિને સ્વગત-ઉક્તિ અથવા Soliloquy કહે છે. સ્વગત-ઉક્તિ એવા પ્રકારની ઉક્તિ છે જે પાત્રના મનને, તેના વિચારોને, તેની લાગણીઓને વાચા આપે છે, વ્યકત કરે છે. અહીં નટ પોતાના અભિનય વડે હેમ્લેટના આંતરદ્વંદ્વને, વિચાર અને લાગણીના તુમુલ યુદ્ધને અસકારક રીતે રજૂ કરી શકે છે. આ પ્રકારની ઉક્તિમાં નટ એક જ પાત્રના મનોભાવો પ્રગટ કરતો હોય છે.

સંસ્કૃતમાં નાટકોમાં 'આકાશવચન' પ્રકારની પ્રયોગરૂઢિ પ્રયોજાય છે. જેમાં રંગમંચ ઉપર સ્થિત એક જ પાત્ર અદ્દશ્ય પાત્રોને પૂછી અને તેના કાલ્પનિક જવાબોનું પુન:કથન કરી સંભાષણ ચલાવે છે.

રંગમંચ ઉપર સ્થિત પાત્ર, અદ્દશ્ય રહેલા પાત્રને પૂછે છે, “તમે શું કહો છો?” અને પેલા અદ્દશ્ય રહેલા પાત્રે કશું ન કહ્યું હોવાં છતાં જાણે એ કાલ્પનિક પાત્રે કશો જવાબ આપ્યો હોય એવી કલ્પના કરી, એવો દેખાવ કરી, રંગમંચ ઉપર સ્થિત પાત્ર તે જવાબનું પુન:કથન કરે છે.

ભાસકૃત 'દૂતવાક્યમ્' માં રંગમંચ ઉપર સ્થિત દુર્યોધન અન્ય અદ્દશ્ય પાત્રો સાથે સંભાષણ કરતી વેળા 'આકાશવચન' પ્રકારની નાટયોક્તિ પ્રયોજે છે.

દુર્યોધન : શ્રીમાન વૈકર્ણ અને શ્રીમાન હર્ષદેવ કહો – મારી પાસે અગિયાર અક્ષૌહિણી સેનાનો સમુદાય છે, આનો સેનાપતિ થવા કોણ યોગ્ય છે? શુ તમે એમ કહેવા માંગો છો કે, “આ તો ગંભીર વિષય છે, મંત્રણા કરી મત આપવો જોઈએ?” બરોબર છે. તો આવો, મંત્રસભાસ્થાનમાં પધારો. આચાર્ય નમસ્કાર કરું છું. આપ મંત્રસભાસ્થાનમાં પધારો. દાદાજી, નમસ્કાર કરું છું. મંત્રસભાસ્થાનમાં પધારો. મામા, નમસ્કાર કરું છું. આપ મંત્રસભાસ્થાનમાં પધારો. શ્રીમાન વૈકર્ણ અને શ્રીમાન હર્ષદેવ, તમે અંદર આવો. અરે ઓ સર્વ ક્ષત્રિયો, તમે બેધડક અંદર આવો. મિત્ર કર્ણ, ચાલ અંદર જઈએ. (પ્રવેશ કરી) આચાર્યજી, આ કૂર્માસન બિરાજો દાદાજી. આ સિંહાસન, બિરાજો. મામા, આ મૃગચર્માસન બેસો. શ્રીમાન વૈકર્ણ ને શ્રીમાન હર્ષદેવ, તમે બેઉ બેસો. અરે ઓ સર્વ ક્ષત્રિયો, તમે બેધડક થઈ બેસો. “મહારાજ બિરાજ્યા નથી” એમ કહો છો કે? સેવાધર્મની શી વાત કરું? તો ત્યારે, હું બેસું છું. મિત્ર કર્ણ, તું બેસ. (બેસી) શ્રીમાન વૈકર્ણ અને શ્રીમાન હર્ષદેવ કહો, મારી પાસે અગિયાર અક્ષૌહિણી સેનાનો સમુદાય છે. આનો સેનાપતિ થવા કોણ યોગ્ય છે ? “ગાંધારરાજ શકુનિ કહેશે.” એમ કહેવા માંગો છો કે? ઠીક છે. મામા કહે “પૂજય ગાંગેય, ભીષ્મજી બિરાજે ત્યાં સેનાપતિ થવા બીજા કોણ યોગ્ય છે?”

એમ મામા કહે છે કે? મામા બરોબર કહે છે. ઠીક છે, ઠીક છે, દાદાજી જ સેનાપતિ થાઓ. અમારી પણ એ જ અભિલાષા છે.

(અનુવાદ: શ્રી કે. કા. શાસ્ત્રી)

દુર્યોધન, પોતાની અગિયાર અક્ષૌહિણી સેનાનો સેનાપતિ કોણ થાય તેની મંત્રણા કરવા માટે વૈકર્ણ, હર્ષદેવની સાથે મંત્રણા ભવનમાં આવે છે અને દ્રોણાચાર્ય, ભીષ્મ પિતામહ, માતુલ શકુનિનું અભિવાદન કરે છે. વિવિધ મંતવ્યો જાણી અંતે ભીષ્મ પિતામહને સેનાપતિ થવા વિનવે છે. આટલો જ પ્રસંગ છે. તે માટે વૈકર્ણ, હર્ષદેવ, દ્રોણ, ભીષ્મ, શકુનિ અને બીજા અનેક રાજવીઓનો મંચ ઉપર પ્રવેશ કરાવવો એકાંકી જેવા સ્વરૂપ માટે ઉચિત નથી. અને એટલે જ ભાસે આ બધા પાત્રોનો સાક્ષાત્ પ્રવેશ ટાળી માત્ર દુર્યોધનની 'આકાશવચન' પ્રકારની પ્રયોગરૂઢિના વિનિયોગ દ્વારા સમગ્ર દ્દશ્ય નાટયાત્મક બનાવ્યું છે. રંગમંચ ઉપર દુર્યોધન બનતો એક જ નટ છે જે વૈકર્ણ, હર્ષદેવ, દ્રોણ, ભીષ્મ, શકુનિ અને અન્ય રાજવીઓ જેવાં સૂચિત પાત્રોને પોતાના અભિનય દ્વારા ઊભાં કરે છે. તે વૈકર્ણ, હર્ષદેવ વગેરે પાત્રો ભજવતો નથી પણ પોતાની ઉક્તિ દ્વારા તેમની ઉપસ્થિત સૂચવે છે.

હવે આપણે ત્રીજું ઉદાહરણ લઈએ. શ્રી જયંતિ પટેલ 'રંગલો' ના લોકપ્રિય 'વન મેન શો' અથવા 'મોનો પ્લે' માં એક જ નટ જયંતિ પટેલ, એક પાત્રમાંથી બીજા પાત્રમાં સહજતાથી અને સહ્રદયતાથી પ્રવેશે છે. અહીં ભજવનારો એક જ છે અને પાત્રો અનેક છે. પણ તે સરલતાથી, સહજતાથી પાત્રની કાયામાં પ્રવેશ કરે છે અને એટલી જ ઝડપથી બહાર નીકળી જાય છે. જુઓ આ ઉક્તિ (ભવાઈ શૈલીમાં સંગીત વાગે છે. જયંતિ પટેલ રંગમંચ ઉપર પ્રવેશે છે.)

જયંતિ પટેલ : હું જન્મ્યો તે પહેલાં જગતમાં અંધારું હતું. હું જન્મ્યો (પ્રકાશ પથરાઈ જાય છે.) જગતને ખબર પડી ગઈ કે હું જન્મ્યો છું.  તેની સાથે જ ફરી એકવાર અંધારું થઈ જાય છે. (સ્ટેજ ઉપર અંધારું છવાઈ જાય છે.) આ અંધારાના અજવાળામાં મને જ્ઞાન થયું. જે બુદ્ધને થયું. જે શંકરાચાર્યને થયું. અરે! આચાર્ય રજનીશનું પુસ્તક સેકસથી સમાધિ વાંચ્યા વિના જે સમાધિજ્ઞાન રજનીશજીને થયું તે જ્ઞાન મને થયું...

નમસ્તે ગુરુજી. (હું પહોંચ્યો મારા ગુરુજી પાસે.) મને ખબર છે તું શા માટે આવ્યો છે મારી પાસે, આપ તો અદ્દભૂત છો ગુરુજી! કેવી રીતે ખબર પડી આપને કે હું શા માટે આવ્યો છું આપની પાસે? નાલાયક! શું તું મારો ગુરુ છે? સમજી લે, બરાબર સમજી લે, આ જગતમાં કોઈ તારું નથી. તારો બાપ તારો બાપ નથી; મા, મા નથી. તારી બૈરી તારી બૈરી નથી, અરે! દીકરો દીકરો નથી. આ સંસારમાં કોઈ જ તારું નથી.

'ગુરુજી, માફ કરજો. આપનું પહેલું વાકય બરાબર નથી. શું મારો બાપ મારો બાપ નથી? 'બેટા! શબ્દને શાનો પકડે છે? શબ્દની પાછળ રહેલી વ્યંજનાને પકડ. બેવકૂફ, મેં તને ગંગા પકડ એમ કહ્યું,

ગંગા નદીને બદલે કામવાળી બાઈ પકડી લાવ્યો...!!' 'સમજ', ગુરુએ કહ્યું "સત્યના પ્રયોગો સમજવા હોય તો અસત્યના પ્રયોગ સમજવા પડે, કરવા પડે... જા... હમણાં ને હમણાં તારે ઘેર જા. તારી બૈરી પાસે જા. મરી ગયો છે એવો ઢોંગ કર. પછી હું તને જે કહું છું તેની પાછળનું સત્ય સમજાશે. (નમસ્તે કરી ઘર તરફ પ્રયાણ.) ગીત ગણગણતો ઘરમાં પ્રવેશ કરે છે. (ગીતના શબ્દો સ્પષ્ટ થાય એ રીતે ગાય છે.) તમે કહેશો કે નાલાયક! મરવાનો થયો છે ને ગીત ગાય છે? શું તું તારી જાતને હિંદી ફિલ્મનો હીરો સમજે છે? જે મરતાં પહેલાં બેઠો થઈને ગીત ગાય અને ગીત પૂરુ કર્યા પછી મરી જાય! તમે સમજ્યા નહિ? સમજાયું. આપણે મરી જવાના હોઈએ તેની આપણા લેણદારને ખબર પડવી ન જોઈએ! સમજ્યા? ખબર પડે તો મોત બગડે! (ઘરમાં દાખલ થયો. મેં બૂમ મારી) "શીરો બનાવ સાંભળે છે કે.... કયાં ગઈ! શીરો બનાવ." એમણે.... એમણે મને શીરો બનાવવાનું કહ્યું. માનો ન માનો બા! આજે જરૂર કોઈ નવાજૂની થઈ છે! રોજ તો કહે, ખીચડી બનાવ! ખુશ થાય તો કહે, ભૈડકું બનાવ. બહુ ખુશ થાય તો હુકમ કરે હાંડવો કે ઢોકળી બનાવ. પણ બા! આજે તો એમણે કહ્યું, "શીરો બનાવ!" જરૂર મટકાનો નંબર લાગ્યો હશે? નહિ તો રેસકોર્સના ઘોડાનો. બા, હું તો કાંઈ જ બોલી નહિ. બોલીએ તો તે કહે તું બોલી એટલે નંબર બદલાઈ ગયો. ઘોડો બેસી ગયો! નંબર બદલાઈ ગયો!

અહી જયંતિ પટેલ ઘડીકમાં શિષ્ય, ઘડીકમાં ગુરુજી, ઘડીકમાં પોતાની પત્ની એમ બધાની ઉક્તિ વદે છે, એટલું જ નહીં રંગભૂષા કે વેષભૂષા બદલ્યા વિના આ બધાં પાત્રોની છબીઓ આંગિક/વાચિકના માત્ર એક જ લસરકાથી મંચ ઉપર ઉપસાવે છે.

આમ, મોનો એક્ટિંગમાં તો એક જ નટ એક કે એકથી વધારે પાત્રો ભજવી શકે પણ વિવિધ સ્પર્ધાઓમાં એકપાત્રી અભિનય માટે પાંચથી સાત મિનિટનો સમય ફાળવવામાં આવતો હોવાથી અને તેટલા સમયમાં વન મેન શો / મોનો પ્લેની જેમ એકથી વધુ પાત્રો સુરેખ રીતે ઉપસાવવા અશક્ય જણાતા હોવાથી તેમ જ એક જ નટ દ્વારા વિવિધ પાત્રોની ભજવણીને 'મીમીક્રી'ની સ્પર્ધા અંતર્ગત અલાયદું સ્થાન આપવામાં આવ્યું હોવાથી રાજ્યકક્ષાએ તેમજ રાષ્ટ્રકક્ષાએ યોજાતા યુવક મહોત્સવોમાં 'એકપાત્રી અભિનય' ની સ્પર્ધા વખતે એક જ પાત્રના મનોભાવ પ્રગટ કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. ને એવો નિયમ પણ બતાવી દેવામાં આવ્યો છે કે તખ્તા પર એક જ નટ એક જ પાત્ર કરે. એકલવ્યની ઉક્તિ રજૂ કરતો નટ દ્રોણ, અર્જુન અને એકલવ્ય એમ ત્રણે ભૂમિકા ભજવી શકે નહીં. વળી આવી સ્પર્ધાઓમાં ઘણી વખત નિર્ણાયકો માટે મોટી સમસ્યા સર્જાય છે. એક નટ એક પાત્રને અસરકારક રીતે ભજવે અને બીજો નટ બેથી ત્રણ પાત્રો એટલી જ અસરકારકતાથી ભજવે તો ઈનામ કોને આપવું? મોનો એક્ટિંગમાં તો બંનેનો સમાવેશ થઈ શકે. આ સમસ્યાના ઉકેલરૂપે જ કદાચ બધા સ્પર્ધકોએ 'એક જ પાત્રના મનોભાવ' રજૂ કરવા એવો સામાન્ય નિયમ બનાવવામાં આવ્યો છે.

એકપાત્રી અભિનયકાર ક્યારેક સન્નિવેશ, સંગીત, રંગભૂષા, વેશભૂષા સામગ્રીનો છૂટથી ઉપયોગ કરે છે. પરંતુ મોટે ભાગે એક જ નટ દ્વારા એક કે એકાધિક પાત્રનું સર્જન કરવામાં આંગિક અને વાચિક અભિનય જ મહત્વના સાધનો બને છે.

ડૉ. મહેશ ચંપકલાલ – પૂર્વ અધ્યક્ષ નાટ્યવિભાગ, મ. સ. યુનિ., વડોદરા

## નિર્ણાયકની નજરે

### ડૉ. વિપિનકુમાર કીકાણી – યામિની વ્યાસ

વર્ષ ૧૯૬૪, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો પ્રથમ યુવક મહોત્સવ. રાજ્ય સરકારના યુવક મહોત્સવની શરૂઆત હજુ થઈ નહોતી, ત્યારની વાત. લગભગ સાડા પાંચ દાયકા જેટલી લાંબી, સમયયાત્રા વહી ગઈ છતાં હજુ પણ એની સ્મૃતિ હૈયે એવીને એવી છે. જૂનાગઢની શતાબ્દિ જૂની કોલેજમાંથી અમે આ પ્રથમ યુવક મહોત્સવમાં એકાંકી અને એકપાત્રિય અભિનય લઈને ગયા હતા. ત્યારે ગુજરાતમાં બે-ત્રણ યુનિવર્સિટીઓ જ હતી. વાપીથી વેરાવળ સુધીની કોલેજો એમાં ભાગ લે. એકપાત્રિય અભિનય Mono-Acting વિશે સ્પષ્ટ નિયમો હતા. Mono એટલે એકલ અને Acting એટલે અભિનય. એક પાત્ર, એક વ્યક્તિ, એકથી વધુ પાત્રોનો અભિનય ભજવી બતાવે, મેક અપ કરવાનો નહી, સાધનોનો ઉપયોગ કરવાનો નહી, પાંચથી સાત મિનીટની સમયમર્યાદા. આવી સ્ક્રીપ્ટ લખવી અઘરી અને એક પાત્ર દ્વારા વિવિધ પાત્રોનો અભિનય કરવો એથી પણ અઘરો. મને અભિનયમાં જીવંત રસ, જે આજે પણ એવો જ અકબંધ છે. એકાંકીમાં મારું પાત્ર, તેથી આ એકપાત્રિય અભિનયની સ્પર્ધા જોવા મળી, ભજવવા પણ મળી.

મારી કોલેજમાંથી મારા મિત્રએ એકપાત્રિય અભિનયમાં ભાગ લીધો હતો. તેણે પાત્ર કર્યું હતું – પોલિસ અધિકારી, તહોમતદાર અને પોલીસ કોન્સ્ટેબલ તહોમતદાર પાસે ગુન્હો કબૂલ કરાવવા માટે થતો અત્યાચાર. આબેહુબ તેણે વૈવિધ્યપૂર્વક પાત્રો સાથે, મેકઅપ વગર, વેશભૂષા વગર, સાધનો વગર, આબેહુબ અભિનય સાથે પ્રસ્તુત કરી સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

પછીના વર્ષોમાં ઘણાં જળ વહી ગયા. એકપાત્રિય અભિનયની સાથે – એક વ્યક્તિ વૈવિધ્યપૂર્વક પાત્રોનો અભિનય પ્રસ્તુત કરે તેવી સ્ક્રીપ્ટ જોવા મળી નથી. આવી સ્ક્રીપ્ટ લખવી મુશ્કેલ, એટલે પછીના વર્ષોમાં યુનિવર્સિટી યુવક મહોત્સવ તેમજ સરકારી યુવા ઉત્સવમાં એકપાત્રિય અભિનય સ્પર્ધા ચાલુ રહી, પરંતુ મોનો એક્ટિંગના નામે એકોક્તિ Monologue, સ્વગતોક્તિ Soliloquies રજૂ થતા રહ્યા, લખાતા રહ્યા. આજ સુધી એવું લખાય છે ને ભજવાય છે. પ્રસિધ્ધ પૌરાણિક, ઐતિહાસિક-આધુનિક-નવલકથાના-પાત્રો-વાર્તાના પાત્રો. આપણે માત્ર સમયમર્યાદાને આજ સુધી વળગી રહ્યા. આ સ્પાર્ધામાં કેટલીક કૃતિઓ વધારે પડતી લાંબી છે. મોટાભાગની કૃતિઓ એકોક્તિ કે સ્વગતોક્તિ

છે. સમયમર્યાદાનું ધ્યાનમાં પણ બેધ્યાન છે. અપવાદરૂપે, કયારેક સ્વગતોકિતઓ એકોક્તિઓ રજૂ થતી રહી છે. આત્મ સંભાષણ રજૂ થતા રહ્યા. આ કામ પ્રમાણમાં થોડું આસાન, તેથી બહુમતી વર્ગ આવુ જ રજૂ કરતા રહ્યા. તેથી નિર્ણાયકો પણ મોનો એક્ટિંગના નામે એકોક્તિ કે સ્વગતોક્તિ ચલાવતા રહ્યા. એના સંગ્રહો પણ બહાર પડયા. વિદેશમાં મોનો એક્ટિંગ એટલે આગળ જણાવ્યુ તેમ. આરંભનો concept એકદમ સ્પષ્ટ છે કે એકપાત્ર અનેક પાત્ર ભજવે. એમાં અભિનયની મહત્તા સમજાય. કામ વિકટ, વેશભૂષા, રંગભૂષા કશું નહીં, એટલે પાત્રને ઉપસાવવું અઘરું પડે. બહુ પાત્રોને સ્થાપવા પડે અને તેવો અભિનય કરવો પડે. આવુ કપરું કામ કરી બતાવે – ભજવી બતાવે તો તે એકપાત્રિય અભિનય ગણાય. વિદેશમાં તેવા અસંખ્ય પ્રયોગો થાય છે.

એકપાત્રિય અભિનયને નામે આપણે ચલાવી લીધું, નિર્ણાયકોએ પણ ચલાવી લીધું, લેખકોએ પણ ચલાવી લીધું એટલે યુવા કલાકારોએ એકપાત્રિય અભિનયને બદલે મોનો એક્ટિંગ અને સ્વગતોક્તિ જ પ્રસ્તુત કર્યા. એ પણ નાટકના અને અભિનય સાથે સંકળાયેલા જ પ્રકારો છે, પરંતુ વૈવિધ્યપૂર્ણ પાત્રો એક અદાકાર પ્રસ્તુત કરે તેમાં કલાકારની અને તેના અભિનયની પણ કસોટી છે. છેલ્લાં પાંચેક દાયકાથી તો લગભગ મહોત્સવોમાંથી એકપાત્રિય અભિનય ગાયબ જ છે. મોનોલોગના નિમેત્તે અભિનયનો મહિમા થાય છે, લેખનનો મહિમા થાય છે.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા આવી સ્પર્ધા આવા કપરા કાળમાં યોજાય ને ઘણી કૃતિઓ આ નિમિત્તે મળી તેમાં યામિનીબેન અને અમને નિર્ણાયકો તરીકે સામેલ કર્યા, તેનો આનંદ છે. રાષ્ટ્રીય કલા કેન્દ્રના મહામંત્રી રૂપિનભાઈ પચ્ચીગર અને સંપાદક નરેશભાઈ કાપડીઆનો અને સહુ સહભાગીઓનો ઋણ સ્વીકાર.

સહુ કલાકાર મિત્રોને શુભેચ્છાઓ. વિજેતા મિત્રોને હૃદયપૂર્વક અભિનંદન. લખો, વધુ લખો, લખતા રહો પણ સાચી સમજ કેળવીને કૃતિના હાર્દ સુધી પહોંચશો તો તે લેખે લાગશે. તે માટે શુભકામનાઓ. જય હો.

વિનીત,

## પરિણામ

પ્રથમ વિજેતા: કાલભૈરવ – યુગલ પંડિત

દ્વિતીય વિજેતા: ખેલ – પુનીત લોટવાલા

તૃતીય વિજેતા: ‘બા’ – સંકલ્પ કુલકર્ણી અને ‘દાદીમાનું અંધારું’ – ધાર્મિક પરમાર મુંબઈ

પ્રોત્સાહન વિજેતા: ‘બૃહન્નલા’ – મહેશ ધીમર, મહુવા (ડાંગ) અને ‘હું અને ઘર’ – ડૉ. દિલીપ શાસ્ત્રી

ડૉ. વિપિનકુમાર કિકાણી - શ્રીમતી યામિની વ્યાસ

# ભીખલી

## અલ્પા વસા

"હેલ્લો ફ્રેન્ડ્સ! હાય! શું જુઓ છો આમ ટીકી-ટીકીને મને હં! ઉપરથી નીચે. હું હરતી ફરતી બ્રાન્ડેડ દુકાન જ લાગું છું ને! પણ તમે શું સમજો મારી હાઈ ફાઈ જીંદગી? મારી પાસે બધું બ્રાન્ડેડ જ છે, એક મારા નામ સિવાય.

તમારું નામ શું? કાજલ.... વાઉ..
ને તમારું? આરવ ... સરસ નામ.
ને.. તમે? સલોની.... ઓસમ..
તમારા બધાના નામ કેટલા સરસ છે. મારું નામ તો નથી બ્રાન્ડેડ કે નથી સુંદર, રુજુ કે અર્થ સભર. સાંભળવું છે મારું નામ? હું છું ભીખલી. હા, બરોબર સાંભળ્યું તમે, ભી..ખ.. લી.

જોયું, મારું નામ સાંભળીને કોઈનું મોઢું બગડી ગયું, આ ભાઈનું નાકનું ટીચકું ચઢી ગયું. તો વિચાર કરો મિત્રો, મારી શું હાલત થતી હશે??
ફોન આવે, હલ્લો! ભીખલી છે? કે પછી હું ફોન કરીને કહું, હલ્લો! હું ભીખલી.....બોલો, કેવું લાગે?? પણ શું થાય? મજબૂરીનું બીજું નામ મહાત્મા ગાંધી.. બસ, મારી પણ એ જ હાલત છે.

મારા મોમ - ડેડની ઘણા બાધાઓ પછી, છેક અગિયાર વર્ષે હું આવી હતી. દીકરાની આશામાં હું દીકરી આવી હતી, પણ મારા માન-પાન જરાય ઓછા નહોતા. મારી માતાની માનતા હતી કે જે સંતાન આવશે એને હું ભીખલું કરીશ. એટલે માતા પોતે મારી માટે કંઈ ખરીદી ન કરી શકે. લોકો પાસેથી માંગીને આણેલા કપડાં, રમકડા અને બધી વસ્તુઓથી ચલાવવાનું. ઘોડિયું સુદ્ધા મારું નવું ન હતું. અરે, નામ પણ ભીખલી... હું પાંચ વરસ ભીખલી રહી. પણ ત્યાં સુધી તો હું પણ અણસમજુ હતી એટલે ચાલ્યું. સ્કુલમાં નામ પણ ભીખલી, બીજા, ત્રીજા ધોરણ સુધી તો મને બહુ વાંધો ન આવ્યો. પણ ચોથા ધોરણથી તો હું બહુ હેરાન થઈ. બધા બાળકો ખૂબ ચીડવતા...

હં.. શું કહ્યું તમે? નામ કેમ ન બદલાવ્યું એમ ને? કેવી રીતે બદલાવું? આ તો શુકનિયાળ નામ છે એવું મારા મોમ - ડેડનું દ્રઢપણે માનવું છે. મારા જન્મના બીજા જ વર્ષથી મારા ડેડનો નાનકડો ધંધો મોટો મોટો થવા લાગ્યો હતો. જે આજે ફળી ફૂલીને ભીખલીના ભીનો 'બીએચ સુપર માર્કેટ' થઈ ગયો છે. બોલો... છે ને શુકનિયાળ!

પણ, મારા મગજમાં તુમુલ યુદ્ધ ચાલી રહ્યું છે. હમણાં જ એક પ્રોજેક્ટમાં મારા નામના લીધે મને રીજેક્ટ કરી. હવે મારા મનમાં દ્વંદ્વ રમાઈ રહ્યું છે. એક તરફ પરિવારનું શકન, બીજી તરફ નામ માટેની મારી સુગ. બોલો હવે હું શું કરું??

બોલો છે કોઈ જવાબ તમારી પાસે...?

બાય...

**અલ્પા વસા – મુંબઈ - 98190 19051**

# અ...માનવીય...માનવ...

## અનિલ ભાવસાર "યોદ્ધા"

એક કાચની...સુખ સાહ્યબી...વાળી ઓફિસ....અંદર...
ટૂંકા...જેમ તેમ...શરીર...નો દેખાડો...કરતા... મદહોશ...વાસના માં ખુલ્લે એમ તરબોળ... નારી...શરીરો....

બે...ગજ...કાચની...બહાર....અસ્ત વ્યસ્ત... કપડા મા...વરૂં નઝર થી બચવા...શરીર...ની લાજ ઢાંકવા...મથતી...એક...ફેરી... વાળી... બાઈ...

એક... રાચ રચિલું...ઘર...ના ઓટલા પર...એક ના એક દીકરા...ને જમવાનો એક કોળિયો...ખવડાવવા...પાછળ...દોડતા...નોકર... ચાકર...ને...માં બાપ..ને...એ બાળક...ની...ન જમવાની જીદ...

ઓટલા થી...થોડે...દૂર...ફૂટપાથ...પર... કેડ...માં તેડેલો અન્નના...એક...કોળિયા ...માટે...કાગારોળ..કરી મુક્તો...
પેલો... માંગવા વાળા નો...વલખાં મારતો... ટીનીયો..

આ...રોજ...ની...
હર...પલ...ની...ક્રિયાઓ...
થતી...હતી...
થાય...છે...
ને...
જો એમ ને આમ ચાલ્યું...
તો...
થતી...રહશે...

કુદરતે...બનાવેલ...
અતિ સમજુ...
અતિ સંવેદનશીલ...
અતિ વિચારવાન...
પ્રાણી...
એ... કાળા માથાનો...માનવ...
શું...તરી...પ્રજાતિ...ની... આ અવદશા...

આમાં... તારો...રોલ શું...
તે શું કર્યું...

બસ...
બની રહ્યો...
એક...
સંવેદનહીન..
એક... જાડો...
પારદર્શક...
કાચ...

જાણે...
હર ઘડી...
અંદરનું...બહાર...
ને...
બહાર નું...અંદર...
બતાવતી...
નિષ્પ્રાણ...દીવાલો...!!!

....એમ કહી...રહી હોય...
કે...
મારે...શું લાગેવળગે...??

# નિષ્ફળતાની તાકાત...

## અનિલ ભાવસાર "યોદ્ધા"

સફળતા...ની...ચાનક...સૌને...હોય...એનો...નશો..કોઈ ઔર જ હોય...નહિ...!

પણ...
કોઈક...વાર...જિંદગી માં...નિષ્ફળતા ની...મઝા...પણ...માણવા જેવી...!!

હા...

નિષ્ફળ જઈએ...ત્યારે જ...ખુદ ને પારખવાની....ત્રેવડ...આવે...

નિષ્ફળ...હોઈએ...ત્યારે જ... આપણી...હેસિયત...કેટલી...એ ખબર...પડે...

નિષ્ફળ...થવું...એટલે...એક...
અત્યંત...ગલીચ...સામાજિક...
ગુનો...એ...આપણને... આપણા...બતાવે...

નિષ્ફળતા...એક..એવી...પદવી છે કે... ભલ ભલા...
આપણી પોતાની...ઓકાત...
આપણને...સમજાવે....

નિષ્ફળતા...એટલે...સમાજ...
મિત્ર વર્તુળ...માં આપણી...પીઠ પાછળ...થતી...બદબોઈ...
જે...આપણને...બતાવે...કે... આપણી...સફળતા...આં લોકો ને કેટલી...ખૂંચી...હતી...!!!

નિષ્ફળતા...આપણને...દેખાડે...કે... તારા...હકીકત માં કોણ છે...મિત્ર ને સગા...

કે પછી બધા છે બારાતી...

ને...નિષ્ફળતા માજ હોય છે... સફળતા ની પહેલી...પુણી...

એકલા...ટકી...રેહવાની...ત્રેવડ...જોઈએ...

કોઈ સાથે નહિ...ઊભો રહે તો...ભલે... હોસ્લો...ન... ખોવાની...આવડત...જોઈએ...

એકલા...માં..સારી...દુનિયા...થી...લડી...લેવાની...હામ...જોઈએ

ને...પોતાના માટે...ખુદ ને...કંઇક...કરી ને બતાવવાની...જીદ...જોઈએ...

નહિ તો...બાપ લાખ, છપ્પન હઝાર...તો...એમ જ બોલવાના...કે....
એનું તો..
ચસકી ગયું છે...
એને...મગજ...માં શોટ... મુકાવવાનો છે...

અનિલ ભાવસાર "યોદ્ધા" – નવસારી – ૯૮૨૫૧૧૧૨૯૯

# સુખ...એક શોધ...!!!

## અનિલ ભાવસાર "યોદ્ધા"

એક પાત્ર....(રસ્તે ચાલતા લોકો ની વચ્ચે)
એ ભાઈ...તે કશે જોયું છે...તને કશે...મળ્યું છે...લોકો નું...ખોવાયેલું...સુખ...

કોઈ જવાબ ન મળ્યો...

પાત્ર :(મનો મન) એમ શાંતિ થી બેસી ન રેહવાય... આનો જવાબ મેળવવો જ છે આજે...!!!

આ પાત્ર એ મુદ્દો ઉપડ્યો સ્વ સાથે...
કાયમી સુખ મળે એ માટે નો ઈલાજ કે વિધિ...
સ્વ એ જે જવાબ આપ્યા...એ...આ હતા..
ઘર, ઓફિસ, શાળા, કોલેજ, ટ્યુસન, થિયેટર, બાગ, ફરવાના સ્થળો, પ્રેમ, સાઇકલ, સ્કૂટર, બાઈક, કાર, વિમાન, સ્ટીમર....
ધાર્મિક સ્થળો,કથાકાર, મઝલીસ,પ્રાર્થનાઘર,સ્મશાન...
કોઈ જ સંતોષ જનક જવાબ ન મળ્યો...

એકાંત માં પાત્ર ખુદ ની સાથે ચિંતન માં... શું ખરેખર આમાં શાશ્વત સુખ છે...!!..??

કે પછી... આપણી પાસે..જે છે...એના કરતાં...કંઇક...વધારે ની લાલસા...કે... આપણી પાસે જે નથી...એ મેળવવાની...અભિલાષા...
શું આમાં જ આપણું સુખ...નથી અટવાયેલું...?
સાઇકલ વાળા ને સ્કૂટર માં સુખ દેખાયું...એ મેળવ્યા બાદ... કાર માં...જણાયું...
ઝૂપડા મા રેહતા ને ખોલી માં...ને, ખોલી વાળા ને ફ્લેટ માં..., તો ફ્લેટ વાળા ને બંગલો માં સુખ જણાયું...!!

બંગલા વાળા પાસે... આ બધી સાહ્યબી માટે, સમય ક્યાં છે...! અમુક વસ્તુ ખાવાની ડોક્ટર ની ના છે...રાતે ઊંઘ લાવવા માટે દવા લેવી પડે છે...દોસ્તો ને કે સબંધીઓ ને મળવાની જરૂરત ન લાગી...હવે નિવૃત્તિ છે..તો દોસ્તો નથી...દીકરા દીકરી...પોત પોતાના કામ ધંધે છે...ટીવી જોઈ આંખે તકલીફ ને સંગીત સાંભળવા કાને બહેરાશ...

જ્યારે...જે..હતું...ત્યારે...નથી એ પામવા માટે...વર્તમાન ની કદર ન કરી...હવે...જે નહતું..એ મેળવ્યું તો...જે વર્તમાન માં હતું...એ ભૂતકાળ બની ગયું...ઘર..બનાવતા બનાવતા...મોટું મકાન રહી ગયું...
જે હતું તે ગયું...જે છે...એને લાયક ન રહ્યા...!
જ્યાં ફક્ત અને ફક્ત હું...જ હતો...બીજું કોઈ જ નહિ...

હા હવે સમજ માં આવ્યું...કે પેલો ફકીર...કે સાધુ કેમ...કાયમ થી...સુખી જણાયા...પાસે કઈ પણ. ન હતું છતાં...

હા...એ લોકો..એ પોતાના આત્માને જ...દોસ્ત કે સબંધી બનાવ્યા...ખુદ ના શરીર ને જ...સાધન માન્યું...ધરતી અંબર ને જ...ઘર બનાવ્યું...જે...બધું કાયમ...પહેલે થી અંત સુધી...સાથ હતું...છે...અને રહશે....
હા એ જ શાશ્વત સુખ...
બાકી...બધું...મિથ્યા...મિથ્યા...મિથ્યા...

અનિલ ભાવસાર "યોદ્ધા" – નવસારી – ૯૮૨૫૧૧૧૨૯૯

# મારો અતૃપ્ત આત્મા

## અનિલ દવે

"ઓહ આ મારા  ઘરને તાળું કેમ મારેલું છે.., આટલી રાતે જયા ક્યાં ગઈ હશે...!!!?, પુછું તો કોને પૂછું બા'ર કોઈ દેખાતું જ નથી અરે, ભૂલ્યો!! આટલી મોડી રાતે કોણ બા'ર નિકળે!!?".

"લાવ તો ખરો, બાજુવાળા નયનભાઈ અને શિલાભાભીને ઉઠાડીને પૂછી જોઉ, અરે!! આ દરવાજો આટલો જોરથી ખખડાવવા છતાં અંદરથી કોઈ જવાબ કેમ નથી આવતો ઓહ!, એમને ક્યાંથી સંભળાય!!? દરવાજાને મારો સ્પર્શ જ થતો નથી. ખેર, ઘરમાં તો જાઉ અરે મને તાળું ક્યાં નડવાનું હતું!!? લ્યો, એ..આ..હા.. હું દરવાજાની આરપાર થઈને ઘરમાં પ્રવેશી ગ્યો', અરે આ શું મારા પગે અથડાણું!!? અરે આ ટિપોય અહી રૂમની વચ્ચોવચ્ચ કેમ પડી છે!!? ને આ "જયાનો ફોટો'ય ધૂળ ખાતો ટિપોય પર પડ્યો છે, આ..હા..કેટલી મસ્ત લાગે છે..!!?, આ બારીમાં ચાંદાનું પ્રકાશ ઝાંખુ લાગે છે એવી મસ્ત લાગે છે હલાવ એને એક ચૂમી ભરી લઉ, "હાય, જાનું! એક ચૂમી લેવા દે ને..!!!, ખબર છે ને જ્યારે-જ્યારે હું તને ચૂમવા નમતો  અને તું ગુસ્સે થઈને કહેતી "આઘા રો' મને તમે દિ'ઠાં નથી, જાવ તમારું ઠોબડું અરિસામાં જુઓ તે દિવસે મારા પુરુષાતન પર તે વજ્રઘાત કરેલો અને મારાથી રહેવાયું નહિ અને મેં તને ધડાધડ બે અવળા હાથની ઝાપટ ચોડી દીધી'તી અને પછી..તો તું મને એક ગંદી ગાળ આપીને બોલી હવે તોતારી હાલત બગાડી નાખીશ અને....અને..પછી...બીજે દિવસે.....  ઓફિસે જતા રસ્તામાં પાછળથી એક મોટર સાયકલ મને ફંગોળીને તેજ સ્પીડે પસાર થઇ ગઈ અને પાછળથી આવતી એક બસ નીચે હું ચગદાઈ ગયો..!!!!, ઓહ હે, ભગવાન હું આ દુનિયામાં નથી રહ્યો,..ઓ..હો.. બહાર આટલો બધો અવાજ શું આવે છે આ નયનભાઈ કોની સાથે વાત કરે છે.. !!? આ તો જયાનો અવાજ છે, શું કરું  નયનભાઈ...!!?, તમારા ભાઈ ગુજરી ગયા પછી ક્યાંય મન લાગતું ન હતું, ને  પરેશે મને સહારો આપ્યો..અને...પછીના કોઈ શબ્દો, સાંભળતાં મારો આત્મા પ્રેત યોનિમાં વિલિન થઈને હવામાં ઓગળી ગયો...!!!!.

અનિલ દવે - **98790 06451**

# વનની વ્યથા

## અતુલ ડામોર

અરે! વાહ! કેવું સરસ મજાનું જીવન છે મારું આ પૃથ્વી પરનું. જ્યાં જુઓ ત્યાં તમને હું જ જોવા મળીશ. મારી લીલીછમ વનરાજી જોઈ પશુ - પક્ષીઓ પોતાના મધુર કલરવ થી વાતાવરણને આનંદિત કરી દે છે. વન્ય પ્રાણીઓ મુકતમને મારા આશ્રય સ્થાન માં નિવાસ કરે છે. તેમના માટે હું સુરક્ષિત છું.....

વળી આપણી સંસ્કૃતિમાં મને પૂજવામાં આવે છે. મારા છાંયડાની છાયામાં કેટલાય ઋષિ મુનિઓ અખંડ તપ અને સાધના કરી સફળતા પ્રાપ્ત કરી છે. તો વળી જ્યારે માનવ શરીરમાં કોઈ તકલીફ ઊભી થાય છે ત્યારે હું તેમના માટે ઔષધિ પૂરી પાડું છું. કેટલાય પક્ષીઓ મારા ઉપર માળા બનાવી વસવાટ કરે છે. અરે! જ્યારે બળબળતા બપોરમાં પશુ પક્ષી મારે ત્યાં વિસામો કરે છે.

વાતાવરણને શુદ્ધ રાખવા હું તમને મફતમાં ઓકિસજન પૂરું પાડુ છું. વળી જગતનો તાત અને સમગ્ર વિશ્વ જ્યારે પાણી માટે ટળવળે છે ત્યારે હું મેઘરાજાને યોગ્ય સમયે આમંત્રણ આપુ છું. જાત જાતના ફળો અને શાકભાજી તમને તંદુરસ્ત રાખવા માટે આપુ છું. મારા માં રહેલા ફૂલોની સુગંધ તમને મંત્રમુગ્ધ બનાવે છે.

અરે! પણ આ કેવી નિષ્ઠુરતા આ માનવ જાતની. જે હંમેશા પોતાના સ્વાર્થ માટે આજે અમારો વિનાશ કરવા બેઠી છે. વિકાસની આંધળી દોટમાં પર્યાવરણને મુશ્કેલીમાં મુકી રહ્યો છે. લાખો રૂપિયાની ગાડીને છાયામાં મૂકવા વૃક્ષને શોધતો ફરે છે. પણ વૃક્ષોનું જતન કરવું તે માટે તૈયાર નથી. આજે કેટલીય વન્ય ઔષધિઓ નામ શેષ થઈ રહી છે.

ગ્લોબલ વોર્મિંગ જેવી ઘટનાઓ માટે આ કાળા માથાનો માનવી જ જવાબદાર છે.

વિશ્વ પર્યાવરણ દિન અને વન્ય પ્રાણી સપ્તાહ ઉજવવાથી કશું નહિ થાય. એક દિવસનો કાર્યક્રમ કરી તમે ભૂલી જાઓ છો. હજુ પણ સમય છે ચેતી જાઓ. નહિતર મફતમાં મળતા આ ઓકિસજન માટે તમારે લાખો રૂપિયા ખર્ચવા પડશે.

# સુમન

## ચેતના ગણાત્રા "ચેતુ"

"હું સુમન...હા, મારા પિતાએ મારું નામ સુમન પાડ્યું. એમને હતું કે મારી નાજુક મહેકતી કળી ખીલીને ફોરમ ફેલાવે. મારી માતાને હતું કે પુત્ર જન્મે, કારણકે એને અનુભવ હતો કે સ્ત્રીએ એના જીવનમાં પોતાની જાત સાથે અન્યાય કરીને બીજાની ખુશી માટે ન્યાય કરવા પડતા હોય છે. "જેવી ભગવાનની મરજી" સમજીને મને સ્વીકારી, વધાવી નહીં. હા, મારા પિતાના હૃદયનો ધબકાર હતી.

મારી માતાના મનનાં ડરની વાત ત્યારે સમજાઈ, જ્યારે મારો પ્રેમ મલય મને છોડીને બીજી ફોરમમાં ખોવાઈ ગયો. મલય સુમનની સુગંધને પોતાની સાથે લઈ જાય, સુમનને એકલતાની પીડા મળે તો પણ, એનો ચિત્કાર મલકાટના શણગાર ધારણ કરી લે છે.

અમારો નાનકડો બગીચો હતો. મારા પિતા પોતાના ઉપવનને  જતનથી સાચવતાં.. કળી, પુષ્પ એટલે એમનાં જીગરનો કટકો. જ્યારે એ પુષ્પો મહેકવા લાગે, ત્યારે બીજાના હાથમાં સોંપતા એમને કેટલી પીડા થતી હશે. એ તો મને એમની પાસેથી વિદાય લઈને સાસરે આવી, ત્યારે સમજાયું.
"સંસ્કારના પમરાટથી જીવનવાટિકા મહેકતી રાખજે." આ શીખને આત્મસાત કરીને હું સાસરે આવી. સ્વાગતમાં મને લાલ ગુલાબનો ગુલદસ્તો મળ્યો જેને હાથમાં લેતાં જ, કાંટાની વેદના સહન કરવી પડી. ગુલદસ્તો આપનાર મારા પતિની ભૂલ કે સ્વીકારનાર મારી ભૂલ સમજાયું નહીં, પરંતુ સુમને તો કાંટા વચ્ચે જ જીવવાનું  એ વાત સમજાઈ ગઈ.

સુમનને ક્યાં ખબર હોય છે કે એના ભાગ્યમાં શું લખેલું છે? કોઈ સુમન વરમાળામાં તો કોઈ ભગવાનના મસ્તક પર, તો કોઈ સુમનના નસીબમાં ગણિકાના ગજરો બનવાનું લખ્યું હોય તો કોઈ સુમનના નસીબમાં નનામી સાથે અંતિમ યાત્રાએ જવાનું હોય છે. મારું જીવન પણ આવું જ હતું,

ક્યારેક માન-સન્માન, ક્યારેક પ્રેમ તો ક્યારેક તિરસ્કાર અને ક્યારેક આશા અરમાનની અંતિમયાત્રા. કોઈપણ રૂપમાં સુમનને વિંધાવવાનું તો હોય જ છે.

અરે હા, પીસાઈને અત્તર બનીને મહેકવાના ભાગ્યની તો અલગ જ વાત છે. કેવી હોય સુમનની જિંદગી? ખીલેલા, હસતા હોઈએ ત્યાં સુધી બધાની શોભા અને જેવા જરાક મુરઝાઈ જઈએ એટલે કચરાના ડબ્બામાં. પરંતુ ત્યાં પણ મહેક તો આપવાની. સુમનનો ગુણ થોડી છોડી શકાય? હા, મને પણ અનુભવ થયો. હું  સુમન બની, પરંતુ મારા પતિશ્રી મધુકર છે એવી તો મને કલ્પના પણ ન હતી. જ્યારે મને ખબર પડી ત્યારે એવું લાગ્યું, હું તો સુમન બનીને મારા ચમનમાંથી વિખૂટી પડીને બીજા બાગને પોતાનું ગણીને મહેકી રહી છું. પણ અનુભવ આવો થયો...
"હું તો ફુલડા વીણવા ગઇ'તી ત્યાં મને વિછુડો ચટક્યો..."

ચેતના ગણાત્રા "ચેતુ" - મુંબઈ - **91672 61361**

# ભારત માતાની વ્યથા

## ચિરાગ પાધ્યા

મને ઓળખો તો છો ને !
હું ... હું તમારી કહેવાતી માતા, ભારત માતા.
આજે તમારી આ ભારત માતા ખૂબ વ્યથિત અને દુઃખી છે. એનું કારણ તમે છો મારા પુત્રો.

ભારે દુઃખ સાથે પૂછું છું કે શું આ એ જ ભૂમિ છે જ્યાં ગાંધી, ભગત, ચંદ્રશેખર, સરદાર, લાલ બહાદુર જેવા મારા પુત્રો થઈ ગયા? જેમણે મારા દામનને બચાવવા પોતાનું લોહી રેડી દીધું હતું? શું આ એ જ વીર મહારાણા પ્રતાપ, શિવાજી કે રાણી લક્ષ્મીબાઈની ભૂમિ છે કે જેમની નિસ્વાર્થ બલિદાની ગાથા આજે પણ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોએ લખાઈ છે? મને આજે સંશય થાય છે કે શું આ એ જ ભૂમિ છે!

જો ભૂમિ એ જ છે, તો મારા પુત્રો, તમે કેમ બદલાઈ ગયા છો? હે મારા પુત્રો! તમારા વચ્ચે ભાઈચારો આજે કેમ જોવા મળતો નથી? કેમ માતા તરીકે હું પૂજાઉ છું અને મારી દીકરીઓ જ મારા ઘરમાં સુરક્ષિત નથી? કેમ પશ્ચિમી સંસ્કૃતિ કે જ્યાં સૂરજ પણ ડૂબે છે એની આંધળી દોટમાં તમે લોકો આપણી જૂની સંસ્કૃતિ ભૂલતા જાઓ છો? કેમ દરેક કાર્યને ધર્મ અને આસ્થા સાથે જોડનાર મારા પુત્રોની માનસિકતા આજે ધીરે ધીરે એનું સ્તર ઘટાડી રહી છે?

હું ખૂબ વ્યથિત છું, કારણ મારી દીકરીઓ ઉપર બળાત્કાર થઈ રહ્યા છે અને એમના લોહીથી મારું દામન રોજ લાલ થઈ રહ્યું છે. એમની ચીસો રોજ મારા કાનમાં ગુંજી રહી છે.

હું દુઃખી છું કારણ મારા ઉપર રાજ કરવા આજે મારા જ પુત્રો જાતિવાદી વિચારધારા ફેલાવી અંદરોઅંદર લડી એકબીજાને ખતમ કરવાના કલ્પનો સેવી રહ્યા છે અને એમના લોહિયાળ જંગમાં હાર મારી થઈ રહી છે.

આજે ચારે બાજુ પાપ , અધર્મ , અરાજકતા, ભ્રષ્ટ માનસિકતા વચ્ચે મારો જીવ ડોળાઈ રહ્યો છે. સફેદ કેસરી અને લીલા કલરમાં સજ્જ તમારી માતાની સાડીનો પાલવ આજે બેરંગ થઈ ગયો છે. ભૂખમરો અને ગરીબીમાં જીવતા મારા બાળકો જોઈ આજે મારું હૃદય દ્રવી ઉઠે છે.
હું શું કરું કે આ પરિસ્થિતિ બદલાય અને હું આનંદથી મારા બાળકોને ફરી એક સાથે જોઈ ખુશ થઈ શકું! આજે તો બે જ દિવસ મારા બાળકોમાં દેશભક્તિ જાગૃત થાય છે અને જય હિંદના નારા લગાવે છે બાકી 363 દિવસ એ જ માતાની આબરૂની નિલામી કરવામાં કોઈ કાંઈ પણ કસર છોડતું નથી.

હવે તો ભગવાનને પ્રાર્થના કરીશ કે મારા પુત્રો અંદરોઅંદર વિખવાદ છોડી અને એક થઇ જાય, મારી દીકરીઓ નિર્ભય અને મુક્ત રીતે ગમે ત્યાં વિહરી શકે મારી ધરતી ફરી પાપમુક્ત ધર્મયુક્ત અને શાંતી અને અમનમાં જીવતી થાય, ક્યાંય પણ ભૂખમરો, ગરીબી કે લાચારી જોવા ના મળે અને ફરીથી હું ગર્વ લઈ કહી શકું કે હા હું જ ભારત માતા છું. તમારી ભારત માતા.

ચિરાગ પાધ્યા – સિદ્ધપુર - 98250 36972

# દીકરીની આપવીતી

## દાયમા-જશપાલ સિંહ

મા ના ઉદરમાં રહેલી દીકરી: ઓ  મા ! મા મને તુ આ દુનિયામા લાવીશ ને !મને બહારની દુનિયા બતાવીશ ને ! મારો ભાઈ, તારો ચહેરો, પિતા સાથે મળવું છે. હો મારી વ્હાલી મા!

માં તું તારી આંગળી પકડીને ચલાવીશ ને!તું મારી સાથે અલગ અલગ પ્રકારની રમતો રમીશ ને! મારામાં સંસ્કારનું સિંચન કરીશ ને! મારે આ દુનિયામાં આવીને નવી નવી દુનિયા દુનિયાના મનુષ્ય, મારા સ્નેહીજનો અને દાદા-દાદી બધા સાથે મારે મળવું છે. મારે ખૂબ જ આગળ વધવું છે. મારે તમારું નામ પણ રોશન થાય તેવા પ્રયત્નો કરવા છે. તારો મને સાથ સહકાર આપીશ ને!

મા મારે આગળ વધવા માટે શિક્ષણ મેળવવું પડશે, તો મા, મને તું શિક્ષણ આપીશને? હું શિક્ષણ પ્રાપ્ત કરીને ખૂબ જ આગળ વધીશ અને ઊંચા હોદ્દા ઉપર પહોંચીશ અને તારું નામ પણ રોશન થશે .મા

ઓ---મા  મારી વાત તું સાંભળે છે ને-----

દાયમા-જશપાલ સિંહ – સુરત - **98983 45760**

# દાદીમાનું અંધારું

## ધાર્મિક પરમાર 'ધર્મદ'

## (ત્રીજા ક્રમની વિજેતા કૃતિ)

અંધારું.. અંધારું....બસ, સર્વત્ર આ અંધારું જ વ્યાપેલું છે.. છે કોઈ મારી પાસે?..અરે, છે કોઈ...?
નહીં જ હોય..મને પૂરેપૂરી ખાતરી છે. મારી પાસે જો કોઈ હોય તો એ છે.. બસ આ અંધારું..
આ વૃદ્ધાશ્રમના ઓરડામાં ભૂલેચૂકે પણ કોઈ કિરણ આવે છે ને તો એ પણ મને સ્પર્શ કર્યા વગર જ પાછું ચાલ્યું જાય છે મારી આંખોનું તેજ તેં કેમ છીનવી લીધું છે? પ્રભુ, બોલ....બોલ ને...બોલતો કેમ નથી? એવા તે કેવા પૂર્વજન્મના પાપની સજા ભોગવી રહી છું..આ જીવનની સંધ્યાએ!!

એ..પકડી લીધું..પકડી લીધું...અરે ક્યાં ભાગી જાય છે..નટખટ...
એ પકડી લીધું..આજે તો અંધારા તને પકડી જ લેવું છે.....આવ, ખોળામાં બેસ.. આહાહા! તારું શરીર તો કેવું મુલાયમ છે.. તને ખબર છે મારો ટીનિયો પણ આવો જ સુંવાળો હતો.

અમારે ઠાકુરવાડીની ત્રીજી ખોલીમાં રહેતા શાંતાબાઈ એને રોજ માલિશ કરવા આવતા... પછી એ રડતો અને એને છાનો રાખવા હું ગાતી,
"ટીનિયો મારો નાનો...
બેસે ના લગી છાનો."

અને પછી 'હાઉક' કરીને એને હું બીવડાવતી..એતો પછી ખી.. ખી..ખી કરી હસી પડતો.. લાવ, તને હાઉક કરું.

એ.....'હાઉક' !! અલ્યા તું તો હસતો જ નથી..
જો આમ હસવાનું 'ખી.. ખી'

ચાલ હવે સુઈ જા... (અલ્લુ-લલ્લુ હાલું......)

અચ્છા તને પણ મારા ટીનિયાની જેમ વાર્તા સાંભળ્યા પછી જ ઊંઘ આવે છે.. ચાલ, તો તને એક વાર્તા કહું..

એક દાદીમા હતા. એમનું નામ હ....હં.. હા જમનબા!
આ જમનાબા બહુ ભોળા. એ લાલાની સેવા કરે, લાલાને શણગાર ધરાવે, હિંડોળો બનાવે વળી, લાડુડીયે બનાવે. એમની લાડુડી ખાવા શેરીના સૌ છોકરા આવી જાય..

'જમનાબા લાડુ લાવો.... જમનાબા લાડુ લાવો...'

પછી, જમનાબા લાલા આગળ મૂકેલ લાડુડી છોકરાઓને આપે અને બોલે "મારો લાલો તો ભાવનો ભૂખ્યો છે.. પણ છોકરાવ તમે ખાવ એટલે મારો લાલો જ જમ્યો કે'વાય ને!!!"

પણ, એક દિવસ છોકરાવ લાડુ લેવા ગયા તો જમનાબાની ખોલી સુની હતી.. જમનાબા તો એ દિવસથી ક્યાંક ખોવાઈ ગયા..
તને ખબર છે મારા ટીનિયાને પણ એમની લાડુડી બહુ ભાવતી.. ઉભો રે... તારે ખાવી છે લાડુડી?...

હું અમારા આશ્રમના શેઠાણીને કહું છું. તને લાડુડી બનાવી આપશે..

"ઓ...શેઠાણી... જરા નાની-નાની લાડુડીઓ બનાવજો..હોં કે?"

જો, લાડુડી બને ત્યાં સુધી તું ફરી પોઢી જા મારી આંખમાં.. મારું ડાહયું-ડમરુ અંધારું ના...ના.. તું તો મારો નાનકો ટીનિયો!

**ધાર્મિક પરમાર 'ધર્મદ' - મુંબઈ - 98921 89826**

# મારા સત્યના પ્રયોગો..

## દિલીપ વી. ઘાસવાળા

આ ઘટના બની પહેલી  ફેબ્રુઆરીએ. એનો હીરો હું એટલે કે સતીશચંદ્ર ઉર્ફે સત્યો. હું ટીવી ચેનલ આધારિત જીવનારો ઈસમ છું. ચેનલ બદલાય એમ મારો મૂડ બદલાય. બન્યું એવું કે ૩૦મી જાન્યુઆરીએ બધી ચેનલો પર ગાંધીજી છવાયા હતા. સતત ચેનલોની ડાળી ડાળી પરથી કૂદતા કૂદતા મને કુતુહલ થયું, આજે બધે ગાંધીજી કેમ દેખાય છે? પછી બ્રહ્મજ્ઞાન થયું કે આજે ૩૦મી જાન્યુઆરીએ નિર્વાણદિન છે. આખો દિવસ ગાંધીજી વિશે સાંભળી સાંભળીને હું ગાંધીમય બની ગયો. અને ૩૧મી જાન્યુઆરીએ રાતે 12 વાગ્યે મેં એક નિર્ણય લીધો. સત્યના પ્રયોગો કરવાનું. કાલ સવારથી જ હું સત્યના માર્ગે ચાલીશ એવો નિર્ધાર કરીને સુઈ ગયો.

અને સવારે ઉઠીને મેં જોયું તો, જગત જરાપણ મને નવું દેખાયું નહીં. છતાં મન સાથે મેં નક્કી કર્યું કે, "સત્યા, ગમે તે થાય, સત્યના માર્ગે તારે ચાલવાનું જ છે. કોઈપણ સંજોગોમાં."

અને મેં ચાલવાનો પ્રયત્ન કર્યો, ત્યાં તો હું ગબડી પડ્યો. મારો પગ મારી ચાદરમાં રહી ગયો હતો. હું જેવો બેડરૂમમાંથી બહાર આવ્યો એટલે મને સામે શ્રીમતિ મળ્યા, એટલે કે મારા પત્ની દેખાયા. અને મને ખ્યાલ આવ્યો કે 'ઓત્તારી..!!! હું તો પરણેલો છું.!!'

અને સાહેબો હું ક્યારે પરણ્યો  છું, એ યાદ છે, ક્યાં જઈને પરણ્યો છું, એ પણ યાદ છે, કઈ તારીખે અને કયા વર્ષે પરણ્યો છું, એ પણ યાદ છે. બસ શું કામ પરણ્યો એ જ મને યાદ નથી!! આ પત્નીઓ સાથે કામ લેવાનું ખૂબ અઘરું હોય છે.

તેણે મારી આંખમાં આંખ નાખી ને વેધક પ્રશ્ન કર્યો, "હું કેવી લાગુ છું..????"

મેં એને ધારી ધારીને જોઈ. ખરેખર તો મારે એના વખાણ કરવા જોઈએ. પણ મેં તો નક્કી કર્યું હતું કે, "હું તો આજથી સત્યના માર્ગે ચાલીશ. એટલે મારે હવે તો સાચું જ બોલવું પડશે. કોઈ પણ ભોગે.

મારી પત્ની કાળી સાડીમાં સજ્જ થઈને મારી સામે ઊભી હતી. જાણે હેડંબાનો અવતાર જ જોઈ લો. છુટ્ટા વાળમાં એ ભયાનક લાગતી હતી. સત્ય વચનો ટૂંકાવીને મેં એક વાક્યમાં કહ્યું, "પ્રિયે, એ કાળી સાડીમાં તું કાળા ડામરના પીપડા જેવી જાડીપાડી લાગે છે!!!!!" આટલું બોલીને હું રીતસરનો ભાગ્યો.. બાથરૂમ તરફ, નાહવા માટે.. નાહી ધોઈને હું ઓફિસે જવા નીકળ્યો. મારા ઠાઠીયા બાઈક ઉપર. રસ્તામાં પોલીસ દાદા સામે મળ્યા. "થાંબા થાંબા.. સ્ટોપ.. સ્ટોપ..ઉભા રહો.. લાયસન્સ? પીયુસી? હેલ્મેટ? કુઠે આહે??? ક્યાં છે? બોલો બોલો??"

મેં કહ્યું, "બૈરીના મારથી બચવા માટે ઉતાવળમાં જલ્દી જલ્દી આ બધું લીધા વગર આવી રહ્યો છું."

તો દાદા કહે, "વાંધો નહીં, મારા ઘરે પણ આવા જ ચાલે છે. સાઈડ પર આવો. પતાવટ કરી લઈએ. **200** રૂપિયા આપી દો."

તો મેં કહ્યું કે, "હું તો સત્યના માર્ગે ચાલતો ગાંધી ભક્ત છું." તો એમણે કહ્યું કે, "દસ હજાર રૂપિયા દંડ થશે." મેં કહ્યું કે, એટલા પૈસા તો નથી મારી પાસે. બાઈક વેચી દઉં તો પણ આટલા પૈસા મને મળશે નહીં." તો દાદા કહે કે, "તમારે ગાડી જમા કરાવી દેવી પડશે." અને 'ઉધાર' જેવા દાદાને મેં મારી ગાડી 'જમા' કરાવી દીધી.

અને બસ સ્ટોપ પર આવીને ઊભો રહ્યો. બસની લાંબી લાંબી લાઇનમાં ઊભો હતો, ત્યાં એક ભિખારણ આવી. બધા પાસેથી એક એક રૂપિયો ભીખમાં લઇ તે રિક્ષામાં બેસીને ચાલી ગઈ.

આ શહેરવાસીઓ પણ ખરા હોય છે. ગધેડાની જેમ કામ કરે છે. ઘોડાની જેમ ભાગતા રહે છે. કૂતરાની જેમ જે મળે તે ખાઈ લે છે. કાગડાની જેમ કા કા કરીને આખી જિંદગી બગાડી નાખે છે. આવું વિચારતાં વિચારતાં હું ઓફિસે મોડો પહોંચ્યો. ત્યાં મારો બોસ ગુસ્સામાં લાલચોળ હતો. કેમ મોડું થયું તેના ખુલાસા માંગ્યા. અને પછી એમણે કામના હુકમો છોડવા માંડ્યા. એક પછી એક, "જુઓ, સતિષચંદ્ર, મારું પહેલું કામ એ છે કે તમારે મારી બૈરીના ચણીયાનું નાડું નાખી આપવાનું છે. પછી બીજું કામ એ કરવાનું છે કે તમારે બજારમાં જઈને શાકભાજી લઈ આવવાનું છે. અને હા, પાછા ફરતી વખતે મારી બૈરીનું સેન્ડલ મોચી પાસે રીપેર કરાવીને આવજો. અને પછી ઓફિસમાં આવીને ઓફિસનું રૂટીન કામ કરજો." આમ જો સામાન્ય દિવસ હોત તો આ અસામાન્ય અને ગેરકાયદે કામોની હું ના નહીં પાડતે. નીચી મુડી એ તમામ કામ હું કરી નાખતે. પણ આ વખતે મારામાં ગાંધીજીની સત ચડેલું હતું. એટલે મેં ગર્જના કરી, "બોસ, ઓફિસના કામો કરવા હું બંધાયેલો છું. તમારા ઘરના અસામાન્ય કામ નહીં કરું. તમારાથી થાય તે કરી લો."

અને પરિણામ સ્વરૂપ મારા બોસે હું 'મોડો કેમ આવ્યો' તેની કારણ દર્શક નોટિસ ફટકારી દીધી. સત્ય બોલવાનો આ પુરસ્કાર મળ્યો મને...
હું ઓફિસના કામમાં જોડાયો. ત્યાં ઓફિસનો ફોન રણકી ઉઠ્યો અને મેં ફોન ઉપાડ્યો, "હા.. હું રાઈટ ટાઈમ સર્વિસમાંથી બોલું છું. સતીશચંદ્ર ઉર્ફે સત્યો. અમારી ઘડિયાળો કેવી છે? બહુ જ સરસ છે સાહેબ. અમારી ઘડિયાળને કંપનીએ ફિલોસોફીકલ ટચ આપ્યો છે. અમારી ઘડિયાળ જીવનનું દર્શન કરાવે છે. જુઓ કલાક કાંટો ખૂબ જાડો છે કારણ કે તે ધીમે-ધીમે ખસે છે. મિનિટ કાંટો એનાથી પણ પાતળો છે એટલે કે પાંચ મિનિટે ખસે છે, જ્યારે સેકન્ડ કાંટો ખૂબ પાતળો હોવાથી દર સેકન્ડે દોડે છે કારણ કે તે એકદમ પાતળો છે."

અમારું તો સુત્ર છે સાહેબ જે ચાલીસ પછી નહીં ચાલે એ ક્યાંય નહીં ચાલે.. અમારો માલ કેવો છે?? આમ તો સારો છે. અમારી દરેક ઘડિયાળ એકસરખો જ ટાઈમ બતાવે છે અને બગડી જાય તો પણ ચોવીસ કલાકમાં બે વખત તો સાચો સમય બતાવે જ છે. અમે ચાઇના મેઈડ ઘડિયાળ બનાવીએ છીએ. જાપાનનું તો માત્ર નામ છે. અરે અમારા શેઠ જુઠ્ઠું બોલે છે. હું સત્ય બોલું છું. સાહેબ, માલ મોકલાવી દઉં? હલો હલો હલો?" અને ફોન કપાઈ ગયો.

સામે બોસ ઉભા હતા. ગુસ્સામાં લાલચોળ. બરાડીને કહ્યું, "યુ આર ફાયર્ડ.. તમને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવે છે."

જોયું સાહેબો, સત્ય બોલવાનું વધુ એક ઇનામ.. નોકરી ચાલી ગઇ. હું વીલે મોઢે ઘરે આવ્યો તો ઘરે બૈરી ફૂલકા રોટલી જેવું મોં ફુલાવીને બેઠી હતી. ભરેલી બેગ સાથે પિયર જવા માટે એણે નક્કી કર્યું હતું. મેં એને સમજાવતા કહ્યું, " પ્રિયે, હું તને ખૂબ પ્રેમ કરું છું. આ એક સત્ય છે. મારી છાતી અત્યારે કોઈ ચીરેને એમાં પણ તું જ દેખાય..."

હું આગળ કંઈ સફાઇ આપવું એ પહેલાં એ બરાડી, "તો હવે તમે આજથી જિંદગીભર બજરંગ જ બની રહો.. હું આ ચાલી મારા પિયરે.." અને વધુ એક પુરસ્કાર મળ્યો બૈરી ચાલ્યા જવાનો.. સત્ય બોલવાનું વધુ એક ઇનામ..

વાંધો નહીં હવે હું એક ચાની લારી ખોલીશ. બકરીના દૂધની ચા વેચીશ. "ગાંધી ટી સ્ટોલ" નામ રાખીશ. નસીબ ક્યારે ફેરવાય કહેવાય નહીં. ચા વેચવાવાળા પણ વડાપ્રધાન બની શકે છે. હું સત્યના

માર્ગેથી ચલીત નહીં થાઉં.. સત્યના માર્ગે ચાલવાનો એક ફાયદો હોય છે, એ માર્ગે ક્યારે ભીડ નથી નડતી. તો તમે બધા પણ આવો છો ને ગાંધીચિંધ્યા માર્ગે....?

દિલીપ વી ઘાસવાળા – સુરત – **9825917885** (આ કૃતિ સ્પર્ધા માટે નથી.)

# પથરો

## દિલીપ વી. ઘાસવાળા

એક સ્ત્રી તરીકે મેં જ્યારે જન્મ લીધો ત્યારે મારું કુટુંબ ખુશ ન હતું, સિવાય કે મારી બા. હા મારી માને હું બા કહેતી. મમ્મી કે મોમ કહેવાની ત્યારે ફેશન ન્હોતી આવી. કોઈ "બા" કહેતું, તો કોઈ "ભાભી" કે "મોટી બેન" પણ માને કહેતું.

મારો જન્મ કોઈ મોટી હોસ્પિટલમાં નહિ પણ ગામના આરોગ્ય કેન્દ્રમાં થયેલો. મારી દાદીને બા ચાલતાં જ જઈને હોસ્પિટલમાં દાખલ થઈ ગયેલા અને પ્રસૂતિ પણ કોઈ ગાયનેક ડોકટરે નહિ પણ એક સામાન્ય જેવી કોઈ નર્સએ કરાવેલી. જેવો મારો જન્મ થયો એટલે નર્સ બોલી ઉઠી; "અભિનંદન લક્ષ્મીજી પધાર્યા છે." એમ કહી મને બાના ખોળામાં માં મૂકી ચાલી ગઈ. દાદી મોં બગાડીને બોલ્યાં, "મૂઈ રાંડ!! પથરો આવ્યો..!" એવું કહી હોસ્પિટલમાંથી નીકળી ગયા. બાપુજીએ જેવું સાંભળ્યું કે પથરો આવ્યો છે, તો એ પણ મને જોવા નહિ આવ્યાં. એક મારી બાએ મને છાતી સરસી ચાંપી, પ્રથમ વાર પયપાન કરાવ્યું. બાને હું ત્રીજી દીકરી એક દીકરો. દાદીને બે દીકરી અને બે દીકરા જોઈતા હતાં પણ કુદરતને તે મંજૂર નહોતું, ને હું જન્મી. "પથરો" બની..

અને હું મારા દાદી-બાપુની અનિચ્છાએ પણ ઘરે આવી. અને મારો ઉછેર શરૂ થયો. એમાં પણ સ્ત્રી જાતિ હોવાને લીધે અન્યાય સહન કરવાનો આવ્યો. હું સૌથી નાની એટલે મારું નામ જ નાની પડી ગયું હતું. દાદીએ કહ્યું હતું કે એને સરકારી શાળામાં જ ભણવા મૂકવી કારણ કે સ્ત્રીઓએ ભણીને શું કામ છે? આખરે તો ચૂલો-પાણી જ કરવાનું છે ને? વાંચતા લખતા આવડે તો બહુ છે. આવી વિચારધારા હતી, મારા કુટુંબની. મારા ભાઈએ મોટા સાહેબ બનવાનું એટલે એણે અંગ્રેજી શાળામાં ભણવાનું. અમારે ફરજિયાત નાનપણથી જ રસોઈમાં મદદ કરવાની. કચરો પોતા પણ હું નાના નાના હાથે કરતી.

નીશાળ પર ચટણી વાટવા મૂકેલો પથરો માંડ મારા હાથમાં આવતો ને કોથમીરના કૂણાં પાન હું પથ્થર વડે કચરતી અને હું વિચારતી કે "હું? પથરો? કોથમીર ધોયેલા પાણી નીચે માટી રહી જતી.

ધીરે ધીરે મારી ઉમર વધતા દાદીના પ્રેમમાં પરિવર્તન થયું.

દાદીનો પ્રેમ એટલે એમણે વાળેલી ઘુઘરાની ઝીણી કોર. હું ક્યારેક અમારા ઘરના ગોખલાના પથરાને પારિજાતથી ઢાંકી દેતી. કોઈપણ પથરાને જોઈ મને એમાં મારું પ્રતિબિંબ દેખાતું.
શિયાળાની રાત હોય ત્યારે દાદીની કમર બહુ જ જકડાઈ જતી, ત્યારે હું ગરમ ગરમ કાકડાથી એમને શેક કરી આપતી હતી અને બદલામાં હું એમની પાસે વાર્તા સાંભળતી.

દાદી જીવનલક્ષી વાતો એમની અનુભવ વાણીમાંથી કહેતા મને. મને માથામાં તેલ નાખતાં જાય અને પછી વાતોનો ખજાનો ખોલે. એ કહેતા, "સ્ત્રીનું રિસાઈ જવું બે મુદ્રા ધારણ કરે છે, કુંપળ મુદ્રા ને કંટક મુદ્રા. કુંપળ મુદ્રાનો સંબંધ રાધા સાથે છે. કંટક મુદ્રાનો સંબંધ કૈકેયી સાથે છે. રાધાનું રિસાઈ જવું નિર્દોષ અને કુમળી કુંપળ જેવું હોય છે. જ્યારે કૈકઈનું રિસાઈ જવું એટલે ક્રોધ ભવનનું નિર્માણ. એમાં દશરથ રાજાને નમાવવાની ગણતરી હોય છે. જિંદગીમાં કેમ ખીલી ઉઠવું, તે વૃક્ષ પાસેથી શિખજે. કેમ ટહુકી ઉઠવું તે કોયલ પાસેથી શીખજે. કેવી રીતે થનગની ઉઠવું તે મોર પાસે શિખજે. કેમ જીવી જવું તે પતંગિયા પાસેથી શીખી લેવાનું."

વાર્તા પૂરી થાય એટલે દાદી  એમના બોખા દાંત વગરના મોં થી હસતાં હસતાં કહેતા, "મૂઈ રાંડ! કેટલી ડાહી છે તું! પથરો થઈ કેમ જન્મી?"

દોરડાના એક એક કૂદકે હું ઊંચી થતી ગઈ અને દાદી વાંકા અને નીચા વળતા ગયાં. હું એક દિવસ રમતા રમતા મને લોહી વહેવા માંડ્યું. હું દોડી અને દાદીને કહ્યું, "લોહી, લોહી, દાદી લોહી નીકળે છે." અને દાદીએ જ મને સમજાવ્યું કે હવે હું રજસ્વલા બની છું. સ્ત્રી જીવનનો એક મહત્વનો મુકામ. હવે હું સાડી પહેરવા માંડી હતી. પહેલીવાર સાડી પહેરી દાદીને બતાવવા ગઈ, તો દાદી ખાંસતા ખાંસતા બોલ્યાં, "નાની! તને સાડી શોભે છે હોં!" અને મેં જોયું એમની તરફ, તો પથારીમાં સૂતેલા હાડકાંના માળા જેવા શરીરને અડીને તો પહેલીવાર જાતે પહેરેલી સાડીનો પાલવ ફરફર હસતો હતો દાદી તરફ.

બા મને કાયમ કહેતી, "તું દાદી જેવી જ લાગે છે. બેઠી, તું દાદી પર જ, ગુણમાં ને દેખાવમાં પડી છે. દાદીની ખુબ સેવા કરજે. હું પણ શરમ રાખ્યા વગર દાદીને રોજ નવડાવતી. એમના સફેદ વાળમાં તેલ નાખી આપતી. જેમ એ મને કરતા હતા તેમ જ. સ્પંજ કરતા ખ્યાલ આવ્યો કે એમનું શરીર હવે ગળતું જાય છે. ધોળા વાળમાંથી હું જુ કાઢતી અને માર્યા વગર જ બારીમાંથી બહાર ફેંકી દેતી હતી. એ પણ દાદીએ જ શીખવેલું. બા મને કહેતી, "તારા દાદી જૂના જમાનાના છે. એ સ્ત્રી

વિરોધી નથી પણ એ જ્યારે જુવાન હતાં ત્યારે એમને પહેલી દીકરી જ જન્મેલી પણ એકવીસ દિવસ જીવેલી અને એને મીઠું નાખીને દાટી દીધી હતી. ત્યારથી મગજમાં દીકરીનો અવતાર સારો નહિ, એવું ઘૂસી ગયેલું હતું અને તારી જગ્યાએ દીકરો ઇચ્છતા હતાં પણ તું આવી એટલે જરા દુઃખ થયેલું."

અને હું દાદીનું મળ ભરેલું ટબ લઈ દાદર ઉતરતી હતી ને દાદીમાની આંખમાં અપરાધ ભાવ મેં વાંચ્યો. હું કંઇક કહું એ પહેલાં જ બા બોલ્યા, "પથરો પથરો કહેતા હતાંને? તો એ જ કામ લાગે છે ને?"
ટબમાંનું મળ ઠાલવતી વખતે મારે શ્વાસ રોકવાની જરૂર નહોતી પડતી. મેં ટબ ખાલી કર્યું ને ફ્લશ ચાલુ કર્યું ને અવાજ આવ્યો. ખળ ખળળ...પાણીમાં ફ્લશ!

હવે તો આજના જમાનામાં પથરા જન્મી પણ નથી શકતાં. જન્મે એ પહેલાં જ, ખળ ખળળ... ફ્લશ!

દિલીપ વી ઘાસવાળા – સુરત – **9825917885**

(રીના મહેતાની કવિતા આધારિત – આ કૃતિ સ્પર્ધા માટે નથી.)

# હું અને ઘર

## ડો. દિલીપ શાસ્ત્રી - સૂરત – 9825233434

### (પ્રોત્સાહન ઇનામ વિજેતા કૃતિ)

(90 વરસની વ્યકિત બેડ પર છે, પાર્કિનસનો દર્દી છે. એ પ્રમાણેની પ્રક્રિયા કરી શકે. હાથમાં થોડા ફોટાઓ જોતા..)

હું જનાર્દન શાસ્ત્રી. અને  આ મારું જૂનું ઘર....અરે... ઘર શાનું આ તો એના ફોટા....

(બાળકના આવવાનો અવાજ....) કોણ? પ્રાજ્ઞય? આવ દીકરા આવ. જો, જો આજે હું તને થોડા ફોટા બતાવું. કોના? મારા, અમારા જૂના ઘર ના હાઉસ ના ફોટા ..... શું... એમાં શું જોવાનું? અરે તને નહીં સમજાય દીકરા તને. એમાં શું જોવાનું. અરે.. તેમાં જ ઘણું બધું સમાયેલું છે ધરબાયેલું છે, જન્મ, બાળપણ, યુવાનીથી લઇને કલાકાર તરીકેની તપશ્ચર્યા સુધીની.... લાગણીનાં તંતુઓએ જોડાયેલાં છે, અરે... પણ તું ક્યાં ચાલ્યો  બેસને...... ચાલ્યો ગયો... પ્રાજ્ઞય, મારી પૌત્રીનો પૂત્ર, પાંચ વર્ષનો હવે થશે પણ ખૂબ જ ચંચળ ચિતવન જેવો જ, ચિત્ત - મનનાં જેવો જ ચંચળ આમથી તેમ ભ્રમરની જેમ ગુનગુન કરતો ભમ્યા કરે.

આ મારા ઘરના ફોટા છે. જે... જે ઘર હવે નથી રહ્યું. સંગીતની સૂરાવલિની શાનો શૌકતથી રહેલું આલિશાન ઘર આજે ધરાશાયી થઇ જઈ આ ધરામાં સમાય ગયું છે. બરાબર મનુષ્યની જેમ, ફરી પુનર્જન્મ લેવા માટે. જન્મ - પુનર્જન્મ..... અને જન્મોના અનેક ફેરા.... એવી માન્યતા.....
આ દુનિયામાં, ઘણી એવી બધી માન્યતાઓ છે કે જેને પૂરવાર કરવી અશક્ય છે, એને સ્વીકારી લેવી એ જ ડહાપણ ભર્યું છે, મન ની શાંતિ માટે.

આજે આ 90 વરસે પથારીમાં પડ્યો છું, અસહાય આ.. આ પાર્કિનસ ને લીધે. સતત શરીર હાલતું રહે છે, ધ્રુજતું રહે છે ધ્રુજતી ધરાના ધરતીકંપથી પડતાં... ચીરાની જેમ આ શરીરનો ધ્રુજારો મારા મનને ચીરતો જાય છે અને તે જ અસહાયતાની લાગણી જન્માવે છે. ના ના... હું અસહાય નથી

અસહાય જરાપણ નથી. મનથી ખૂબ જ મજબૂત છું... આત્મવિશ્વાસથી ભરપૂર અને મારા દીકરા દીકરીઓ વહુઓ.... બધા જ મને સાચવે છે. બોલવામાં ઊઠવાબેસવામાં જમવામાં તકલીફ પડે છે, હું જાતે કશું કરી શકતો નથી..... લખી પણ શકતો નથી.... અરે, સૂરીલા કંઠનો હું સમ્રાટ એક સૂર સરખો કાઢી શકતો નથી...! અને તે જ મને અસહાયતાની લાગણી જન્માવે છે. તેનો ખૂબ જ અફસોસ છે, મારા ઘરની જેમ હું પણ ટકી રહ્યો છું સહારે સહારે.

મેં ઘણી વાર મારા ડોક્ટર ને પૂછ્યું કે આ દવાઓ રોજ રોજ લઉં છું પણ મટતું કેમ નથી? જડમૂળથી દૂર થતું કેમ નથી? તો તેઓ કહે, આ રોગ પાર્કિનસન મટે નહીં એને કંટ્રોલ કરી શકાય, દવાઓથી જ....

મેં કહ્યું મનની જેમ. મનને જેમ આમ તેમ ભટકતું રોકી નથી શકતા, ધ્યાન અને યોગથી તેને કંટ્રોલમાં રાખી શકીએ છીએ જે પણ રોજ કરીએ તો... બરાબર? તેઓ પણ હસ્યા, ને કહે કે હા, એમ જ સમજો ને. મેં પૂછ્યું, ક્યાં સુધી...

તો કહે, જીવો ત્યાં સુધી, મૃત્યુ પર્યંત....

મૃત્યુ ....! ક્યારે....? કેવી રીતે...?

તો કહે, આ રોગમાં રોગથી, એટલે કે પાર્કિનસનથી માણસ મરતો નથી, એના કોમ્પલીકેશન્સથી મરે છે.....

મને મારૂં ઘર યાદ આવ્યું જે **100** ઉપરાંત વર્ષોથી ઊભું છે. આજુબાજુના મકાનોના સહારે. જર્જરીત, પડવાના વાંકે, અનેક જગ્યાએથી છેદાયેલું, ભેદાયેલું, તેને રીપેરીંગ માટે અનેકવાર કોન્ટ્રક્ટરને બોલાવ્યા. તો કહે, દાદા હવે આ ઘરમાં કશું રહ્યું નથી. રીપેરીંગ બધું માથે પડશે અને ખર્ચો મોંઘો પડશે. ઘસારો બહુ લાગ્યો છે. તો મેં કહ્યું, શું કરવાનું? આમ તો પડી જાય એવું તો નથી પણ...

પાર્કિનસનમાં મગજનાં જ્ઞાનતંતુઓ નબળા પડી જતાં હોય છે, ઘસાઈ જતાં મગજના સેલ્સ ઓછા થતાં જાય છે તેમ એની કાર્યક્ષમતા ઓછી, ઓછી અને ઓછી થતી જાય છે, જે સેલ્સ બદલી કે વધારી શકાતા નથી અને તેથી જ. જે છે તેને...

આ આ ઘરની જેમ જ ખર્ચો મોંઘો અને માથે પડે.... એ પડતું નથી..... શરીર મરતું નથી....ઘર પાડવું પડે, બીજા કારણોથી.

આજે એ ઘર વેચી દીધું છે, બીજાને અસહાય થઈને. પુનઃનિર્માણ માટે. નવા જીવન માટે. અને હું..... નિ:સહાય પડ્યો છું, પથારીમાં આ ખાટલે.. વેચાઈ જવા, વેરાઈ જવા, વહાઈ જવા..

ડો. દિલીપ શાસ્ત્રી - સૂરત - **9825233434**

# अंधकार (उजालों से दूर या उजालों की ओर?)

## हर्षित उपाध्याय

**अंधकार**

**(उजालों की और या उजालों से दूर?)**

**में हूं तो छोटी सी चिंगारी को भी सम्मान है,**

**में हूं तो उजालों को भी पहचान है,**

**मगर ना जाने क्यों,**

**मेरा वजूद तो खामखां बदनाम है,**

**आखिरकार कौन हूं में?**

**में अंधकार हूं,**

**खुद मिट जाता हूं उजालों के लिए, मगर क्या में उजालों से दूर हूं या उजालों की और हूं? लोग कहते है के व मुझे मिटा रहे हैं मगर मै ना कभी मिटा था ना कभी मिटा हूं और शायद...**

**अज्ञात-"एक ही रिवाज़, एक ही रसम,**

**बस कुछ अंदाज़ बदल जाते है,**

**वरना एक ही है जिसे कुछ उपवास,**

**तो कुछ रमज़ान बुलाते है"**

**पिता-"तो फिर लौटा दो ना मेरे बेटे को, क्या उसे अल्लाह ने नहीं बनाया था, क्या उसे भगवान ने नहीं बनाया था, तो फिर क्यों मार डाला उसे अपनी आपसी रंजिश में, मुझे उसकी वो आखिरी चीख आज भी याद है जब उसकी और वो दरिंदा हथियार लिए खड़ा था और वो...**

**बेटा-मत आओ मेरे पास मत आओ , मुझे जाने दो, मत मारो मुझे नहीं, नहीं, नहीं, आ आ आ आ आ.... "(दर्दनाक चीख)**

**(शांति)**

**में अंधकार हूं.....**

**कभी कभी तो लगता है के अपने मौन की मर्यादाओं को तोड़कर पुछू उजालों से के क्या मुझे मिटाया गया ये दिन देखने के लिए, लेकिन में अंधकार हूं, चुप रहकर मिट जाना मेरी प्रकृति है, लेकिन हर बार उजालों के और ले जाने वाली खुशियां दर्द बन जाती है जब सुनाई देता है के**
**अज्ञात-१-"मुबारक हो आपके घर तो लक्ष्मी आयी है,**
**अज्ञात-२-क्या लक्ष्मी आयी है?**
**अज्ञात-१-हा जी बेटी का जन्म हुआ है, बधाई हो बधाई हो।**
**मगर ना जाने कैसे ये देविया .....**
**लड़की-"जाने दो मुझे, मुझे छोड़ दो, मुझे माफ़ कर दो, मुझे डर लग रहा है, मुझे घर जाना है"**
**(लड़की) " जाने दो मुझे जाने दो मुझे माफ़ करदो मुझे जाने नहीं नहीं नहीं,......." (दर्दनाक चीख)**

**(शांति)**

**में अंधकार हूं, ये मेरी विडंबना है के जुर्म के उपनाम में अंधेरों का इस्तेमाल किया जाता है, लेकिन में तो खुद को मिटा देता हूं उजालों के लिए लेकिन इंसान -ए-दिल की इन नफरतों कोन मिटाएगा, उजालों की दौड़ में उसे इंसानियत कोन सिखाएगा,,, लेकिन खामोशी मेरी कमज़ोरी है इसलिए ये सवाल है के**
**में अंधकार हूं मगर**
**उजालों की और हूं या उजालों से दूर हूं?**

**हर्षित उपाध्याय – सूरत - 91063 95204**

# ઉર્મિલા

## હિરછાંય

હું ઉર્મિલા, રામાયણનું એક અણદીઠુ પાત્ર, રામાયણમાં મારો ઉલ્લેખ જુજ જ કરવામાં આવ્યો છે. રામાયણમાં સીતાને મહાન ચિતરવામાં આવી છે. કારણકે એણે વનવાસ ભોગવ્યો છે. પણ, એની સાથે તો સાક્ષાત પ્રભુ રામ હતાં, પતિનો સંગાથ હતો. જ્યારે મને? મેં? મેં પણ તો ચૌદ-ચૌદ વર્ષ સુધી પતિનો વિયોગ સહ્યો છે. મારો વિચાર સુદ્ધાં કોઈ એ ના કર્યો.

મારા પતિ લક્ષમણ એ તો ભાઇની સેવાને પ્રાધાન્ય આપ્યું. હું ઉર્મિલા, લક્ષમણની પત્ની, મારી તરફ એમની કોઈ જ ફરજ નહીં..!

રામાયણ માં પુરુષોત્તમ રામ, પત્નીવ્રતા સીતા, સેવાભાવી લક્ષમણ, ભરત કંઈ કેટલાય પાત્રો વિશે લખાયું.

પણ, મારું દર્દ, મારી પીડા વિશે કોઇએ ઉલ્લેખ સુદ્ધાં ના કર્યો. અને કરે પણ કેમ ? પતિ વિરહમાં તડપતી સ્ત્રીની વેદના કોઈ લખી શકે? કદાપિ નહીં...!

જો, રામાયણ માં મારુ, એટલે કે "ઉર્મિલા નું પતિ વિરહ"ના દુઃખ વિશે કદાચ લખાયું પણ હોત ને તો અડધી રામાયણ તો આ પ્રકરણમાં જ સમાઇ ગઇ હોત.પછી, બાકીના પાત્રો વિશે લખવાની જગ્યા જ કેટલી બચી હોત...!

મારી વેદના લખી તો શું? કોઈ સમજી પણ નહીં શક્યું હોય.

હિરછાંય - **70450 02405**

# પ્રેમનું પ્રતિક

## કલ્પના અજય નાયક

(હાથમાં હિમાલયનો ફોટો લઈ દર્પણ સામે તૈયાર થતાં...)
"મુરતિયા થકી સાત સાત વાર નાપસંદ થયેલ એવી હું હિમાની, આજે આઠમી વાર... ઓહ! હિમાલય, હવે તું જ કહે ને કે મારું પોતાનું કહેવાય એવું ઘર કયું? પાંચ જ મહિનાના દાંપત્ય બાદ તારી અણધારી વિદાય મને  વિધવા, અબળા, છપ્પરપગી ઓહ! કેટકેટલા નામોથી નવાજી ગઈ!"

(પોતાની માતાનો અવાજ સાંભળી) "હા, મા..આવી એક મિનિટ."

(ચા નાસ્તાની ઔપચારિકતા પતાવી મુરતિયા સાથે રૂમમાં ...)

"મિ.દેવ,તમારી માતાના અરમાનને અવગણીને તમે મારા જેવી એક વિધવા સાથે ઓહ!  આ કહેવાતા સમાજ અને મારા સ્ત્રીપણાની મર્યાદાને કારણે ફરી ટહુકવાની મારા આપ્તજનોને અપેક્ષા છે."

"શું કહ્યું આપે? મારી અપેક્ષા?"

"મારી અપેક્ષાની હવે શું કિંમત? મારા આપ્તજનોએ દર વખતની જેમ આજે પણ આ મારા ડ્રેસની લાંબી બાંય ઉંચી ન કરવા સમજાવેલ છે પરંતુ, મારા કાંડા પર  ચીતરેલું ટેટુ અને તેને કારણે નવા સંબંધોમાં થતો નન્નો, મારી યાતનામાં ઉમેરો કરે છે. કુદરતે મારા હિમાલયને તો છીનવી લીધો છે, પરંતુ એના પ્રેમના આ પ્રતિકની આદરથી પરવરીશ કરવાની મહેચ્છા ધરાવું છું. બહાર મારા આપ્તજનો મોટી આશા સાથે બેઠા છે, પરંતુ તમે પણ મને ના કહી શકો છો. એકલવાયી સ્ત્રી પોતીકું જીવન ના જીવી શકે એવી  જડ માન્યતાઓ ફગાવીને હું પગભર થવા ઈચ્છું છું."

"ઓહ! મિ.દેવ, શું કહ્યું? તમને આ ટેટૂથી કશો ફરક નથી પડતો? હિમાલયના ગયા પછી  પહેલી વ્યક્તિ તમે છો કે જેણે મારી મરજીની પરવા કરી છે, પરંતુ મારા દુઃખથી સંવેદનશીલ બની તમે કોઈ

નિર્ણય ના લેશો. બહાર બધાની આશા પર આ ટેટૂ જોઇને ટાઢુંબોળ પાણી રેડાશે. થોડી ઉગ્રતા, નારાજગી બાદ ફરી હું એકવાર પરાઈ! જોવું હોય તો ચાલો બહાર."

(રૂમની બહાર જતાંની સાથે જ......)

દેવની મા: "આ હિમાનીના હાથ પર હિમાલયના નામનું આવડું મોટું ટેટુ? દેવ, સમાજ શું કહેશે?"

"ઓહ! આંટી, કોઈ પણ સંબંધના પાયામાં વિશ્વાસની ઈંટ હોવી જોઈએ, એમ માનનારી હું આજીવન એકલી રહીશ પણ, આ ટેટુની સત્યતા મારે જણાવવી જ રહી!"

(થોડી વાર બાદ...)

દેવ: "મા, હિમાનીનું સ્વાભિમાન અને વર્તનમાં નિતરતી સચ્ચાઈ જોઈ મને આ સંબંધ મંજૂર છે, પરંતુ એક શરત કે, કાયદાકીય રીતે મારું નામ હવે દેવ ત્રિવેદીને બદલે હિમાલય ત્રિવેદી કરવામાં આવશે."

( હાથમાં હિમાલયનો ફોટો લઈ હિમાની....)
"તેં સાંભળ્યું હિમાલય?.... જોને આ દેવ! આઈ મીન હિમાલય...ઓહ! મારા હિમાલય...તું અને તારું પ્રતિક ફરીથી મારી સંગે...સદાને માટે!"

**કલ્પના અજય નાયક – સુરત - 94290 18236**

# બૃહન્નલા

## મહેશ ધીમર "જ્યોત્"

(તૃતીય ક્રમે વિજેતા કૃતિ)

ઓહ! અંધકારના ઓળા ઊતરી રહ્યા છે ત્યારે સામેના મહેલના ઝરુખામાં મને દેખાય છે. અરે અરે! પેલો દુષ્ટ દુઃશાસન! મમ પ્રાણપ્રિયા ભાર્યાનો ચોટલો ખેંચીને-(ક્રોધભાવ) સમગ્ર નારીજગતનું ભયંકર અપમાન! મારી ભુજાઓ ફડકતી કેમ નથી? મારું લોહી! મારું લોહી ઊકળતું કેમ નથી? સૈરંધ્રીના સૂક્કાં, ગૂંથ્યાં વગરના વાળવાળો ચોટલો પેલો લંપટ કીચક ઝાલી રહ્યો છે... સૈરંધ્રીની આકૃતિ અંધકારમાં ભળી ગઈ છે. ને નારીની વેદના અંધારું બનીને મને ભીંસી રહી છે. એક જ ઘા અને બે કટકા! કરી શકું કીચકનો છુંદો! હા! હજી પણ તાકાત તો છે. પણ એ પૌરુષની નહીં.. વરુઓ સામે હું શું કરી શકું? તાબોટા પાડું? કે મૃદંગ વગાડું? હું છું બૃહન્નલા. વ્યંઢળ બૃહન્નલા!(તાબોટા પાડે) ન નર, ન નારી. નર્તનના ઠેકડા મારી જાણું છું. સ્ત્રીઓથી વીંટળાઈને રહું છું. સ્ત્રૈણ છું. પણ પણ પેલો બત્રીસલક્ષણો નર હજી મારો કેડો મૂકતો નથી. રાજકુમારી તરુણી ઉત્તરા વારંવાર મારા શરીર પર ધનુષ્યની પણછના ઘસરકા તથા અનેક શસ્ત્ર અસ્ત્રના ઘાના નિશાનો વિશે આંગળી ચીંધીને પરાક્રમોની કથા કહેવા મને ઉશ્કેરે છે. પુત્ર અભિમન્યુ સાથે શોભે એવી એ કન્યા મારા પુરુષ પ્રસ્વેદને સુંઘે છે. વ્યંઢળ છું છતાંય રાણી સુદેષ્ણા હું વિરાટરાજની નજદીક ન જાઉં એમ ઇચ્છે છે.

નરશ્રેષ્ઠ અર્જુનમાંથી નપુંસક થયો તે કથા પણ કૌતુકભરી છે. ભવ્ય ભરતખંડમાં હસ્તિનાપુરની સભામાં પુરુષજાતને લજ્જિત કરનારો એક પ્રસંગ. નારીની ગરિમા લૂંટાઈ. પ્રતિશોધના અગ્નિથી બળતો હું બાણાવળી અર્જુન શસ્ત્રાસ્ત્ર પ્રાપ્ત કરવા આરાધનમાં પ્રવૃત્ત થયો. સ્વર્ગમાં દેવરાજ ઇંદ્રે મારા પ્રત્યે પિતૃવાત્સલ્ય દાખવ્યું. તે નરેન્દ્રે મારામાં કુંઠિત થયેલા નરત્વને જાગૃત કરવા-તુષિત કરવા અપ્સરા ઉર્વશીને મોકલી. એ મનોહરાના દર્શનથી હું ક્ષોભ પામ્યો. માતા! મમ પૂર્વજ પુરુરવાના ભાર્યા! હું આપની પાસેથી વાત્સલ્યભાવ ઇચ્છું છું. મને આશીર્વાદ આપો. માતે! હું હવેથી વ્યંઢળ! નપુંસક! ષંઢ! શું? નર છું એટલે સ્ત્રીની કામલાલસા પૂરી ન કરવાથી અધર્મ થયો ગણાય! કૃપા કરો! આપશ્રી શાપનું નિવારણ ન કરશો તો વ્યંઢળ જીવન વેંઢારવાને બદલે હું દેહત્યાગ કરવો પસંદ કરીશ. અનુગ્રહ કરો. મારાથી કંઈક અપકર્મ થયું હોય તો વત્સ સમજી ક્ષમા કરો. શું કહો છો? એક

વર્ષ માટે નપુંસકતા! અને તે અજ્ઞાતવાસ કાળમાં! અહો! મારા પૌરુષને ગુપ્ત રાખવા માટે ઉત્તમ માર્ગ દેખાડ્યો તમે! હા, આ અભિશાપ નથી. આશીર્વાદ છે. નરમાંથી નપુંસક થવાનો આશીર્વાદ!

હેય! કોણ છે? કોણ કરી રહ્યું છે અટ્ટહાસ્ય? જાણો છો? હું ષંઢ બૃહન્નલા નહીં પરંતુ નરશ્રેષ્ઠ પાંડવ છું એમ તેઓ જાણે તો વિરાટ રાજા કીચક સહિત સેના સઘળી મોમાં તરણું લઈ નમી પડશે મારા ચરણોમાં. સૈરંધ્રીમાં દ્રૌપદીના અણસાર માત્રથી કીચક થરથર કંપી ઉઠશે. કોણ? કોણ અટ્ટહાસ્ય કરી રહ્યું હજી?

શું કહો છો? મારી નપુંસકતા ફક્ત અજ્ઞાતવાસમાં જ નહીં પણ તે દ્યૂતસભામાં પણ પ્રગટ થઈ હતી! કોણ છે તું અહિતકારી? (ઉગ્ર અવાજ) અત્યારે એક જ બાણપ્રહારથી તારું મસ્તક છેદી નાખીશ. શું કહ્યું? એ ભરસભામાં નારીજગતના અપમાન વેળા મારું ગાંડીવ ક્યાં ગયું હતું એમ? અહહ! દ્રૌપદી મારાં પુરુષત્વને ઝંઝોડી રહી હતી. પેલી ચંડાળ ચોકડી નર અર્જુનને પડકારી રહી હતી. ગુરુજનો, પિતામહ સહુ મારાં વ્યંઢળપણાથી વ્યથિત હતા.

અથ કિમ્! સત્યવચન! મારું આ ષંઢત્વ તે સમયની કાયરતાનું જ પરિણામ છે. ઉર્વશીનો શાપ એ મારી જ આભાસી કલ્પના માત્ર! માત્ર શસ્ત્રાસ્ત્ર જ્ઞાન
થકી હું સ્વયંને નરવીર કહી શકું નહીં. અહહ! શું કહો છો? હજી પણ જ્યારે જ્યારે પુરુષાતનનો પુરુષાર્થી પ્રસંગ આવશે ત્યારે પુનઃ પુનઃ દેખાશે વ્યંઢળ!

જ્યારે જ્યારે થશે નારીનું અવમાન ત્યારે ત્યારે ત્યાં ત્યાં પ્રત્યેક પ્રત્યેક નર હશે બૃહન્નલા! હું, તમે, આપણે સૌ- બૃહન્નલા! હા હા હા હા (તાબોટા પાડે)

મહેશ ધીમર “જ્યોત્” મહુવા (સુરત) - ૩૯૪૨૫૦.

maheshjyot10@gmail.com **7600373588, 9428390993**

# વ્યાસ કાકા

## નરેશ કાપડીઆ

(ડાબી બાજુની વિંગ પાસે ઊભા રહીને ઘરને તાળું મારવાનો અભિનય કરીને દવે કેન્દ્રમાં મુકેલી બેઠક પર બેસે. જાણે બે માળનો બંગલો હોય તેમ દરવાજાની ઉપર જુએ, આંસૂ લૂછે, અને બોલે..)

કમાલના માણસ હતા આ વ્યાસ કાકા. આજે આ ‘વ્યાસ વિલા’ કાયમ માટે ખાલી થઈ ગયું. મારે માટે તો એક મંદિર, એક તીર્થ, જાણે અલોપ થઈ ગયું.

ખબર નહીં, પહેલીવાર એમને ક્યારે મળ્યો હતો! સાતેક વર્ષ થયાં હશે. તીરથ અને હું ત્યારે ફર્સ્ટ યર આર્કીટેકટના સ્ટુડન્ટસ હોઈશું. અમે રાતોની રાતો અહીં પ્રોજેક્ટ વર્ક કરતાં. વ્યાસ કાકા શાંતિથી અમને કામ કરતાં જોઈને હરખાયા કરે. કશું બોલે નહીં. હા, હું બોલાવું તો ખૂબ બધી વાતો પણ કરે. તેઓ તો તદ્દન કામ વિહોણા હતા, પણ જાણે અમારો સમય કિંમતી હોય તેથી એવું બોલે કે ગમે ત્યારે અટકી શકે. મને આવી બોર ન કરે તેવી વૃદ્ધ વ્યક્તિ ગમે. અમે મિત્રો બન્યાં, તેમની માયા લાગી અને ઢાળ મળે ને ઢળી પડે તેવી લાગણી પણ વ્યાસ કાકા સાથે જન્મી.

આમ તો એ તીરથના પપ્પા. પણ ધીમે ધીમે મને તીરથ વ્યાસ કરતા સિનીયર વ્યાસ સાથે વધુ બનવા માંડ્યું. હું એમને વ્યાસ કાકા કહું. તેમની નિખાલસતા, નિસ્વાર્થપણું મને ગમી ગયું અને અમારી ઉમર  વચ્ચેનો ભેદ ધીમે ધીમે ઓછો થવા માંડ્યો. ઘણીવાર મને મારા પપ્પા સાથે વાતો કરતા અંતર રાખવું પડતું, પણ વ્યાસ કાકા સાથે.. મને એવું પણ યાદ છે કે વ્યાસ કાકા સાથે દોસ્તી થયા બાદ હું મારા પપ્પાની પણ વધુ નજીક આવ્યો હતો. વ્યાસ કાકા અને પપ્પા પણ દોસ્ત બની ગયેલાં. મારી અને પપ્પાનો ઉમરભેદ વિચારભેદમાં ન પરિણમે તેની કાળજી પણ વ્યાસ કાકા રાખતા. આર્કિટેક્ટ થયા બાદ વધુ ભણવા માટે યુ.એસ. જવાની યોજના તીરથે અને મેં પોતપોતાના પપ્પા સામે મૂકી. મારા પપ્પા કહે, ‘વ્યાસ કાકાને પૂછીશું, તેઓ કહે તેમ કરીશું.’ તીરથ અને હું વિદેશ ભણવા જવું અને અનુકુળ થાય તો ત્યાં ડોલરિયા દેશમાં કરિયર બનાવવી એ દિશામાં રજૂઆત કરતા હતાં ને વ્યાસ કાકા એવું કરવામાં કોઈ મોટો ફાયદો નથી એવું સમજાવતા હતાં. એવું જ થયું, મારા પપ્પા કહે, ‘તારે જે કરવું હોય તે કરજે, બાકી મને વ્યાસ ભાઈની વાત યોગ્ય લાગે છે. તું ભણવા જા, પણ

પાછો ફરીને રહેજે તો મારી સાથે જ.' ત્યારે મેં કહેલું, 'પપ્પા વ્યાસ કાકાની વાતો સાંભળીને મેં તો વિદેશ જવાનું જ માંડી વાળ્યું છે.'

તીરથ વધુ ભણવા યુએસ ગયો અને હું અહીં જ રહ્યો. તેના થોડાં જ સમયમાં મારા પપ્પા અચાનક ગુજરી ગયા. હવે તીરથ વિનાના વ્યાસ કાકા અને પપ્પા વિનાનો હું વધુ નજીક આવ્યાં. તીરથનો ફોન કામ હોય ત્યારે જ આવતો અને વ્યાસ કાકાનો ફોન તો ક્યારેય ન આવે, હું ફોન કરું તો કહે, 'તું કામમાં હોય ત્યારે શું ડિસ્ટર્બ કરવું?' પણ હું તેમને મળું તે એમના કરતા મને અને પછી તો મારી પત્ની કાવ્યાને પણ વધુ ગમતું. આ વડીલને કોઈ તકલીફ કે ફરિયાદ જ ન હોય કદી. તેમનો સ્ટાન્ડર્ડ જવાબ હોય, 'ભાઈ, તકલીફ કોને નથી હોતી? શ્રી કૃષ્ણને પણ ક્યાં ઓછી તકલીફ હતી, તેથી જ તો એ બધાથી કેમ બચાય તે ગીતાજીમાં કહી ગયા.'

સમય વીત્યો, હવે અમારી વાતોમાં તેમના દીકરા તીરથનો ઉલ્લેખ ભાગ્યે જ આવતો. હું કહેતો કે 'કાકા તમે કાકીને લઈને અમારા ઘરે જ આવી જાવ.' તો હસીને કહેતા, 'અમે તો અહીંથી છેલ્લી યાત્રા એ જ જઈશું, બાકી ફાવતું હોય તો તમે અહીં આવી જાવ.' પછી હસીને કહેતા, 'આપણે દોસ્ત છીએ તે જ ઠીક છે, બાપ-દીકરો બનીશું તો ફરી તીરથ અને મારા જેવું નહીં થઈ જાય, એની શું ગેરંટી?'

વ્યાસ કાકાના કેટલાંક વિચારો – વિધાનો મારા મનમાં કોતરાઈ ગયાં છે. ૮૦ વર્ષનો આ મારો મિત્ર કહેતો, 'તમારા દુઃખના રોંદણા ન રડો, એવું વર્તો કે સામાનું દુઃખ દૂર થાય, તો તમે બંને સુખી.' કાકા કહેતા, 'એને જ યાદ કરો, જે તમને યાદ કરે છે; જેને તમારી પડી નથી, તેમને પડતાં મુકો.' કાકા કહેતા, 'દુનિયામાં કોઈ વ્યક્તિ એટલી વ્યસ્ત હોતી જ નથી કે ધારે તો પણ તમને યાદ ન કરે કે મળી ન શકે. સવાલ એમની પ્રાયોરીટીનો છે, કોઈ ભૂલી જાય તો માની લો કે તમે તેની પ્રાયોરિટીમાં નથી, એને તમે ભૂલી જાવ.' આવાં હતાં એમના સુખી થવાના સોનેરી સિદ્ધાંતો.

હું ક્યારેક કહેતો, 'કાકા, કોઈ ધરમ કરવાના પૈસા જોઈતા હોય તો કહેજો.'

તો કાકા હસીને કહેતા, 'જો ભાઈ અમે મંદિર જતાં નથી, પણ ભગવાન મને રોજ મળવા આવે છે.'

'એ કેવી રીતે?'

'આ મારા ઘરની બાજુમાં સ્કૂલ છે. એના પ્રિન્સીપાલને કહી રાખ્યું છે કે વર્ષે દસેક વિદ્યાર્થીઓની ફી મારી પાસેથી લઇ જવી. અને ન તો એ છોકરાઓના નામ મને કહેવા, ન મારું નામ એમને કહેવું.'

'એવું કેમ?' 'એનાથી મારો ભગવાન હું પારખી નહીં શકું. મારી બારીમાંથી બધાં છોકરાઓને રમતાં જોઉં ત્યારે માની લઉં કે મારા ભગવાન પણ અહીં રમતાં હશે.'

'કમાલ છો વ્યાસ કાકા!' 'ભાઈ, આજના માણસને કાગડામાં બાપ દેખાય, ગાયમાં મા દેખાય, પથ્થરમાં ભગવાન દેખાય પણ માણસમાં માણસ દેખાતો નથીને, તેના આ બધાં દુઃખ છે.'

ગયાં સપ્તાહે તો કમાલ થઈ ગઈ. મોડી રાત્રે કાકા-કાકી નિરાંતે ઊંઘતા હતાં, બહારના રૂમમાં અવાજ થયો, જાગીને કાકાએ જોયું તો ઘરમાં ચોર આવ્યો હતો. એણે બધી કિંમતી ચીજો લઈને પોટલું બાંધ્યું ત્યાં સુધી વ્યાસ કાકા અવાજ કર્યા વિના જોતાં રહ્યાં. છેલ્લે પેલો નરાજ કાઢીને તિજોરી તોડવા ગયો ત્યારે કાકા શાંતિથી બોલ્યા, 'આ ચાવી લો તિજોરીની ભાઈ, બહુ મહેનત ન કરો.'

ચોર તો આભો થઈ ગયો. ચાવી આપીને કાકાએ કહ્યું, જે જોઈએ તે શાંતિથી લઇ જા. બસ, એનું ચોર ખાનું ન ખોલતો.' ચોરે પૂછી લીધું, 'ચોર ખાનામાં શું છે?'

કાકાએ કહ્યું, 'વારુ એ પણ જોઈ લે, પણ એ તારા કામનું નથી.' ચોરે પહેલાં જ ચોર ખાનું ખોલ્યું તો એમાં હતી ઝેરની એક બાટલી. ચોર તો કાકાને પગે પડ્યો, કહ્યું, 'હીરાની ઘંટી ચલાવું છું. કોરોના કાળમાં મોટી ખોટ ગઈ છે, દેવું થયું છે. લેણદારો મારી નાંખશે માટે ચોરી કરવા આવ્યો છું. પણ હવે તમારા ઘરેથી કંઈ ન જોઈએ, બસ, ઝેરની બાટલી આપી દો.'

કાકાએ કાકીને જગાડીને ચા મુકવાનું કહ્યું, ચોરની વાત સાંભળીને ચા પીવડાવીને વિદાય કર્યો અને બેંક ખુલતાં ચોરને ઘરે જઈને પાંચ લાખ રોકડા આપી આવ્યા ને કહ્યું, 'દેવું ચૂકવી દેજે, ફરી કામ શરુ કરજે અને કારીગરોને યોગ્ય ને નિયમિત પગાર આપતો રહેજે. તને કદી ખોટ નહીં જાય. ખોટ જાય તો મારી પાસે માંગજે પણ ચોરી ન કરતો, કારણ કે તું કાચો ચોર છે, સાચો વેપારી બનશે તો વધુ સફળ થશે.'

તેને બીજે દિવસે કાકીને ગભરામણ થઈ, એમ્બ્યુલન્સમાં હોસ્પિટલમાં લઇ જઈએ તે પહેલાં કાકીએ છેલ્લાં શ્વાસ કાકાના ખોળામાં જ લીધાં. અમે બધાં ગભરાયા પણ કાકા તો એકદમ સ્વસ્થ. બસ, બાજુના રૂમમાં ગયા, પ્રાર્થના કરી અને તીજોરીવાળી ઝેરની બાટલી ગટગટાવી ગયા. અમને કૈક સમજાય તે પહેલાં આ બધું બની ગયું.

હું વધુ ગભરાયો. હવે પોલીસની જંજાળ.. પણ થોડીવારમાં કાકાના વકીલ જાતે જ આવ્યાં. મને કહે, 'ચાલો, હું પોલીસ ચોકી પર સાથે આવું છું. કાકા વિલ કરતા ગયા છે, કાકા કે કાકી જે કોઈ પહેલાં મૃત્યુ પામે તો બીજાએ પેલી તીજોરીવાળી ઝેરની બાટલી પી લેવાની. તે માટેની ચોખવટ લખીને ગયા છે. તમે કાકાના વારસદાર છો. તમને આ મિલકતના ટ્રસ્ટી બનાવ્યા છે, તમારા ટ્રસ્ટે આ મિલકત બાજુની સ્કૂલને આપી દેવાની છે. અને હા, દીકરા તીરથને આ સમાચાર આપવાના નથી.'

'પણ વકીલ સાહેબ, તમને કેવી રીતે ખબર પડી કે કાકા – કાકી...'

'મને સુચના હતી. જે દિવસે મીસ કોલ આવે, તે દિવસે વિલ લઈને અહીં આવી જવાનું. રોજ ફોન કરે અને આવો મીસ કોલ આવશે તે દોહરાવે.. આજે એ મીસ કોલ આવી જ ગયો.'

આવા હતા અમારા વ્યાસ કાકા. તમે એમને દિમાગથી કદી નહીં સમજી શકો, હા, દિલથી વિચારજો, તો તરત સમજાવા માંડશે. (મકાન બતાવી) આ 'વ્યાસ વિલા' હવે બાજુની સ્કૂલની 'વ્યાસ વિંગ' બની જશે.

નરેશ કાપડીઆ – સુરત – ૯૯૦૯૯ ૨૧૧૦૦

(આ કૃતિ સ્પર્ધા માટે નથી.)

## હરાજી

### નરેશ કાપડીઆ

'સાંભળો સાંભળો સાંભળો.. શેઠ નવલશાના કલાભંડારની હરાજી આવતા રવિવારે સવારે ૧૧ કલાકે કિલ્લાના મેદાનમાં યોજાશે.. આપ સૌ જાણો છો તે મુજબ શેઠના નાણાવટ, નવલશાના કોઠામાં છે, તેવાં કલાના નમૂના તો લંડનના મ્યુઝીયમમાં પણ નથી. તમારી પાસે હોય તેટલી દોલત લઈને આવજો અને આ કલાભંડારમાંથી એકાદ પણ ચિત્ર ખરીદશો તો ન્યાલ થઇ જશો. સાંભળો, સાંભળો, સાંભળો..' (દાંડિયો બોલતો બોલતો આગળ નીકળી જાય. રસ્તા પરના રાહદારીઓ એક-બીજા સાથે વાતો કરે.)

'વાહ, શેઠ નવલશાને આ જગતમાંથી જતાં જ વાર લાગી. આ ભૂખડીબારસો તેમના ખજાનાને લૂટવા બેઠાં છે!'

'હાસ્તો વળી! શેઠે તો આખી દુનિયા ફરીને મોંઘામાં મોંઘા ચિત્રો ખરીદ્યાં હતાં. આ નવલશાના કોઠાની જાહોજલાલી એમાંથી તો ઊભી થઇ છે. કોઈ પણ અંગ્રેજ અફસર સુરતમાં આવે છે તો તે પહેલો આ કોઠાના ચિત્રોનો સંગ્રહ જોવાં આવે છે. જેને અંગ્રેજીનો કક્કો પણ નહોતો આવડતો તે નવલશા આટલા મોંઘાં ચિત્રો ક્યાંથી લાવ્યો હશે, તે કોઈ અફસરને સમજાતું જ નહોતું.'

'અરે ભાઈ, આ શેઠ તો કલાના ઝવેરી હતાં ઝવેરી. ડક્કા ઓવારાથી નારિયેળી પૂનમે નારિયેળ વધેરીને નાણાવટના શેઠ નવલશાનું જહાજ ઉપડે, પછી જ બીજા જહાજ ઉપડે. ગયા વર્ષે ખરીદેલા ચિત્રો લઈને શેઠનું વહાણ આફ્રિકા અને યુરોપના બંદરોમાં લાંગરે અને જે-તે બંદરોમાં 'કલા-વારસો ઉત્સવ' યોજાય. કલા પારખુઓ મોં માંગ્યા દામ આપીને શેઠના ચિત્રો ખરીદે. એ નાણામાંથી શેઠ એ દેશના કિંમતી ચિત્રો ખરીદે અને તેમનું જહાજ જાય બીજા દેશમાં. અડધી દુનિયા ફરીને શેઠ પાછા ફરે ત્યારે અડધું વહાણ નાણાથી ભરેલું હોય અને બાકીનું અડધું શેઠે ખરીદેલાં દુનિયાના શ્રેષ્ઠ ચિત્રોથી. નવલશા જેવો કલાપારખું થયો નથી અને થવાનો નથી.'

‘તે હેં! આ એજ શેઠ છેને જેનો જુવાનજોધ દીકરો આગમાં બળી મરેલો?’

‘ભાઈ, એને બળી મરેલો ના કહેવાય. એ તો જાંબાઝ બાપનો જાંબાઝ દીકરો હતો. ત્રીજા વર્ષની ચાંદની પડવાની રાતે લક્કડકોટમાં મોટી આગ નહોતી લાગી? લાયબંબા પહોંચેને, તે પહેલાં આ દીકરો પહોંચી ગયેલો. લક્કડકોટને ખૂણે જૈન સાધુઓનો નિવાસ હતો. મરજાદી વૈષ્ણવ નવલશાના આ દીકરાએ ડઝન જેટલાં જૈન મહારાજો અને ગરીબ ગુરબાઓને બળી મરતા  બચાવેલાં. સાચ્ચો વૈષ્ણવ તો એ સાબિત થયેલો. છેલ્લે એક અપંગ વૃદ્ધ મહારાજને ઊંચકીને આવતા આ દીકરા પર સાધુ નિવાસનો મોભ તૂટી પડેલો અને બંને જણા ત્યાં જ સ્વાહા થઇ ગયેલાં. લોકો તો જોતા જ રહી ગયેલા.’

‘બસ, ત્યારથી શેઠ ભાંગી પડેલા. એક પણ સફર ત્યાર પછી તેમણે ખેડી નથી. શેઠ કહેતાં, મારો દીકરો ખરો કલાપારખું હતો. એનામાં સૌથી સારા ચિત્રની પરખ હતી. એ જેના પર હાથ મુકેને, એ ચિત્રને હું મોં માંગી કિંમતે ખરીદી લઉં, ને બીજા બંદરે એનાથી દસ ગણા નાણા મળતાં. પોતાના દીકરાને ગયાં જનમનો ‘ગાન વોગ’ કહેતાં’તા શેઠ.’ – ‘કાકા, ‘ગાન વોગ’ નહીં ‘વાન ગોગ’. – ‘તે હશે ભાઈ, મારે મન તો ગાન હોય કે વાન હોય, બધું જ સરખું.’

‘પણ શેઠ ભાંગી પડેલા એ વાત ખરી. ત્યારે શેઠ પાસે જે ચિત્રો હતાંને, એજ લાખોનાં હતાં. સાત પેઢી બેઠે બેઠી ખાય તેવો આ ખજાનો છે. ને નસીબ જુઓ, શેઠનો એકનો એક જુવાન દીકરો જ સ્વાહા થઇ ગયો. છ મહિનામાં એની મા પાછી થઇ, ને હવે શેઠની આંખ મિંચાઇ ગઈ. આટલો મોટો કલાનો ખજાનો નધણીયાતો થઇ ગયો. પછી એની હરાજી જ કરવી પડેને!’

‘અરે જોજો તો ખરા, રાજા રજવાડા ને નવાબો ને અંગ્રેજ અફસરો આ હરાજીમાં આવશે. મોં માંગ્યા દામ આપીને ખજાનાના ચિત્રો ખરીદશે. સુરતના બજારમાં કદી ન થઇ હોય એવી હરાજી આવતા રવિવારે કિલ્લાના મેદાનમાં જોવા મળશે.’

‘ભાઈઓ, શાંતિ જાળવો. સુરતના ઇતિહાસની મોટી હરાજી શરુ થાય છે. શેઠ નવલશાના કોઠાની દીવાલો પર ટાંગેલો અને વખારમાં વર્ષોથી જાળવેલો, દુનિયાભરના પેઇન્ટિંગ્સનો આ ખજાનો તમારી સામે છે. આ ખજાના સામે અનેક રજવાડાના મ્યુઝીયમો ફિક્કા લાગે. આપણે હરાજી શરુ કરીએ છીએ. દેશ ને દુનિયાનો કોઈ મોટો ચિત્રકાર એવો નહીં હોય, જેના ચિત્રો અહીં નહીં હોય. મહેરબાનો, કદરદાનો.. આપણે એ મહાન ચિત્રોની  હરાજી શરુ કરીએ તે પહેલાં (એક ચિત્ર બતાવી) આ ચિત્રને ધ્યાનથી જુઓ. તદ્દન સામાન્ય છેને? સૌથી પહેલાં આ સાદા ચિત્રના દામ બોલો. અમે ઠરાવી છે એની કિંમત.. સો રૂપિયા.. બોલો છે કોઈ લેવાલ? સો રૂપિયા..’

'અલા ભાઈ, અમારી મશ્કરી કરો છો? દુનિયાના મોટા કલાકારોના નામ લો છો અને આ સામાન્ય ચિત્ર પકડાવો છો? આના કોઈ બે આના પણ નહીં આપે, અને તમે સો રૂપિયા માંગો છો? આ હરાજી છે કે મજાક?'

'આ ચિત્રના સો રૂપિયા. છે કોઈ લેવાલ? હસો નહીં મહેરબાનો.. છે કોઈ લેવાલ?'

'પાંચ રૂપિયા..'

'એ કોણ બોલ્યું? આગળ આવો. આવ દીકરા.. તેં? તેં પહેલી બોલી બોલી? ઊભો રહે, મારી સામે. મહેરબાનો, પાંચ રૂપિયામાં આ ખાસ ચિત્ર, પાંચ રૂપિયા એક વાર, પાંચ રૂપિયા બે વાર... બોલો, બોલો.. પાંચ રૂપિયા ત્રણ વાર. લાવ બેટા, પાંચ રૂપિયા.. હેં? પોટલી ભરીને પરચુરણ? કોણ છે તું, બેટા?'

'કાકા હું ભિખારી છું. મોટા મંદિરની બહાર બેસું છું. છેલ્લા ત્રણ મહિનાની ભીખના પાઈ પાઈ કરીને ભેગા કરેલા આ નાણા છે. લઇ લો અને આપી દો મને આ ચિત્ર.'

'બેટા, આ ચિત્ર હવે તારું થયું. લાવ તારી પોટલી. પણ કહે તો ખરો.. તેં કેમ ભીખની પાઈ પાઈ આ સાધારણ ચિત્ર માટે આપી દીધી?'

'હરાજીવાળા કાકા, આજે મારી પાસે પાંચ લાખ હોતને, તો તે પણ મેં આ ચિત્ર માટે આપી દીધા હોત. લક્કડકોટની આગ પછીની દેવ દિવાળીએ મેં જ આ ચિત્ર બનાવ્યું હતું. તમે જેને સામાન્ય ચિત્ર માનો છોને, (ચિત્રને છાતીએ વળગાડી) એ મારો ભગવાન છે. (રડતાં) એણે મારી ભિખારણ મા ને બચાવેલી, આગમાંથી. મારી ઘરડી, ગંધાતી બાને (ચિત્ર બતાવી) આ જાંબાઝે પોતાના ખભા પર ઊઠાવેલી ને ભડભડતી આગમાંથી એને બહાર લાવેલો, એ આ દેવ હતો. લોકોને બચાવતા એ તો ખપી ગયો હતો, એની પણ મને તો ખબર નહીં. મારી બા બહુ દાઝેલી હતી, એની સેવા કરતો હતો ત્યારે બા એ કહેલું, કે એને બચાવનારો તો મોટા શેઠનો દીકરો હતો. બેસતા વરસની સવારે સબરસ વેચવા નીકળેલોને, ત્યારે મેં એ શેઠને પહેલી વાર જોયેલા. દિવાળી હોવા છતાં એના કોઠામાં અંધારું હતું, કારણકે એના ખાનદાનનો ચિરાગ જ આગમાં ઓલવાઈ ગયેલો. મારે એના ચેહરા પર ખુશી જોવી હતી. મને ચિત્ર દોરતા આવડે, પણ એ તો દીવાલ પર કે રસ્તા પર કોલસાથી દોરું. દિવાળીમાં લોકો મને સાથીયો પાડવા બોલાવે. મેં બાએ વર્ણવેલા એવા આ દેવનું ચિત્ર દોરેલું. દેવદિવાળીએ શેઠને જઈને મેં જાતે આ ચિત્ર ભેટ આપેલું. જ્યાં દુનિયાના સારામાં સારા ચિત્રો હોય ત્યાં મારા ચિત્રની શી વિસાત? પણ ત્યારે હું રડતો હતો. મારી બાને એણે કેવી રીતે બચાવેલી એની વાત સાંભળીને શેઠની આંખો પણ ભીની થયેલી. એ ચિત્રને લઈને શેઠે મૃત્યુ પામેલી શેઠાણીના જાજરમાન ચિત્રની નીચે મારું ચિત્ર મુકેલું. આ આ ચિત્ર.. હરાજીવાળા કાકા, આને માટે હું પાંચ તો શું પાંચ લાખ પણ આપી દઉં. માફ કરજો.. નાને મોઢે મોટી વાત થઇ ગઈ હોય તો.'

‘શાંતિ રાખો, મહેરબાનો.. જરા ધીરજથી સાંભળો. આ હરાજી અહીં જ પૂરી થાય છે. આપ દેશ-દેશાવરથી ભલે આવ્યા હો, પણ શેઠ નવલશાના વસિયતનામાં મુજબ, તેના દીકરાનું આ ચિત્ર જે ખરીદે તેને તેમનો ચિત્રોનો આખો ખજાનો આપી દેવાની જોગવાઈ છે. માફ કરજો, તમે બધાં વેપારીઓ છો. (છોકરાને બતાવી) આ છે ખરો કદરદાન. હવે એ આ ખજાનાનો માલિક બને છે.’

નરેશ કાપડીઆ – સુરત - ૯૯૦૯૯ ૨૧૧૦૦

(આ કૃતિ સ્પર્ધા માટે નથી.)

# લડવું નહીં

## નરેશ કાપડીઆ

(અભિનેતા એકાએક મંચ પર ધસી આવે – સગવડ હોય તો પ્રેક્ષકોમાંથી આવે)

બસ! શાંતિ. હવે મારો વારો. ના, લડવું નથી.. ન મારે, ન તમારે..

ચાલો આજે એક વાર્તા કહું તમને.. મેઇડ ઇન જાપાન. ત્યાનું બધું જ સારું હોયને! ખાતરી રાખજો, આ વાર્તા પણ બહુ સારી જ છે.. લડતા નહીં બસ..

નાનો હતો ત્યારે મારા દાદાજીએ ખોળામાં બેસાડીને કહેલી આ ‘મેઇડ ઇન જાપાન વાર્તા’. દાદા એને ‘ટેંગ કથા’ કહેતા. મોટા થયાં પછી મને સમજાયું કે એ ‘ટેંગ કથા’ નહીં, ‘ઝેન કથા’ છે. છોડો, એના નામ માટે લડવું નથી. તો એક હતો યોધ્ધો. રાજાનો પ્રિય. રાજા માટે સતત લડે. જબરો તલવાર બાજ. એકવાર એના હાથમાં તલવાર હોય તો કદી હારે જ નહીં. કોઈ નહીં ટકે એની સામે.

વધુ એક વાર રાજા માટે યુદ્ધ લડીને તે વધુ એક વાર વિજેતા બનીને આવ્યો. રાજા ખુશ, રાજા ખુશ એટલે પ્રજા પણ ખુશ. આખા નગરે પણ શાબાશી આપી. રાજાએ શિરપાવ આપ્યા. યોધ્ધો તો ખુશ. (અભિનય) એક હાથમાં ઉઘાડી તલવાર અને બીજા હાથમાં સિરપાવનો થાળ લઈને યોધ્ધો રાજમહેલથી તેના ઘર સુધી આવ્યો. રસ્તામાં બંને બાજુ નગરજનો, તેના પર ફૂલ વરસાવતાં હતાં. યોધ્ધો હોય તો આવો. મેઇડ ઇન જાપાન.

યોધ્ધા ભાઈ તો ઘરમાં આવ્યા. શિરપાવ મુક્યો નીચે, તલવાર ટાંગી ખીંટીએ. હવે થાક વર્તાતો હતો. પણ જેવો એ તેના પલંગ તરફ ગયો, કે તેણે શું જોયું? એક ઉંદર. હા એક ઉંદર, બેખોફ તેના પલંગ

પર બેઠો હતો. આવા અલમસ્ત યોધ્ધાને જોઈને ઉંદર જરા પણ ડર્યો નહીં. બહુ નારાજ થઇ ગયાં મેઇડ ઇન જાપાન યોધ્ધા ભાઈ. ઉંદર કી યે મજાલ? હવે આ યોધ્ધાને ગુસ્સો આવે એટલે બીજું કંઈ એને યાદ આવે? કુદીને ખીંટી પરથી લીધી તલવાર! ઉંદર, તેરી યે મજાલ! મારા પલંગ પર તું?

પણ હવે મજા આવી. સામે પહાડ જેવો યોદ્ધો અને તેના હાથમાં ખુલ્લી તલવાર જોઈને ઉંદર જરા પણ ડર્યો નહીં. જાણે ઉંદર પલંગ પરથી કહેતો હતો, 'જા જા, તલવાર કાઢવાથી શું વળે? હું કોઈ માણસ થોડો જ છું કે તારાથી ડરી જાઉં?' યોદ્ધા ભાઈનો તો પિત્તો ગયો. મારી તલવાર પલંગ પર. પલંગના બે ટુકડા. પણ આ શું? ઉંદર તો છટકીને માટલા પર જઈને બેઠેલો. યોધ્ધાનો પિત્તો વધુ ગયો. સટાક. માટલાના ટુકડે ટુકડા.. યોદ્ધા ભાઈ તો અંધાધુંધ ચલાવવા માંડ્યા તલવાર. જ્યાં ઉંદર દેખાય ત્યાં કર્યાં તલવારના ઘા. ઘડીભરમાં તો યોદ્ધાનું આખું ઘર યુદ્ધભૂમિ જેવું થઇ ગયું, પણ પેલો ઉંદર? એતો જાણે અમર બનવા સર્જાયો હોય તેમ ત્યાનો ત્યાં જ, અડીખમ. એવી રીતે તે યોદ્ધા સામે જોતો હતો કે જાણે કહેતો હોય, 'આવી જા!' યોદ્ધાએ વધુ જોર કર્યું. મરણીયા બનીને તલવાર ચલાવી. હવે તલવારના ટુકડે ટુકડા થઇ ગયા. એકલી મૂઠ હાથમાં રહી ગઈ.

હવે યોધ્ધો ગભરાયો. એને થયું, 'આ કોઈ દૈવી ઉંદર લાગે છે. મારાથી નહીં મરે.' હાથમાં તૂટેલી તલવાર સાથે પરસેવે રેબઝેબ મેઇડ ઇન જાપાન યોધ્ધા ભાઈ તો ઘરમાંથી બહાર નીકળ્યા, મદદ માંગવા. એના ધમપછાડા સાંભળીને આમ પણ મહોલ્લાવાલા ભેગા તો થઇ જ ગયેલાં. થોડીવાર પહેલાં જ તો તેમણે આ મહાન યોધ્ધા પર પુષ્પવર્ષા કરેલી. કોઈએ પૂછ્યું, 'ઉસ્તાદ, શું થયું? દુશ્મન ઘરમાં ભરાયો છે?'

'ઉંદર! એક ઉંદર ભરાયો છે ઘરમાં, મારી તલવાર તૂટી ગઈ પણ ઉંદર મરતો નથી.'

લોકો પણ ગભરાયા. 'બાપરે! આવો ઉંદર? જે આ યોદ્ધાથી પણ ન હારે?'

પણ ટોળામાંથી એક બાળક બોલી ઉઠ્યો, 'ઉસ્તાદ, ઉંદર મારવા માટે તલવારની નહીં, બિલાડીની જરૂર પડે.' એ છોકરાના બાપને ડર લાગ્યો, હમણાં યોધ્ધો મારા દીકરા પર તૂટી પડશે. એણે છોકરાને લઈને ભાગવા માંડ્યું. યોદ્ધાને સમજતા વાર લાગી. 'અચ્છા, બિલાડી. ઠીક છે, હમણાં બિલાડીને પકડી લાવું. ક્યાં હશે બિલાડી?' ભાગતા ભાગતા છોકરો બોલ્યો, 'જ્યાં કૂતરો નહીં હોય, ત્યાં બિલાડી હશે.'

હવે જુઓ મઝા. નગરની બીલાડીઓમાં જંગલની આગની જેમ વાત ફેલાઈ ગઈ. યોદ્ધા મહાશયથી એક ઉંદર મર્યો નથી, તેને મારવા યોદ્ધો બિલાડી શોધે છે. ભાગો.. એ દૈવી ઉંદર આપણાથી નહીં મરે તો? યોદ્ધાની તૂટેલી તલવાર પણ આપણા તો બાર વગાડી દેશે. માટે ભાગો.

યોદ્ધો તો તૂટેલી તલવાર સાથે નગરમાં બિલાડી શોધવા ભુરાંટો થઇને દોડવા લાગ્યો. બિલાડીઓ ફફડી. એક ડાહી બિલ્લી માસીએ સલાહ આપી, ‘રાજાના મહેલની સુપર કેટને ખબર આપો. એજ આપણને બચાવી શકે. બે બિલાડી ઉપડી રાજાના મહેલમાં. જઈને સુપર કેટને કહ્યું, ‘નગરની બધી બિલ્લી માસીઓને યોદ્ધાથી તું જ બચાવી શકે.’

સુપર કેટે આળસ મરડી, પૂછ્યું, ‘પ્રોબ્લેમ કોણ છે? યોધ્ધો? કે ઉંદર?’ ડાહી બિલ્લી માસીએ કહ્યું, ‘એ ઉંદરનો ઈલાજ થાય તો યોદ્ધાભાઈ ઠંડા પડે’. સુપર કેટ હસી, ‘ઓકે, ચાલો મારી સાથે, બતાવો યોદ્ધાનું ઘર. હું તો મહેલમાં રહી રહીને નગરનો નકશો પણ ભૂલી ગઈ છું’.

યોદ્ધો ધુંવાપુવાં થઈને નગરમાં બિલાડી શોધે ને ડાહી બિલ્લી સુપર કેટને લઇને પહોંચી યોધ્ધાને ઘેર. ડાહી બિલ્લીએ શિખામણ આપી, ‘સુપર કેટ, જોજે, આ ઉંદર ભારે છે, તારું રાજમહેલનું નામ નહીં ડુબે, સાચવજે.’ સુપર કેટે સ્માઈલ આપ્યું, કુદીને ગઈ યોદ્ધાના ઘરમાં.. આમતેમ ફરીને શોધી કાઢ્યો ઉંદરને, એક જ તરાપમાં ઉંદર એના મોમાં. લોહીલુહાણ ઉંદરને લઈને સુપર કેટ યોદ્ધાની અદાએ બહાર આવી, ‘આજ ઉંદરને? વાહ, કેટલો સ્વાદિષ્ટ છે?’

બધી બિલ્લીઓ હવે સુપર કેટને વીંટળાઈ વળી. ‘અલી, તને ડર નહીં લાગ્યો?’

સુપર કેટે જીવનનું રહસ્ય સમજાવ્યું.. ‘ડર? ઉંદરનો વળી ડર કેવો? મારવું એ બિલાડીનો સ્વભાવ અને મરવું એ ઉંદરનો સ્વભાવ, એનો ડર? તમારે હમેશા સ્વભાવગત વર્તન કરવું. બસ, ખતમ. આપણો બિલ્લી માસીઓનો સ્વભાવ માણસથી ડરીને રહેવાનો, એટલે લપાતા છુપાતા રહેવાનું. એમની સાથે લડવાનું નહીં. પણ આ ઉંદરની શી વિસાત?’

સુપર કેટે નગરની બીલ્લીઓને સુપ્રીમ સમજ આપી, ‘તમે જયારે લડવાનું શરુ કરો છોને ત્યારથી હારવાનું શરુ કરો છો’.

દોસ્તો, દાદાની આ વાર્તા ક્યાં લગાડવી એ આખું જીવન હું વિચારતો રહ્યો છું. આપણા દેશ પર? આપણા અર્થકારણ પર? કે રાજકારણ પર? જોયું? તમે પણ વિચારવા માંડ્યાને? વિચારવું એ આપણો

માનવોનો સ્વભાવ છે.. પણ સુપર કેટે શીખવ્યું હતું, 'લડવું હોય તો વિચારવું નહીં, અને વિચારશો તો લડી શકશો નહીં.' મારે નથી લડવું. હું ચાલ્યો મારી જગ્યાએ પાછો.

(પ્રેક્ષાગારમાં વિલીન થાય.)

નરેશ કાપડીઆ – સુરત - ૯૯૦૯૯ ૨૧૧૦૦
(આ કૃતિ સ્પર્ધા માટે નથી.)

# ધર્માદો

## નિલેશ નાકરાણી

લોકેશન : મોટા ઉદ્યોગપતિના ઘરનો ડ્રોઈંગ રૂમ. પૂર્વ ભૂમિકા: ગામમાં નવા બંધાતા મંદિર માટે કેટલાક યુવાનો ગામના મોટા ઉદ્યોગપતિ પાસે ડોનેશન લેવાં આવેલા હોય છે ત્યારે..

શું! શું, કહ્યુ! મંદિર માટે. ડોનેશન લેવા આવ્યા છો!
(જરા કટાક્ષમાં હસતાં હસતાં) શું વિચારીને આવ્યાં હતાં? શેઠ, દાનમાં મોટી રકમ આપશે. એમ જ ને!!! (મોટે મોટેથી હસે છે.)
(ગુસ્સા સાથે મોટેથી) તો! સાંભળો. આ. આ પૈસા મારા છે. મારા! યાદ રાખજો! મારી મહેનતનો પૈસો છે. ભગવાન ના નામે તો, કુટી કોડી પણ નહીં મળે. કુટી કોડી પણ.... તમારો એ ભગવાન કાઇ આપવા નથી આવ્યો. સમજ્યા!
પહેલાં એને કહો, મારું જે એણે લીધું છે ને! એ પાછું આપે.
તમારા આ ભગવાનને પુછજો... શું વાંક હતો? તે દિવસે શું ભુલ હતી મારા મિત્ર સુનિલ ની.
(નોર્મલ થઈ ને) તે દિવસે, હા મને બરાબર યાદ છે. મારી સોળમી વર્ષગાંઠ હતી. સવારે સુનિલ મારી સાથે મંદિરે ફક્ત દર્શન કરવા આવેલો. અમે તો ફક્ત ભગવાન ના દર્શન કરી ને પ્રસાદ લઇને ખુશ થઈ મસ્તી કરતા કરતા ઘરે આવવા હજું તો નીકળ્યા જ હતા! મને બુટ પહેરવામાં થોડી વાર થઈ અને, સુનિલ એટલી વારમાં થોડો આગળ નીકળી ગયો.
(થોડા ડરના ભાવ સાથે) સુનિલ! સુનિલ જેવો મંદિર ના દરવાજા પાસે પહોંચ્યો ને. ને!ને! ત્યારે જ! હા! હાં! ત્યારે જ! મોટો ધડાકો થયો. (મોટેથી) ભુમ....!

(એકદમ ડરેલા ભાવ સાથે) હું કઇ પણ વિચારૂ કે સમજું તે પહેલા તો ચારે બાજુ દોડા દોડી અને નાસભાગ મચી ગઇ! (બન્ને હાથ વડે માથું જોરથી દબાવતા) ભાગો! ભાગો! બચાવો! બચાવો! સાથે આક્રંદ અને ચીચીયારીઓ નાં અવાજથી વાતાવરણ ગમગીન બની ગયું. (ડરને કારણે ગાંડાની માફક ચારે બાજુ મોં ફેરવીને આંટા મારવાં લાગે છે.) હું પાગલ જેવો થઇ ગયો. અને, અને! ત્યારે! ત્યારે! ત્યારે, મારી નજર સુનિલ ઉપર પડી. લોહી ના ખાબોચિયાંમાં તડફડી રહ્યો હતો. હું દોડી ને તેની પાસે ગયો. તેનું માથું ખોળામાં લઇ ને રડતાં રડતાં તેને બચાવવા આજુબાજુ ટોળે વળેલા લોકોને આજીજી કરતો રહ્યો. પણ, મને મદદ કરવા કોઈ જ આગળના આવ્યું. હું દોડીને મંદિર ના પુજારી પાસે ગયો. તેણે પણ મને મદદના કરી. ફરી હું દોડીને સુનિલ પાસે ગયો. ફરી મારા મિત્ર નું માથું ખોળામાં લઇ ને બેસી ગયો. સુનિલ નું શરીર ધીરે-ધીરે અક્કડ થતું ગયું અને નિશ્ચતેજ થઈ ને મારા ખોળા માં પડ્યું હતું. મારો. મારો મિત્ર ત્યાજ....!!! (રડવા લાગે છે.) (થોડી વારે સ્વસ્થ થઈને રડતાં રડતાં ધીમેથી) ત્યારે મારી મદદ કોઈ એ ના કરી.

(આંસુઓ લુછતા લુછતા સ્વસ્થ થઇ ને) પુછો તમારા એ ભગવાનને. ત્યારે, ક્યાં ગ્યો તો તમારો ભગવાન! શું વિચારીને આવ્યાં છો? (વ્યંગ માં હસતાં હસતાં) હવે આવી જ ગયા છો! તો, ચા પીને જ જો. એ, રામુ! આ લોકોને ચા પીવડાવી ને વીદાય કરો.

(કડક શબ્દોમાં) અને, હા. સાંભળી લો! તમારી જેમ, હું કાંઈ નવરો નથી! મારે ઘણા કામો છે. માટે, હું. જાવ છું.! (કહીને ચાલવા માંડે છે.)

નિલેશ નાકરાણી - **99131 66761**

# કાદંબરીની મા

## નિરંજના જોશી

મા, તું જન્મદાત્રી થઈ. પણ મને ઓળખવામાં થાપ ખાઇ ગઇ. તારી ભોગવાદી દ્રષ્ટિએ જ તેં મને સુખી વર અને ઘર શોધવામાં ઇતિકર્તવ્ય માન્યું. મોટર, આભૂષણો, બંગલો, નોકર ચાકર એટલે સુખ? તારે મન તો દીકરી ને ગાય, દોરે ત્યાં જાય. મને વૈભવમાં આળોટતી જોવાં તેં મને પરણાવી નિરાંતનો શ્વાસ લીધો હતો. તેં તો સાસરિયામાં રહેવા માટે મૂંગા રહેવાની અને ધીમે બોલવાની- આ બે કાંખઘોડી કરિયાવરમાં આપી હતી. મેલી મથરાવટી ધરાવતા સંબંધોનાં ભ્રમિત ખ્યાલોમાં રાચતી તેં તો મને સાસુનો કદી ભરોસો ન કરવાનું મંત્રજલ પીવડાવીને જ વળાવી હતી. તારું માનેલું સુખ પામવા મારે પતિનો બધો દુર્વ્યવહાર સહી, શરાબ પીને, પરસ્ત્રીગમન કરીને, મારાં પર હાથ ઉપાડે તો પણ તારા કહેવાતા સુખ ખાતર તેને પ્રેમ કરવાની અને ઉપરથી માફી માંગવાની તારી સૂફીયાણી સલાહો મા! કોઈ કાળે મારે ગળે ઉતરતી નથી. સંપત્તિની આડમાં સલામતી શોધવાની?

અરે! એકવાર તો તેં મને ધમકી પણ આપેલી કે આંખ આડા કાન કર, અહીં પાછી આવી છે તો જોજે!

શું વિનાશ્રયા ન શોભન્તે પણ્ડિતા વનિતા લતા?

હું તો હતી ઘેનમાં- માનાં શબ્દોનાં, પતિની સમૃદ્ધિના અને મારી પોતાની નિષ્ક્રીયતાનાં!

મારાં સાસુ ખરેખર વિજયા નામ સાર્થક કરે તેવા હતાં. તેમણે જ્યારે જાણ્યું કે મારો ધણી મને ગાંડી ઠરાવીને છુટાછેડા આપવાનું કાવતરું ઘડે છે, ત્યારે તે અવાક્ થઈ ગઈ. તેણે મારા હૈયાનાં વડવાનલને ફૂંક મારી પ્રજ્જ્વલિત કર્યો. મરતી નથી તેથી જીવતી રહેનારી હું નિશ્ચેતન બનીને શ્વાસો ગણ્યે રાખતી હતી.

અનિલે દેવાળીયા થવાની ચાલ ચાલી, ત્યારે મને થયું કે સંજોગો ધણીને મરવા મજબૂર કરે એ પહેલાં હું જ ખતમ થઈ જાઉં. અહીં વિજયા માનો જય થયો, ને હું હારી. કારણ જીવાડે તે જીતે ને મરે તે હારે. તે મને આત્મનિર્ભર બનાવવા કમર કસવા લાગી હતી. મને કહે: તારે ખુમારીથી જીવવાનું છે. જાગી જા કદંબ! આ દુનિયા ઘણી મોટી છે. એમાં બધું નવુંનવું, વિચિત્ર, ચમત્કારિક, આહ્લાદક થાય છે. તારે જન્મ્યાનો આનંદ અને જીવવાનો ઉત્સવ ઉજવવાનો છે.

સાસુ, સગર્ભા એવી મને કહે, અનિલ જોડે જકડી રાખતી સોનાની સાંકળ તોડી નાખવી હોય તો તે તોડી નાંખવાની પણ તને છૂટ છે. હું જેને પાપ માનતી હતી, પણ એમની પાપ-પુણ્યની પરિભાષા વ્યવહારું હતી? તું પોતાની રીતે, પોતાને માટે જીવી શકે છે. તારી જાત પ્રત્યે પણ કંઈ ફરજ છે, એ ક્યારે બજાવીશ? ઘર છોડીને નહીં પણ ઘરમાં જ રહીને!

આમ કદંબમાંથી કાદંબરીને સ્વયંપ્રભ, સ્વયંપ્રજ્ઞ, સ્વરક્ષિત, સ્વનિર્ભર જો કોઈએ બનાવી હોય તો જન્મદાત્રીએ નહીં, જીવનદાત્રીએ. **Mother-in- law**નાં રૂપમાં છુપાયેલી **Mother-in-love**એ!

અસ્તુ.

નિરંજના જોશી – મુંબઈ – ૯૮૨૦૬ ૩૭૬૪૫

ધીરુબેન પટેલ રચિત 'કાદંબરીની મા' લઘુનવલ પર આધારિત.

# રાધા (કર્ણની પાલક માતા)

## પારુલ બારોટ

આવો...આવો...મહારાણી કુંતી. આપને નતમસ્તક વંદન કરું છુ. આજ આમ આ દાસીના ઘરે અચાનક આવવાનું કેમ થયું? શું રસ્તો તો નથી ભૂલ્યા ને?

મને ઓળખી? હું સારથિ સોમપ્રભની દીકરી અને અધિરથની પત્ની તથા મહાન બાણાવળી કર્ણની માતા રાધા....મારા કર્ણની સંસ્કારધાત્રી, બાલ કર્ણથી માંડી પૌરુષનું પીયૂષ રેડનાર શુદ્રમાતા આપનું સ્વાગત કરે છે.

એક દાસી તરીકે અનેક અપમાન સહન કર્યા, લોકોના અત્યાચારો વેઠયા, ત્યારે કોઈને દયા આવી નહીં. આજે અચાનક આપનું આવવું મારા મનમાં કોઈ સંદેહ ઊભો કરે છે.

પણ, સાચું કહું? 'હિન કર્મે માણસ હિન કહેવાય, હિન જન્મે નહીં.' એ વાત તો આપ ખૂબ સારી રીતે જાણતા હશો.

મને દ્રૌપદીના ચિર હરણના અકલ્પ્ય પ્રસંગ પછી કર્ણની વિચારસરણી ગમતી નથી. કર્ણનું દુર્યોધન સાથે રહેવું જરાય ગમતું નથી અને માટે જ અમે બંને અહી યમુના કિનારે શેષ જીવન ભક્તિમય ગાળી રહ્યા છીએ....(અહીં કુંતા કર્ણનો જન્મ કેવી રીતે થયો એ સ્પષ્ટ કરે છે)

હે..હે...શુ બોલ્યા ?તમે મારા કર્ણની જન્મધાત્રી છો? તો આટલાં વર્ષ ક્યાં છુપાઈને બેઠા હતા?

જ્યારે ડગલે પગલે કર્ણને વિદ્યાપ્રાપ્તિ માટે અસહ્ય ટીકાનો ભોગ બનવું પડ્યું હતું ત્યારે ક્યાં હતા?... માતા તમે તમારો બચાવ કરવા એક નવજાત શિશુને પાણીમાં વહેતો મૂકી દીધો હતો ત્યારે મમતા ક્યાં ગઈ હતી?

માતા કુંતી હું કર્ણના વિચારથી સહમત નથી, એથી કંઈ એવું નહીં માની લેવાનું કે એને મે તમારી જેમ ત્યજી દીધો છે મારો દીકરો રાધે મારો છે અને યુગ યુગાંતર રહેશે...
સાંભળો સાંભળો ..વર્ષોથી કર્ણની હું પાલક માતા છુ એ વાત મારા હ્રદયદ્વારમાં બંધ હતી એ આજે તમે ખોલી નાખી છે....પણ..પણ..કર્ણ મારો છે..એ મારો દીકરો છે અને રહેશે....(કુંતા કર્ણને યુધ્ધમાંથી હટી જવા રાધાને વિનંતી કરે છે. )
શું તમે એવું શી રીતે કહી શકો કે યુધ્ધમાંથી કર્ણ હટી જાય...એ તો એના માટે અશક્ય છે.દુર્યોધનના કરેલા અનેક ઉપકાર નીચે એ દબાયેલો છે.એ એની ફરજ મૃત્યુંના અંતિમ શ્વાસ સુધી બજાવશે .એ યુધ્ધમાંથી પીછે હટ ક્યારેય નહીં કરે.
કુંતા માતા હું જાણું છુ તમે તમારા પાંચ પુત્રોનું જીવનદાન લેવા આવ્યાં છો. પહેલા ઇન્દ્ર દ્વારા છળકપટથી એના કવચ અને કુંડળ દાનમાં માંગી લીધાં અને હવે યુધ્ધમાંથી પણ બહાર કાઢો છો....? મારા પુત્રને મે મારા હૈયામાં કંડારી રાખ્યો છે.એ ફક્ત મારો અને મારો જ છે....તમારી વાત પરથી મને ડર લાગે છે કે તમે મારા પુત્રને છીનવી લેશો.....
ચાલો આ બધામાંથી એક રસ્તો કાઢું છુ...'તમારાં પાંચ પુત્રોની રક્ષા માંગવા આવ્યા છોને? કુન્તી મા? હું તમને તે જ આપું છું. 'કર્ણની માતાનું આ વચન છે. યુધ્ધમાં કર્ણ અર્જુન સિવાય કોઈની સાથે યુદ્ધ નહીં કરે. ને.. ને... જો પાંચ પાંડવોમાંથી કોઈ પણ વીરગતિ પામશે તો કર્ણ તમારી થાપણ છે. હું તમને મારા હાથે આપીશ. કુંતા દેવી, તમારા પાંચ પુત્રો પાંચના પાંચ જ રહેશે. પાંચના પાંચ જ રહેશે......

પારૂલ બારોટ – અમદાવાદ – ૯૪૨૬૮ ૬૩૩૧૧

# ગરીબી

## પીના પટેલ 'પિન્કી'

અરે, ઓ શેઠ મને કંઇ કામ હોયતો આપોને..
મને આમ હડધૂત ના કરો  તમે જે કહેશો તે કામ હું કરીશ.
(લે આ દસ રૂપિયા)
શેઠ મારે ભિખમાં પૈસા નથી જોઇતા મારે કામ કરીને પૈસા કમાવવા છે. અમે ગરીબ ભલે છીએ શેઠ પણ ઇમાનદારીથી જ કમાવવું છે.
(રડતો રડતો આગળ બીજી દુકાને જાય છે.)
સાહેબ ઘરે બાળ બચ્ચાં ભૂખ્યા છે.
કંઈ કામ હોય તો આપોને મારે મહેનત કરી  મારા બાળકોને ખવડાવવું છે.
બીજા દિવસે દુકાનમાં પોતું કરતા ગીત લલકારે છે, 'અમે ગુજરાતના ગરીબ, ભાઇ; ગુજરાતના ગરીબ.. કામ મળે હરખાય, ભાઇ કામ મળે હરખાય.'

ત્રણ વર્ષ પછી
દિકરા કાલે તો નવા ઘરમાં રહેવા જવાનું છે. મહેનત કરી આટલા આગળ આવ્યા છીએ.

આ કોથળીમાં મારા જૂના કપડાં ને બૂટ છે. તે મને દરરોજ યાદ અપાવશે મને ગરીબી વખતની પરિસ્થિતિ. જો મેં તે વખતે લાલચમાં આવીને દસ રૂપિયા લીધા હોત તો આજે હું આ મિલનો માલિક નહીં પરંતુ ભીખારી બની ગયો હોત.
બેટા આપણે ગરીબીમાં ભલે જન્મ લીધો હતો પરંતુ મહેનતથી આપણું નસીબ બદલાયું છે.
જીવનમાં એક વાત યાદ રાખજે, ઇમાનદારી અને મહેનત હંમેશાં જીવનમાં નવા રંગો ભરી દે છે..

પીના પટેલ 'પિન્કી' – વિસનગર - **95586 62604**

## હું , શાંતિલાલ આઝાદ

### પ્રજ્ઞા વખારીઆ

હું શાંતિલાલ આઝાદ, ઊંચાઈ મારી ૫'-૭". નાનપણથી જ વિવિધ ક્ષેત્રોમાં ઊંચાઈ સર કરવાની તૃષ્ણા. ભગવાનના અગણિત ઉપકાર મારા પર કે તેઓ મને સાથ આપતા ગયા અને હું અવનવા સોપાન ચઢતો જ રહ્યો - ચઢતો જ રહ્યો.
એક રુમ અને રસોડાવાળા ફ્લેટમાં મારો ઉછેર. ભણવામાં હોશિયાર હોવાથી, એન્જિયરીંગની ડિગ્રી, અવ્વલ ક્રમાંકે સર કરી અને મન-વાંચ્છિત નોકરી પણ મળી ગઈ. લગ્ન થયા. સિયા જેવી ઠરેલ, ઘરરખ્ખુ તેમજ વ્યવહારુ પત્નીએ મારા જીવનમાં સોનેરી સુવાસ ફેલાવી.
નિષ્ઠાભાવથી કરેલ નોકરીના અનુભવે મને મારો પોતાનો વ્યવસાય કરવા માટે પ્રેરક-બળ આપ્યું. ખૂબ કમાયો - લખલૂંટ કમાયો. ૫—૫ બેડ-રુમવાળા બંગલાનું આયોજન કરી પિતાજીને તેનો નક્શો બતાવ્યો. હરખ-પદુડા થઈ મને આશીર્વાદ આપનાર વડીલની, બંગલાનું બાંધકામ પૂરું થાય તે પહેલાં છત્રછાયા ગુમાવી દીધી.
માના આશિર્વાદ અને બે કિલ્લોલ કરતા દિકરા-દિકરી સાથે અમે નવા બંગલામાં પ્રસ્થાન કર્યું.

એક ચકલી અને ચકલાએ, મંદિરમાં ભેરવેલ સરસ્વતીમાતાના ફોટા પાછળ માળો બાંધવાની શરૂઆત કરી. એમના ચીંચીં અવાજથી કંટાળી જઈ, તેમનો માળો કાઢી નાખવાની વેતરણમાં હતો, તો માએ મને રોક્યો, માહિતિ આપી કે ચકલીએ માળામાં ઈંડા મૂકી દીધા છે. થોડા દિવસોમાં બે નાની ચકલી અને ચકા-ચકીની ચીંચીંથી ઘરમાં કલબલ મચી જતાં છોકરાઓને પણ ચકા-ચકીની પાછળ દોડવાની મઝા માણતા.

અને એક દિવસ, નાની ચકલીઓ બરાબર ઊડવાનું શીખી લેતા, ચારે ચકલીઓ, ભર્યા-ભાદર્યા ઘરમાંથી ક્યારે પોબારા ગણી ગઈ કે અમને ખબર જ ના પડી. કેટલાય દિવસ સુધી, ચકલીઓના પાછા આવવાની આશામાં, છોકરાઓએ માળાને હટાવવા જ દીધો નહિ.

ભણતર પૂરું થઈ ગયા પછી દિકરી-દિકરાને ધામધૂમથી પરણાવ્યા.  જમાઈરાજાને પરદેશમાં નોકરી મળતા દિકરી પરદેશ પહોંચી ગઈ. બાંધકામનો ધંધો વિકસાવવા, દિકરો થોડાં વર્ષો માટે દુબઈ ગયો. માનું ટૂંકી માંદગીમાં જ અવસાન થયું.

હવે ધીમે-ધીમે મને મારો બંગલો વગર સળિયાની જેલ જેવો લાગવા માંડ્યો. વળાંક તો બધાંની જીંદગીમાં આવે, પણ આ તો હજુ શરૂઆત હતી. ૬૫ વર્ષની વયસ્ક નહિ કહી શકાય એવી ઉંમરે મરવાનો ડર લાગવા માંડ્યો. સિયા મને હસવા-હસાવવાના વ્યર્થ પ્રયત્ન કરતી તો તેમાં પણ અકળામણનો અનુભવ થતો. એવું લાગતું હતું જાણે મુઠ્ઠીભર સિક્કા ગણવામાં મેં 'જીંદગી'ની અનમોલ ઘડીઓ વેડફી નાખી હતી કે શું?

અને એક દિવસ ફરીને સ્વરસ્વતી માતાના ફોટા પાછળ, ચકા-ચકીએ માળો બાંધવાનું શરૂ કર્યું. ઘર તેમની ચીંચીંથી ગુંજી ઊઠ્યું. એમની ચીંચીંનો અવાજ સાંભળી મારામાં શક્તિનો સંચાર થયો. લોહીથી બંધાયેલા નહિ પણ ભગવાને નિર્માણ કરેલા - સિયા અને ચકા-ચકીના સમયસર પ્રેમસભર સહવાસથી શાંતિલાલના અજંપાભર્યા જીવનને શાંતિની રાહ મળી. શાંતિની અનુભૂતિ થતાં જ મારું મન ભાવ-વિભોર થઈ ગયું. ૫"ના ચકા-ચકીએ ૫'-૭"ના શાંતિલાલ આઝાદને શાંતિ અર્પી, ડર અને અકળામણથી આઝાદ કરી દીધો અને અસલી શાંતિલાલ આઝાદ બનાવી દીધો.

પ્રજ્ઞા વખારીઆ – સુરત – ૯૮૯૮૦ ૧૬૬૧૧

# યાર-દોસ્ત

## (કોરોનાનાં કાળમાં કાળની સપાટી પર પલ્લિત એક પુષ્પની મ્હેંક)

## પુનીત લોટવાલા

'યાર, તારા માટે તો જાન છે.'

'દોસ્ત મેરે, તું તો જાન સે જ્યાદા હે.'

**'Life is nothing against you dear…'**

આ અને આવાજ સંવાદ તમે ઘણા સાંભળ્યા હશે, બોલ્યા પણ હો કદાચ! પણ દુનિયાનો અનુભવ કહે છે, જે બોલે છે તે જાન આપતાં નથી અને જે જાન આપે છે તે બોલવા રોકાતાં નથી. જિંદગીમાં તમારે ક્યારેય યાર માટે કે દોસ્ત માટે ખરેખર જાન આપવાની ઘડી આવી છે? નહીં જ આવી હોય. ભગવાન કરે, આવે પણ નહીં.

“યાર, એક સોફાના બે હજાર  કહે છે.”

“શું? દર વખતે ચારસોમાં જઈએ છીએ એમ? અરે દોસ્ત, કાયમ કોરોના પણ તો નથી હોતો ને.."

“ ભાઈ, સિંગલના સોફામાં બે જઈશું. બેઠા-બેઠા.”

“દોસ્ત એ સિંગલ સોફાના જ બે હજાર કહે છે. તેરી  તો ***"

સોદો થયો -કારણ મજબૂરી હતી. જુનાગઢનું અંતરિયાળ ગામ કુબા. ત્યાંથી ભણતર અડધુ મૂકીને સુરત આવેલો એક લબરમૂછિયો એટલે કે હું અને અમરેલીનાં કંદોરણાથી આવેલો લગભગ મારી જ ઉંમરનો કાચો જુવાન. અમે બંને સુરતમાં હીરાના કારખાનામાં એક જ ઘંટી પર બેઠા.

“એય લે”

“શું? નથી ખાતો?”

“ખાને ,*** મરી ની જાય”

હથેળીમાં મસળેલી તમાકુ આપવાથી શરું થયેલો વહેવાર વીશીમાંથી આવેલા ટિફિનના એકજ ડબ્બામાંથી ખાવા સુધી પહોંચ્યો હતો અને અચાનક એ તીણા  સરકારી પથ્થર જેવો સંબંધ ‘યાર’ ‘દોસ્ત’ જેવાં સુંવાળા મોતીમાં ફેરવાઈ ગયો. અમે બંને એકબીજાને નામ થી નહીં, યાર - દોસ્ત કહીને જ બોલાવવા લાગ્યા.

તે દિવસે હીરો ‘ઉડી’ ગયો હતો. હવે હીરા ઘસવાના કારખાનામાં  હીરો ઉડે એટલે માલિકને મોટી ઉઠે અને કોઈ કાળોતરો કળા કરી જાય!

કારખાનાનાં દરવાજા સીલ કરી દેવાયા. ‘સીબીઆઇ’ કે ‘રો’ને પણ શરમાવે એવી સઘન તપાસ પદ્ધતિ આ કારખાનેદારો પાસે હોય છે. પહેલા તો બધાનાં શર્ટ પેન્ટ ઉતારી લેવાયા!  હા ,જેટલા પણ ખંડમાં હતા, બધાંએ ક્યાંતો ચડ્ડીભેર કે ટુવાલ વીંટાળી પોતાના કપડાં જમા કરાવી દીધાં. કપડાંનું ઝીણવટથી ચેકિંગ થયું, લાખોનો હીરો એમ થોડો જાય! પછી બધાએ ફરજીયાત ઝાડુ મારવાનું. પણ,જેનાથી હીરો ઊડી ગયો હોય, એને  ખૂણામાં બેસાડી દેવાય. એક જાતનો રિમાન્ડ શરૂ થાય. એને કેળાં ખવડાવાય... અને પછી જુલાબ પણ કરાવાય! એની પણ તપાસ થાય! ભાઈ, લાખો રૂપિયાની વાત છે. દરેકે એકબીજાને તપાસવાનાં અને તપાસનાર જેને બાઈજ્જત છોડી દે એ જો કસૂરવાર ઠરે તો બંનેને સરખી સજા! માનવ અધિકારવાળા તો છળી જ મરે, કારણ એકનાં પાપે દરેકને સજા થાય. એક દિવસ -બે દિવસ ભૂખા -તરસ્યા.. શામ-દામ-દંડ-ભેદ અને પછી ભેદ ઉકેલાય!

પણ આ વખતે ભેદ વણઉકલ્યો જ રહ્યો. જુનાગઢનાં લબરમુછિયાથી, એટલે કે મારાથી જ હીરો ઊડી ગયો હતો. વર્ણવ્યો તે આખો કાર્યક્રમ થયો પણ હીરો ન મળ્યો. બધાનાં પગારમાંથી હજાર રુપિયા કાપવાનાં એવું ઠરાવીને આખરે બધાને છૂટ્ટી મળી. હું અને અમરેલીનો કાચો જુવાન, પોતપોતાના ટિફિનના ખાલી ડબ્બા અને ખાલી પેટ સાથે બહાર નીકળ્યા. કારખાનાનો ઝાંપો વટી ગયા, ગલી ઓળંગી મેઇનરોડ પર આવી ગયા. હજી કોઈ કશું બોલ્યું ન્હોતું, ત્યાં અમરોલીનો કાચો જુવાન બોલ્યો,

“આવું કેમ કર્યું તેં?”

“શું કર્યું? બે તેરી તો****?”

“ગાળ નઇ બોલ, તારી બેઠકની ફાટમાં ચીગમ ચોંટાડેલું છે તે?”

“તો?”

“મને ખબર છે કેમ ચોંટાડેલું છે.”

“બે ***, તે કોઈને કીધું તો નથી ને?”

“કીધું હોય તો તું અઈંયાં ની  હોય.”

“ઓકે, તું પચાસ ટકાનો પાર્ટનર.”

“ના યાર, મારે કઈ ની જોઈએ.”

“તો પછી? તે મારું નામ કેમ નઇ દીધું?”

“યાર, આપણે આટલા વખતથી સાથે, તારું નામ દઉં તો તારી જે હાલત કરત તને.. ભગવાન પણ ની બચાવી શકે.”

“દોસ્ત,” મેં એને ગળે લગાડી દીધો. એની આંખોમાં ઝળઝળીયા આવી ગયાં.

“આજ સે તું મેરા જિગરજાન દોસ્ત.” બસ એ દિવસથી એ મને 'યાર' કહેતો અને હું એને 'દોસ્ત' કહેતો. અમારાં પોતીકાં નામ ત્યારથી અમારાં બે વચ્ચે પારકાં થઈ ગયાં હતાં.

એ આખી રાત મોડે સુધી બંને જાગ્યા. એક બીજાનાં ભૂતકાળની સાચવી રાખેલી બધી સારી-ખરાબ વાત ઉઘાડી કરી દીધી !

કોરોનામાં કારખાનાં બંધ થયાં, ખીસામાં હતાં તે રુપિયા વપરાઇ ગયાં, એટલે લોકડાઉનમાં જેવી છૂટ મળી અમે બંને વતનની બસ પકડવા ઉપડ્યાં. કારણ, વધારે એક દિવસ પણ અહી રોકાવાય એમ હતું નહીં. ટિકિટની લમણાંઝીક પતાવીને અમે બંને બસમાં ચડ્યાં.

“દોસ્ત, તને ઉધરસ આવે તો મોઢે રૂમાલ દબાવી રાખજે નહિ તો ઘરભેગા નહીં થવાય.”

દોસ્તનું શરીર ગરમ હતું. લુખ્ખી ઉધરસ થોડી થોડીવારે ટીવી સિરીયલની વચ્ચે આવતી જાહેરાતની જેમ વણજોઈતી ઊપડતી હતી.

“હા તે કહ્યું હતું કે એકલો જા, લેકિન તને આ રીતે છોડીને...મારું જે થવાનું હોય તે થાય...બે ***, તને કીધું ને, મોં પર રૂમાલ બાંધી રાખ. લે આ બીજો પણ, ગામ જઈને સારવાર કરાવીશ, તું તાજો માજો થઈ જશે.”

બસ ઉપડી, રાત પણ ઘેરાવા માંડી અને ઠંડક પણ વધવા માંડી. એ.સી. ની ઠંડી હવાથી દોસ્તને ઉધરસ વધારે જોરથી ઊપડતી હતી. એટલે મોઢે બબ્બે રૂમાલ અને ચાદરનો ડૂચો મારી એ ઊંધો પડ્યો હતો અને હું એ.સી. નાં બ્લોઅર પર હાથથી ડૂચો મારીને બેઠો હતો. મેં મોબાઈલ પર ગીતો વગાડવાના શરૂ કર્યા. જાણી જોઈને ઈયરફોન વગર! જેથી દોસ્તની ખાંસી આજુબાજુ કોઈ સાંભળે નહીં. થોડીવાર આ ખેલ ચાલ્યો પણ પછી એક ઘાંટો આવ્યો,

“એ ભાઈ કાનમાં ઘાલીને હાંભર.”  “આ ટનટનિયું બંધ કર ****, રાતનાં બાર થ્યા.”

મોબાઈલ બંધ થયો,પણ દોસ્તની ઉધરસ અટકવાનું નામ ન્હોતી લેતી. એ બસ કરતાં વધારે ઉછળતો હતો. મોઢામાં ડૂચા મારી દીધાં છતાં અવાજ તો બહાર ગયો જ, અને અડધી રાતે સળવળાટ થયો.

“કોણ ખાંસે છે, બસમાં?”

“બહાર કાઢો, આ તો જીવતો બોમ.” બસ ઊભી રખાઈ. સોફાનો પડદો પણ ખસેડયા વગર બહારથી અવાજ આવતો હતો. “જે હોય તે બહાર નીકળ, નઇ તો ચાલુ બસે ઘા કરી દઇસુ.”

હું અને દોસ્ત બંને થેલો લઈને બહાર નીકળ્યા.

“આ દરવાજા પાસે બેસી રહીએ, અત્યારે અડધી રાતે કયા જઈશું?” મેં કરગરીને કહ્યું.

“એ ભલે, હાલો આગળ.” એક કદાવર અવાજ બોલ્યો. બંને દરવાજા પાસે પહોંચ્યા, ત્યાં તો એક તાકાતવર હાથે અમારાં બાવડાં ઝાલ્યા અને બંનેને ફંગોળી દીધાં.

“ઉપાઈડ બસ.” બસ ઉપડી ગઈ.

દોસ્ત હજી જમીન પર જ પડ્યો હતો. હું ઉઠ્યો, એની નજીક ગયો. મારા ખોળામાં એનું માથું મૂક્યું. પાણી પાયું. દોસ્તનું શરીર તાવથી ધગધગતું હતું.

લોકડાઉનમાં અડધી રાતે હાઇવેની સડક કોઈ ઘનઘોર જંગલથી ઓછી ભયાવહ ન હતી. દૂર દૂર સુધી એક દીવો પણ દેખાતો ન હતો. રાત રસ્તામાં કાઢ્યા સિવાય છૂટકો પણ ન હતો. મારું ગળું સુકાતું હતું. મેં પાણીની બોટલ હાથમાં લીધી, ઊંચે કરીને જોયું, બે ઘુંટડા જેટલું પાણી માંડ હતું. બોટલ પાછી મૂકી દીધી અને દોસ્તનાં માથે હાથ ફેરવતો, સવારની રાહ જોતો બેસી રહ્યો.

પરોઢ ફૂટતાં દૂરથી એક ગાડું આવતું દેખાયું. અધીરો થઈ હું રસ્તાની વચ્ચો વચ્ચ જઈ ઊભો. ગાડું જેમ જેમ નજીક આવતું ગયું તેમ ઝડપ ઘટતી ગઈ. ગાડાનો ચાલક કોઈ ફેંટાવાળો આધેડ હતો. હું સામે દોડી ગયો.

“જુઓ મારાં દોસ્તને તાવ આવે છે, નજીકની હોસ્પિટલ સુધી પહોંચાડી દો.”

“ના? કેમ? કેમ જવાય એમ નથી? એવું નઇ કરો, તમારો પાડ થશે, આનો જીવ બચી જશે..”

“હેં? ઈ ને કોરોના હોય તો તમારો જીવ જાય?” અને આધેડે ડચકારો કરી બળદને હંકારી મૂક્યા. હું પાછળ થયો. “માઈ-બાપ તમે માંગો એ આલું આ લો આ..”

ગળામાંથી સોનાની ચેઇન ખેંચી પેલા ભાભાના હાથમાં મૂકી દીધી. ગાડું અટક્યું.

મેં દોસ્તને લગભગ તેડી જ લીધો અને ગાડામાં નાખ્યો. ગાડું સડેલાં શાકભાજીથી ભરેલું હતું, બદબૂ પણ આવતી હતી. પણ...

સવાર થતાં થતાં ગાડું જિલ્લાની હોસ્પિટલ સુધી પહોંચ્યું. મેં દોસ્તને ખભે લીધો અને હોસ્પિટલનાં દરવાજા તરફ દોટ મૂકી.

“ભાઈ હાચૂ માનજે, આ નઇ લેત, પણ મજબૂરી છે બાપ.” ગાડાવાળો ભાભો મોઢે કસીને બાંધેલા ફાળીયામાંથી મુઠ્ઠીમાં રાખેલી ચેઇન ખુલ્લી કરતો બોલ્યો પણ એ સાંભળવાના મારાં હોશ ન્હોતા અને દોસ્ત હોશમાં ન્હોતો.
માંડ દોસ્તનું કોવિડ વોર્ડમાં એડમિશન થયું. બસ, પછી કઈ ખબર નહીં. વાત કરવા કોઇની નજીક જવાતું ન્હોતું ને જેને ખબર પૂછવા જઈએ એને કોઇની ખબર ન્હોતી. માણસ માણસને જોઈને સાપ જેટલું અંતર કરી દેતો. સફેદ કફન જેવાં પ્લાસ્ટિકમાં ઢંકાયેલા દૂતો આમથી તેમ જતાં હું જોઈ રહેતો. છેક ત્રીજે દિવસે સ્ટ્રેચર પર લઈ જવાતા દર્દીનાં કાંડા પર ‘ૐ’ નાં છૂંદણાથી મેં ઓળખ્યો કે દોસ્ત જ હતો. હું દોડ્યો, “આને ક્યાં?”
“ ક્યા? સિરીયસ હે? અભી વેન્ટિલેટર પે લગાના હે...”
“દોસ્ત હે મેરા, જરા ..”
“હા ભાઈ, સાચી વાત છે તમારી, દોસ્ત હે તો કયા? કોરોના હે કોરોના, ચેપ લગેગા તો મેં ભી...”
હું ઊભો રહી ગયો. “ચેપ તો મને ક્યારનો લાગી ગયો છે, પણ એની દોસ્તીનો..."

મેં તમને વાર્તાની શરૂઆતમાં જ કહયુને, ‘તારા માટે તો જાન છે.’ આવો ડાયલોગ બહુ સાંભળ્યો હશે તમે, અહીયાં જોવા મળ્યો.
શું લાગે છે તમને? આખી વાર્તામાં હીરો નક્કી કરવાનો હોય તો તમારી સંવેદનાનું ઝરણું જેની તરફ ઢાળ વગર ઢળી જતું હોય એવું કોણ છે આ વાર્તામાં? મનમાં જ નક્કી કરી લો, કહેવાની જરૂર નથી. હવે વાર્તા આગળ વાંચો.

હું  ઊભો રહી ગયો. પણ ઊભો ઊભો વીતેલાં એ મહિનામાં સરી ગયો, જિસને જિંદગી સે જ્યાદા કિંમતી કુછ દે દિયા થા.”

લોકડાઉનને દોઢેક મહિનો થયો હશે, ખીસ્સા ખર્ચી ખૂટી પડી હતી, જમવાનું લાઈનમાં ઊભા રહીને ક્યારેક બે ટંક તો ક્યારેક એક ટંક જ મળતું. એ વચ્ચે હું પોતે કોરોનાનો શિકાર થયો હતો, વિંછીથી દૂર રહે એટલો જ મારાથી પણ માનવ સમૂદાય દૂરી રાખતો હતો. ત્યારે બાવડું ઝાલીને રિક્ષામાં સુરતની સિવિલ સુધી ઢસડી લાવનાર આજ દોસ્ત તો હતો, કંઈ કેટલાય રાત - દિવસ એ સિવિલનાં કેમ્પસમાં પડી રહ્યો. એ મને સારો કરીને જ જમ્પ્યો હતો. અને આજે એજ...

થોડીવારમાં પેલા પીપીઈ કીટ પહેરેલાં દૂત પાછાં ફર્યા. “એ ભાઈ, વો મર ગયા, તુમ્હારા દોસ્ત. જાઓ ઉધર કાચ મે સે દેખ લો, ઓર ફોર્મ પે સાઇન કર દેના.”

એકસાથે ઘણાબધા કિંમતી હીરા તૂટી ગયા હોય એવો ભેંકાર મારાં કાનમાં ઉઠ્યો. ને મસ્જિદની અઝાન સંભળાઈ. (ચાર માથે રૂમાલ નાંખી ત્યાંજ બેઠો.)

"ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન"

"અલ્લાહ તઆલા મર્હૂમકી મગફીરત ફરમાવે. આમીન."

"મેરે અઝીઝ ઓર જાન સે પ્યારે દોસ્ત કી આત્મા કો ઉન્નતિ દેના."

પુનિત લોટવાલા – સુરત – ૯૯૨૫૦૧૫૫૮૮

(સત્યઘટના આધારિત કાલ્પનિક કથા)

## ખેલ

**(મહત્વાકાંક્ષાનાં મરજીવાની છેલ્લી ડૂબકીએ મળેલું મોતી)**

**પુનીત લોટવાલા**

**(બીજા ક્રમની વિજેતા કૃતિ)**

તમારી તાળીઓ અને ચિચિયારીઓ બાકી રાખો, કારણ આજનો ખેલ જોઈને તાળીઓ પાડતાં તમારી તાકાત અને ચીસો પાડતાં તમારું ગળું બંને ટૂંકા પડશે.

જી હા, ન જોયેલું- ન  કલ્પેલું, ન માણેલું - ન વિચારેલું... એવું જયારે તમારી સામે બને છે, ત્યારે ‘હે ભગવાન’ નહીં, ‘ઓ માય ગોડ’ નહિ પણ ‘ઓહ  સંભવનાથ...!’ એવો ઉદ્દગાર. સંભવનાથનો જાદૂ જેણે એકવાર પણ જોયો છે તે અવશ્ય કરતો હોય છે! સ્ટેજ પર એક પટારામાં પુરાઈને  ઓડિયન્સમાંથી નીકળવું, પોતાનું હસતું માથું હાથમાં લેવું, તમારા પહેરેલા શર્ટનીચેથી બનિયાન ગાયબ થઈ જવી !!! આ જાદૂ તો જૂનાં થયાં આજે જાદૂગર સંભવનાથ શું કરશે એ તો કદાચ... ખૂદ ખુદાને પણ ખબર નહીં હોય !

તો હવે તમારા જીવનની એ અનન્ય પળ વચ્ચેથી હું ખસી જાઉ છું અને સાક્ષાત થાય છે જાદુગર સંભાવનાથ !

પ્રવક્તા આટલી એનાઉન્સ્મેંન્ટ કરીને જાય પછી હું દાખલ થાઉં. ઝગમગતી સેંકડો લાલ પીળી લાઇટો, ઈલેક્ટ્રીક આતશબાજી થાય, અને પોતાની ચીસ પોતાને ન સંભળાય એવા ઉન્માદના અતિરેક વચ્ચે ક્યારેક ઉડતો ઉડતો તો ક્યારેક બોક્સમાંથી જબરદસ્ત ધડાકા સાથે હું પ્રગટ થાઉં.

હવે જે તમને કહેવા જઈ રહ્યો છું તે કોઈ સપનું નથી હકીકત છે. અને મારા જીવનનો સૌથી મોટો જાદૂ છે! કારણ, કશું અલભ્ય, અકલ્પ્ય,અનન્ય બન્યું છે મારા જીવનમાં. મેલાં-ઘેલાં કપડાં,વધેલી દાઢી, અડધું ભરાયેલું પેટ અને ઊંડી ઉતરી ગયેલી આંખોવાળી મારી જીવનસાથી શામલીને લઈને શહેરની શેરીઓમાં હું ઉતરતો, એક સફેદ મેલી ચાદર પાથરતો અને શામલી ઢોલ વગાડતી...

“ભાઈઓ ઓર બેહનો, સજ્જનો ઓર સન્નારીઓ, બચ્ચે-બુઢે ઓર નૌજવાન.

યે દુનિયા હે - યહા જીન્દે કો કોઈ પૂછને નહિ આતા,

મર જાઓ તો સેકડો કંધે મિલ જાતે હે.

આનેવાલે પલ કા ભરોસા નહીં ઓર

ઇન્સાન બાત સદીયોં કી કરતા હે

જિંદગી મે તો આદમી એક હી બાર મરતા હે

લેકિન ઇચ્છાઓ કે મેલેમેં રોજ રોજ મારતા હે...

ઉસ, મરને કે બીચ જીના હે તો આ જાઓ, ક્યોંકી,

સંભુ જાદુગર આજ એક સિક્કે સે દો બનાયેગા, પાની મેં દિયે જલાયેગા, કબૂતર કો સાપ બનાયેગા... બચ્ચે–બુઢે સભી ખુશ હો જાયેંગે, તો બજાઈએ જોર સે તાલી...

જાદુમાં તો સિક્કા એકના બે થતાં પણ ભાણામાં રોટલી એક જ રહેતી. અને શામલી ઊંડી ઉતરી ગયેલી આંખમાં ઝળઝળીયા ભરીને કહેતી, આ જાદુગરી –ફાદુગરીને મેલો પૂળો, બે ટંક ખાવાના નથી થતાં. એના કરતાં ચાની લારી કરીએ, પેલો ચીમનો, રોજના બસ્સો રોકડાં કરે છે. એની બૈરી ચા બનાવે અને એ કપમાં ચા ભરે અને પૈહા ગણે ...

ને આપણે ગલીએ ગલીએ ભટકીએ, રાગડા તાણીને લોકોને બોલાવીએ, ખરાં ખોટાં ખેલ કરીએ, તોય ભીખ આપે એમ લોકો સિક્કા નાંખે...

"શામલી, અરે પગલી, આ ધંધો - આ જાદુ કઈ બે ટંકના ભાણા માટે કરું છું? અરે પથ્થર તોડીને પાણી કાઢવાનું કૌવત છે મારામાં, તો બે ટંકનું ભાણું તો રળી જ લઉ, પણ શ્યામલી... બઉ નાનો હતોને, ત્યારે એક જાદુનો ખેલ જોયેલો; ખાલી ગલાસને જાદુગરે જાદૂથી દૂધનો ભરેલો ગ્લાસ કરી દીધેલો! હસ નઈ પગલી, સાચ્ચું- મિઠ્ઠું દૂધ... બચ્ચાંઓને પીવડાવેલું પણ ખરું! એ રાત્રે હું ઘર છોડીને

ચાલી ગયેલો, જાદુગરની પાછળ પાછળ એનો જાદુ શીખવા, એણે આ એક ના બે સિક્કા કરવાના ને દીવા પેટાવવાનો જાદુ શીખવ્યો પણ પેલો ગ્લાસમાં દૂધ ભરવાનો જાદુ ક્યારેય નહિ શીખવ્યો અને પલાયન થઈ ગયો, શ્યામલી એ જાદુ શીખવો છે મારે! જો ખાલી ગ્લાસમાં દૂધ ભરાય જાય તો કોઈ ભૂખ્યું ન રહે, બધા ધરાઈ ને જીવે! અને શ્યામલી, એ જાદુ જ હતો કોઈ કરામત ન હતી, એટલે હું એ શીખીશ! એજ તો મારી જિંદગીનો મકસદ છે..."

અને ત્યાં એક તક મળી. શ્યામલી ના કહેવાથી હું રોયલ સર્કસ કંપની પાસે ગયો. મારા શહેરમાં એના ખેલ ચાલુ થવાના હતા. હું રોયલ સર્કસ કંપનીના માલિક મખ્ખનલાલ શેઠને મળ્યો.
"માલિક, દો વક્ત કા ખાન હી દેના, પડા રહૂંગા આપ કે સમાન કે સાથ, ઔર યે શ્યામલી, ખાના બોત અચ્છા પકાતી હે, એકદમ હોટલ જેસા... વો રસોઈ બનાને મેં હાથ બટાયેગી ઔર મેં અપને હુન્નર સે મનોરંજન કરાઉંગા."
મખ્ખનલાલ શંભુની આ છેલ્લી લીટી પર તો એવું હસ્યો કે કહેતો હોય "અબે તેરા ક્યા હુન્નર?" પણ એના મેનેજરે કાનમાં ફૂંક મારી. "શેઠ શ્રીમંતો મોડા આવે અને ચાલુ પબ્લિક વહેલી આવી ને શોર મચાવે છે તો ટાઈમપાસમાં આનો ખેલ કામ આવશેને!" મખ્ખનલાલે મને કહ્યું, "કલ સે આ જાના."

મારો ખેલ શરૂ થયો! સર્કસના ખેલ પહેલા મારો ખેલ થતો. બાલ બચ્ચા ખુશ થતા પણ જવાન બુઢ્ઢા નાકના ટેરવા ચડાવતા. એટલે મારે રોજ નવા ખેલ શોધવા પડતા - નવા પ્રયોગો કરવા પડતા અને એમ કરતા ગાડી પાટે ચડી. ગાડી પાટે ચડી છે એવી ખબર મને ત્યારે પડી જયારે શ્યામલી બીમાર હતી અને એની ચાકરી કરવા મેં રજા લીધી। મખ્ખનલાલ શેઠે લાબું વિચાર્યા વગર રજા આપી દીધી પણ ત્રીજે જ દિવસે બાબુરાવ મેનેજર મારા તંબુમાં આવ્યો, "એ શંભુ, શેઠે શ્યામલીની દવાના પૈસા મોકલા છે. ને તને બોલાવ્યો છે."

હું મળવા ગયો. "નમસ્તે શેઠ, શેઠ શામળી બીમાર હૈ તો ઉસી કે લિયે... ક્યા? અસ્પતાલ મેં હોગી ટ્રીટમેન્ટ? ઔર મુજે આજ ખેલ કરના હૈ? જી! જી! જી માલિક!

આ જો હુકમી ન હતી, મારી જીત હતી. અને એ સમજતા મને વાર ના લાગી. રોયલ સર્કસમાં મારુ ને મારા ખેલનું સ્થાન હતું. મારી જરૂર હતી. અને એ જરૂરતને મેં ગરજ બનાવી દીધી।
રોજ નવા હુન્નર, નવા કરતબ, નવી ચાલાકી... કિસ્મતે મારી આંગળી પકડી લીધી!

શ્યામલી ફરી બીમાર પડી. પણ આ વખતે મેં રજા ન લીધી. શ્યામલીને સીધી હોસ્પિટલ મોકલી દીધી. એની આંખો હવે પહેલા જેવી ઊંડી ઉતરી ગયેલી ન્હોતી પણ એનાથીય ઊંડી ફરિયાદ એમાં

હતી! ગરમ દૂધનો ગ્લાસ પીતા એ પૂછતી, "હવે તો ખાલી ગ્લાસ ભરાય ગયોને, તમારો પણ- મારો પણ..!"

પણ મને સંતોષ ન હતો, મારે એ ગ્લાસ સોનાનો કરવો હતો. અને એટલે જ છાશવારે માંદી પડતી શ્યામલીને હોસ્પિટલમાં રાખીને પણ હું મારા ખેલની પ્રયોગશાળામાં મચ્યો રહેતો. દિવસ રાત - રાત દિવસ... હવે રોયલ સર્કસમાં સર્કસના ખેલ નામના જ રહ્યા હતા, મારા ખેલના સમય વધ્યા હતા. એમ કહો ને, મારા ખેલ માટે જ ટિકિટ વેચાતી હતી. એ દિવસે તો સુરજ ગળી ગયો હોઉં એવું લાગ્યું. જયારે શેઠ મખ્ખનલાલ મને બોલાવવાના બદલે જાતે જ આવ્યા !

"શું? રોયલ સર્કસનું નામ “જાદુગર સંભવનાથ, સંભવનાથ શો” રાખવું છે?"

"મારી પરવાનગી જોઈએ?!!!"

મારા જાતભાતના રંગીલા કપડાં પહેરીને ફોટા પડાવાયા. છાપામાં છપાયા, મોટા મોટા હોર્ડિંગ્સ લાગ્યા અને મારો જાદુ ચાલી નીકળ્યો!

સંભુ હવે જાદુગર સંભવનાથ હતો! શ્યામલી હવે શ્યામાદેવી હતી. પણ જાદુગર સંભવનાથને એ શંભુ નહિ પણ કોઈ ત્રીજો જ જણ હોઈ એમ જોયા કરતી... આજે જયારે મેં એને કહ્યું, "શ્યામાદેવી આજ મેરી જિંદગીકા સબસે બડા ખેલ હૈ. ઈસ દેશ કે પ્રધાનમંત્રી ખેલ દેખને આ રહે હૈ, ઔર ભી કિતને બડે બડે લોગ આયેંગે, અમેરિકા કે પ્રેસીડન્ટ ભી આયેંગે, મેં ઉનકો "હેલો" કરૂંગા. તું "નમસ્તે" કરના! ઔર ફિર હોગા મેરા ખેલ! આજ કા ખેલ. આજ તક કભી નહિ હુઆ, ના હી મેને ઉસકે બારે મેં કિસીકો બતાયા હૈ! પ્રેસ કો ભી નહિ ઓર શેઠ કો ભી નહિ!

શ્યામલી, તું સ્ટેજ પર આવશે... જીવતી જાગતી, ગોળ ગોળ ફરતા રિવોલવિંગ સ્ટેજ પર, એક સુંદર પરી જેવી! તારા પર ફૂલોની બારિસ થશે! વીજળી જેવી લાઈટો ચમકશે. અને વાંદળોની ગર્જના અને વીજળી જેવા ચમકારા વચ્ચે હું આવીશ !

"યહ ખેલ ન કિસી ને દેખા હૈ ન કિસી ને સોચા હૈ, ના કોઈ પરદા ગિરેગા ના કોઈ અંધેરા હોગા, બસ પલક ઝબકતે હી શ્યામાદેવી ગાયબ હોગી. જાદુ કી દુનિયા મેં ઐસા ખતરનાક ખેલ આજ તક કિસીને નહિ કિયા! સંભવનાથ આજ અસંભવ કો સંભવ કરેગા. અપની આંખો કો સ્થિર ઓર દિમાગ કો સતેજ રખિયેગા, ક્યુંકી મેરી તીસરી તાલી પે શ્યામા દેવી હોગી ગાયબ! એક... સબકી નજરે સાબૂત રખના. દો... દિલ થામ લો... યહ ક્ષણ તુમ્હારી જિંદગીમેં અમર હો જાયેગા, તીન...."

સહી મેં શ્યામ ગાયબ હો ગયી. કોઈ રિંગ નહિ- કોઈ પરદા નહિ કોઈ ચાલાકી નહિ.

લોકોની આંખો હજી ખુલ્લી ને ખુલ્લી જ હતી. શ્વાસ થંભેલા હતા, હાથ જડાઈ ગયા હતા. એક -બે - ત્રણ ચાર પાંચ. એક તાળી, બીજી તાળી, હવે ચિચિયારી, તાળીઓનો વરસાદ! લોકો જગ્યા પર ઊભાં થઈ ગયાં. સિક્યોરિટી સાબદી ગઈ! ખુદ પ્રધાનમંત્રી ઊભા થઈને તાળી પડતા હતા! અદભુત! અનન્ય! અકલ્પનિય! લોકોની આખોમાં ઝળઝળીયાં આવી ગયા હતા. હવે એ મારી આખોમાં ઉતાર્યા, સામેનું દ્રશ્ય ઝાંખું થયું. બધું એકબીજામાં ઓગળવા માંડ્યું. તાળીના અવાજ, ચિચિયારી અને પછી સ્તબ્ધતા, શાંતિ, શૂન્યાવકાશ...

શ્યામલી નથી સ્ટેજ પર, હું દોડું છું સ્ટેજ પર, બેકસ્ટેજમાં. શ્યામલી, શ્યામલી, પાછી આવ. શ્યામલી, શ્યામલી, ક્યાંય નથી. આ અદભુત અનન્ય જાદુ અધુરો રહ્યો. અભિમન્યુની જેમ! ગાયબ કરવાનો જાદુ તો મને આવડ્યો પણ પછી કઈ રીતે પાછી લાવવાની?

"હું વિશ્વ નો શ્રેષ્ઠ જાદુગર બની ગયો. એની કિંમત ચૂકવીને? આ ખેલ ખરેખર કોણ ખેલે છે, હું કે પછી...?"

પુનિત લોટવાલા – સુરત - ૯૯૨૫૦૧૫૫૮૮

## મંજરી

### પૂર્ણિમા ભટ્ટ

[કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથા 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' માં વેરાયેલું, કાલ્પનિક પાત્ર મંજરીનું વર્ણન ખૂબ જ અદ્ભૂત છે. એનાં કલ્પનાનાં પતિ વિશેની અભિવ્યક્તિ જોઈએ.]

[મંજરીની માતા એને જૈન ધર્મ અંગીકાર કરી, જૈન શ્રેષ્ઠી ઉદા મહેતા સાથે પરણવા સમજાવવા આવે છે.]

"મા, તેં મને જન્મ આપ્યો; પણ તું મને ઓળખી શકી નહીં. હું! હું કોણ? કવિકુલ શિરોમણીની આત્મજા! આ.. આ જૈન શ્રેષ્ઠીનું પાણિગ્રહણ કરું? કદી નહીં.

મા, તું મને એની પદવીનું પ્રલોભન આપે છે? એ કોણ છે? ભલે દુનિયાનો માલિક હોય, પણ મારે મન, મારાં પગ પૂજવાનો પણ તે અધિકારી નથી.

મા!  મા! તું રુદ્રદત્ત વાચસ્પતિની અર્ધાંગના થઈ, મને આ શ્રાવક સાથે પરણાવે છે? અને શી પદવીની લાલચે? મારે મન મહારાજાધિરાજનો હિસાબ નથી, તો તારાં આજકાલના ધનાઢયનો શો હિસાબ??

મને મારાં વર્ણનું, મારાં પિતાનું, મારાં ધર્મનું અભિમાન છે. સૃષ્ટિનાં સર્જનકાળથી  પુનિત એવું બ્રહ્મનિષ્ટની વેદમૂર્તિઓનું લોહી, હું કલંકિત કરું? આ ભવે ને પરભવે ચાંડાલ થઈ રહું, તેનાં કરતાં હું કુંવારી મરું તે શું ખોટું? સરસ્વતી રહી તો શું હું ના રહી શકું? હું શીરા સારું શ્રાવક થવા નથી માંગતી. ત્રિપુરારિએ દાંત આપ્યા છે, તો શું મને ધર્મભ્રષ્ટ થતાં પહેલાં જીભ કરડતાં નહીં આવડે?
તું એ મહારાજને કહી દેજે, અહીં આવવાની તસ્દી ન લે. નહીં તો એને જોઈ મારી આંખો અપવિત્ર થઈ જશે.
મારાં ઉપવાસ તને આડંબર લાગે છે ને?
હા, ત્રણ દહાડા શું, ત્રણ યુગનાં ઉપવાસ કરવાની, બ્રાહ્મણ છું ને બ્રાહ્મણ રહેવાની.'

[ઉદા મહેતાના સકંજામાંથી છૂટવા જ્યારે કાશ્મીરાબા એને કાક ભટ્ટ - કે જે એક બ્રાહ્મણ અને મંજરીનાં બે વાર પ્રાણ બચાવ્યા હતા, એવા વીર પુરુષ - સાથે લગ્ન કરવા સમજાવે છે, ત્યારે..]

"બા, ક્યાં મારાં મનોરાજ્યનાં મોંઘા માનેલા વીરો અને ક્યાં આ બધા નિર્માલ્ય, નિરાધાર વ્હેંતિયાઓ? કોઈનામાં નથી બુદ્ધિ, નથી બળ, નથી આદર્શ, નથી રૂપ.... સઘળું લક્ષણ જોઈએ તો માત્ર ને માત્ર અલ્પતા!
શ્રાવક થવું કે કોઈ ક્ષુદ્ર પ્રાણીને પરણવું- મારે મન બન્ને, અધમતાની અવધિ છે.

ને હું જેમને મનથી વરી છું, તેમનો દ્રોહ કરી બીજાને કેમ પરણાય?

કાશ્મીરાબા, હા, હું તમારાં કાળની નથી. પણ બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રને ગોદમાં છુપાવવાની હોંશ ધરાવતી બીજી અનસૂયા છું.
મારી કલ્પનાનાં પહેલાં સ્વામી છે, સમસ્ત કવિમંડળનાં તિલકરૂપ કાલિદાસ! અહોનીશ અમે સાથે ગગને વિહરતાં મેઘ જોઈએ છે, પાસે છતાં આઘા બની મેઘદૂતોથી સંદેશા મોકલાવીએ છે. અને એના સંતાનો પુરુરવા, ઉર્વશી, શકુંતલા, માલવિકા ....! બધાંએ મારાં સંતાન છે.

તો બીજાં નાથ છે, મહાપ્રતાપી, વીરોમાં પણ વીર, સકલ શસ્ત્રવિદ્યાનાં પિતા ભગવાન પરશુરામ! ત્રિપુરારીનો સાક્ષાત અવતાર!
એકવીસ વાર નક્ષત્રી કરી, આખી અવનિને

કંપાવનાર અને પલકમાં આખી ધરા દાનમાં દેનાર જમદગ્નિનો પુત્ર!

ક્યાં છે આવી ભવ્યતા, આવી બુદ્ધિમતા, આવું શૌર્ય..!?
શી બહાદુરી પર હું મારા જામદગ્નેયની વરમાળા બીજાને આરોપું??

મારે તો પરણવું છે, **कैलासमिव दुघर्षम् कालाग्निमिव दु:सहम्** સ્વામીને...

અને.. અને.. આ કાક? બા, હું આ કાકને પરણું? બ્રાહ્મણ છે તો શું થયું? ક્યાં હું.. અને ક્યાં આ લાટનો ભટકતો ભટ્ટ??
ક્યાંનો એ મોટો યોદ્ધો ને મોટો બ્રાહ્મણ?
નથી આવડતું સંસ્કૃત- નથી કોઈ સંસ્કાર..
ન જોયાં રવિકિરણો, ને ન જાણ્યો તેનો પ્રતાપ! તેથી શું ઘુવડ દૂરદર્શી થયો?
કાક.. ??તો કદાપિ નહીં"

**પૂર્ણિમા ભટ્ટ – સુરત - 7096210709**

## કુંતીનું આક્રંદ

### પૂર્ણિમા મુનસફ

દિવસો સુધી ચાલી રહેલાં યુદ્ધનો એક રાત્રિએ વિરામ થઈ ગયો, યુદ્ધનાં ક્ષેત્રમાં સૈનિકોની લાશો પડેલી હતી, લોહી વહી રહ્યું હતું. આજે કર્ણ પણ મરી ચૂક્યો હતો. કુંતીના દુ:ખની કોઈ સીમા ન્હોતી. આજે એનાં પ્રત્યે હૃદયની અપાર લાગણીઓ ઉછાળા મારીને આક્રંદ કરી રહી હતી. તે એનું યુદ્ધમાં ફેંદાયેલું શરીર પોતાનાં ખોળામાં લઈને બેઠી હતી. મારા લાલ, જીવતાં જીવત તો મેં તારી ઉપેક્ષા કરી હતી. તું દાસીપુત્ર નથી. (ચિત્કાર કરીને) તું દાસી પુત્ર નથી મારા પાટવી કુંવર...તું તો મારો કર્ણ, મારી કુખે અવતરેલો મારો દીકરો, મારો લાલ, પાંડવોમાં જયેષ્ઠ, તું કેટલો તેજસ્વી, કેટલો શૂરવીર હતો! જુવાની ચાલી જાય છે, પ્રેમ ઓસરી જાય છે. મિત્રતા ખરી પડે છે પણ ‘મા’ નો પ્રેમ તો સદા વધતો ને વધતો જ રહે છે. મારે તારી છાયા બનીને રહેવું હતું, તારી રક્ષક બનવું હતું. તારી ઉન્નતિનાં મારે આધાર બનવું હતું. મારા લાલ, તારા માટેની લાગણીનું પાન લીલું રાખવા માટે મારે બધી બાજુથી આંસુ ઉઘરાવવાની જરૂર ન્હોતી. મને ખબર છે. તું મારા માટે તડપતો રહ્યો ને મારી લાચારીની ચીખ મને અંદરથી સતાવતી રહી. તને શું ખબર મારા દીકરા, લોકલાજને લીધે મેં તને કાષ્ઠપેટીમાં મૂકી જમનાજીમાં પધરાવ્યો ત્યારે મારું અંતર સળગતું હતું. તને મારી છાતીએ વળગાડવા હું હંમેશા તલસતી રહી. મારા દીકરા, મને ખબર છે એ રાધેય દાસીની મને હંમેશા ઈર્ષા આવતી હતી. પણ મારાં લાલ, સાચું કહું? એક રાજમાતાના ગૌરવને જાળવી રાખવા વર્ષોથી મેં એક જનેતાના હૈયા ઉપર પત્થર મૂકી દીધો હતો. (કર્ણના માથા પર હાથ ફેરવતાં) મારા લાલ, તને મારી જરાય દયા નહીં આવી... તારી માનો તેં જરાય વિશ્વાસ ન કર્યો...બધાંએ તને દગો આપ્યો, તને છેતર્યો, પણ તારી મા...મેં તને ક્યારેય મારા અંતરથી અળગો ન્હોતો કર્યો.

(પાલવથી કર્ણનું મોઢું લૂછતાં) મારી વર્ષોથી ગુંગળાઈ રહેલી વેદનાને વાચા આપી શકું તે પહેલાં જ... તોડેલા ઋણાનુબંધને જોડવાનોય મોકો ન આપ્યો. મારા જાયા. મને આજે તારું સ્મરણ ભીંજવી રહ્યું છે. તને પામવાનાં બધાં પ્રયાસો

નિષ્ફળ થઈ ગયા હતા. મારાં પગલાં અસ્થિર હતાં. મારું મન અડગ ન્હોતું. તને અચાનક આવી રીતે ગુમાવી દઈશ એવું મેં સ્વપ્ નેય ન્હોતું વિચાર્યું.

(મસ્તક પર ચુંબન કરતાં) (રડતાં રડતાં) તને શું એમ હતું કે તારા ભાઈઓ તને નહિ અપનાવે? અરે ભગવાન તો બધાનો છે. એ આપણને પણ મદદ કરતે. મારે તારા ખભા પર માથું મૂકીને રડવું હતું. દુર્યોધને જ્યારે તને અનંગદેશનું રાજ્ય સોંપ્યું ત્યારે તું કેવો તેજસ્વી રાજા દેખાતો હતો. ચારે દિશાઓમાં તેં કેટલાયે યુદ્ધો કર્યા. યવન, બર્બર, મ્લેચ્છ જાતિઓ પર વિજય મેળવીને તું કેટલો ખુશ હતો. તેં પૂર્વમાં અંગબંગ, કલિંગ, શુંડિક, મિથિલા, મગધને હરાવ્યું, દક્ષિણમાં મૃતિકાવતી, ત્રિપુરા, કૌરાન, દક્ષિણ કેરળને હરાવીને પોતાનું આધિપત્ય જમાવ્યું. કેટલું બધું ધન, કેટલું બધું સોનું તારા ભાઈને લાવીને આપ્યું.

મારા દીકરા, હું તો તને કાંઈ ન શીખવી શકી. પણ તારાં ગુણો... સંસારનો એવો કોઈ પણ ગુણ ન્હોતો કે જે તારામાં ન હોય. ખરેખર મેં પાછલાં જનમમાં કોઈ પુણ્ય કર્યા હશે કે મારી કૂખે તારા જેવો દાનવીર જન્મ્યો. દાનવીર એવો કે રાજા બલિ અને શિબિ જેવાં પણ તારી ઉદારતા સામે પાછળ રહી ગયાં. કોઈ પણ યાચક તારી પાસેથી ખાલી હાથે પાછો ન્હોતો જતો. અરેરે, તું મારી પાસે હોત તો તારું જરા પણ ખોટું નહીં થવા દેતે અને એટલે જ તો ઈન્દ્રે બ્રાહ્મણનું રૂપ લઈને યાચક બનીને છળ કપટથી તારાં કવચ અને કુંડળ માંગી લીધાં. ખરેખર તને તરછોડીને મેં પોતે જ મારી કૂખને લજવી. (આંસુ લૂછતાં) ધનુર્વિદ્યામાં પણ તું અર્જુન જેવો જ હોંશિયાર, કોઈ પણ જાતની તને કુટેવ ન્હોતી. જો કે ધર્માવતાર કહેવડાવવાવાળા યુધિષ્ઠિરને પણ જુગારનું વ્યસન હતું. પણ તને તો કોઈ પણ વ્યસન અડકી પણ ન્હોતું શક્યું. તને કોઈ જાતનો લોભ પણ ન્હોતો. જ્યારે હું તને કહેવા આવેલી કે તું મારો પુત્ર કૌન્તેય છે, પાંડવોનો મોટો ભાઈ છે. અને તું એ લોકોની સાથે મળી જશે તો તને જ સિંહાસનનો ઉત્તરાધિકારી બનાવશે. પણ તેં તો તરત જ કહેલું કે મેં જન્મતાં જ તારો પરિત્યાગ કર્યો છે. એટલે હું સૂતપુત્ર રાધેય છું. અને રાજ્યના લોભથી હું મારા મિત્ર દુર્યોધન સાથે છળ નહીં કરું એવું તેં એને વચન આપેલું ને કહેલું કે તું એના તરફથી જ યુદ્ધ કરશે. ત્યારે તને જરા પણ તારી માનો વિચાર સુદ્ધાં ન આવ્યો? અરે હું પણ કેટલી મૂર્ખી કે મેં તારા પર જબરદસ્તી પણ ન્હોતી કરી અને તેં પણ મારો પાલવ છોડી દીધો. મારા દીકરા તું તો ભોળો હતો એટલે બધાંએ તને છેતર્યો.

પાંડવોની ભરી સભામાં તને સૂતપુત્ર કહીને અપમાનિત કર્યો. દ્રૌપદીએ તારું અપમાન કર્યું. પણ તું મૂંગો ર[illegible]ો. પણ તને કહી દઉં દીકરા કે દ્રૌપદીએ જો તારો પક્ષ લીધો હોત ને તો આજે કુરૂવંશનો ઈતિહાસ કોઈ બીજો જ હોત. એની આટલી લજ્જાસ્પદ હાલત પણ નહીં થતે અને કોઈ પણ દુર્યોધન કે દુશાસન આંખ ઉઠાવીને જોતે પણ નહીં. અને મને ખાત્રી છે કે તું તારા પાંચેય ભાઈઓની જેમ વિવશ બનીને બેસી નહીં રહેતે અને દ્રૌપદી આજે સંસારની સૌથી સુખી સ્ત્રી હોતે. પણ દીકરા, વિધિની વિડંબના... તું બધાથી અને બધી બાજુથી છેતરાઈ ગયો. હું પણ તારી મદદે ન આવી શકી. તારી આગળ ઢાલ બનીને ઊભી ન રહી શકી. તને ઈન્દ્રે છેતર્યો, કૃષ્ણે છળ કપટથી મરાવ્યો, જ્યારે તારા રથનું પૈંડું જમીનમાં ખૂંપી ગયેલું અને તું તે કાઢવા નીચે નમ્યો અને તારા પર, નિહત્થા પર વાર કર્યો. હાય મારું બચ્ચું.. તીક્ષ્ણ બાણોથી તારું શરીર કેવું વિંધાઈ ગયું છે...તને કેટલી પીડા થઈ હશે! તે મારાથી વધારે કોણ જાણી શકે? પણ બીજાને શું કહું, સૌથી મોટો દગો તો મેં તારી મા થઈને આપ્યો છે. જ્યારે તું અર્જુન સાથે યુદ્ધ કરતો હતો ત્યારે હું ભેભાન થઈ ગયેલી, પણ એ કહેવાનું સાહસ કેમ નહીં કરી શકી કે કર્ણ તારો મોટો ભાઈ છે. મારો પુત્ર છે. શું હું તને પોતાનો પુત્ર ઘોષિત કરીને પાંડવોનું નામ ન્હોતી આપી શકતી? આ ત્રણેય પુત્રો પણ દેવતાથી જ ઉત્પન્ન થયેલાં, તો શું પાંડુને કહી શકતી ન્હોતી કે સૂર્યથી પણ એને એક પુત્ર ઉત્પન્ન થયો છે. કેમ મેં પાંડુને ખોટું ક[illegible]ું કે હવે પુત્ર પેદા નહીં કરી શકું. સૂર્યના તેજ સમાન પ્રખર તેજવાળા તારા જેવા પુત્રને શું પાંડુ અપનાવવા માટે ના કહી દેતે? અને દીકરા, તારો ત્યાગ કરીને મેં સીતા, સાવિત્રી જેવા કયા પાતિવ્રત્ય ધર્મનાં આદર્શોની સ્થાપના કરી દીધી. મેં તો મારા પતિ સાથે પણ દગો કર્યો, પુત્રો સાથે પણ છળકપટ કર્યું અને સૌથી મોટી વાત તો એ છે કે હું પોતાની જાતને જ છળતી આવી છું. તું કેમ ચાલ્યો ગયો દીકરા? પરંતુ તારા મૃત્યુની શું હું ભાગીદાર નથી? એક માં થઈને મારા પોતાનાં હાથે નદીમાં વહેવડાવ્યો. ત્યારે મારાં હાથ સળગીને રાખ કેમ નહીં થઈ ગયા? તારૂં રૂદન સાંભળીને મારું કાળજું ફાટી કેમ ન પડ્યું...

ધિક્કાર છે મારા માતૃત્વ પર. ધિક્કાર છે મારા પત્નીત્વ પર! ધિક્કાર છે મારાં નારીત્વ પર! દીકરા, તારી આંખોમાં અપમાનની પીડા અને તારી અંતરવ્યથાની ઝલક જોઈને મારું કાળજું ચીરાઈ જાય છે. કાશ, હું સમયને બદલી શકતે.

(અચાનક યુધિષ્ઠિરનાં અવાજથી તેની તંદ્રા ભાંગી ગઈ)

તું શું બોલ્યો યુધિષ્ઠિર...કે હું અહીં દુશ્મનોની લાશો વચ્ચે કેમ રડી રહી છું? (તે ચિત્કાર કરીને બોલી) આ દુશ્મનનું શબ નથી યુધિષ્ઠિર, આ તારા ભાઈની નિર્જીવ કાયા છે, કર્ણ મારો પુત્ર હતો. તારો મોટો ભાઈ હતો અને એટલે જ એનું તર્પણ તારે જ કરવાનું છે.

(ગાંધારીના શબ્દોથી તે ચોંકી ગઈ)

હું શું કહી રહી છું? હા બ્હેન, કર્ણ રાધેય નહીં, કૌન્તેય હતો. તે સૂતપુત્ર નહીં, સૂર્યપુત્ર હતો, જયેષ્ઠ પાંડવ. તે કુંવારી કન્યાનું સંતાન હતો. અત્યાર સુધી લોકલાજને કારણે હું મૌન રહી, પણ આજે હું મૂંગી નહીં રહું. અત્યાર સુધી બહુ સહન કરીને જીવી છું. પણ આજે પોકારી પોકારીને કહીશ, કર્ણ મારો આત્મજ હતો, મારા પોતાના શરીરનું એક અંગ, મારું પોતાનું લોહી....

(ગળે ડૂમો ભરાઈ જાય. બેહોશ જેવી થઈને પાછી (ભાનમાં આવી રડે) મારું લોહી, મારું પોતાનું લોહી, મારો કર્ણ....મારો કર્ણ.....

**પૂર્ણિમા મુનસફ – મુંબઈ – 81048 50653**

**(આ કૃતિ સ્પર્ધા માટે નથી.)**

## સુતપુત્ર કર્ણ

## પૂર્ણિમા મુનસફ

**(હકીકતમાં તો પાંડુની પત્ની કુંતીનો જ પ્રથમ પુત્રહતો, છતાં તેના કમનસીબે જે કુંતીની કૌમાર્ય અવસ્થામાં સૂર્યથી જન્મ્યો અને કુરૂ સમ્રાટ ધૃતરાષ્ટ્રનાં સારથિ અધિરથની પત્ની રાધાએ તેને પંડના દિકરાની જેમ જ ઉછેર્યો. એ કર્ણની હૃદયવાણી રજૂ કરી છે.)**

**પાંચ પાંચ પાંડવોની પત્ની છે આ દ્રૌપદી. પોતાની જાતને સતી કહેવડાવે છે, પણ શું એનો અહંકાર! આખી સભામાં બધાની વચ્ચે મારું અપમાન કર્યું ને મારે એ ઝેરનો / અપમાનનો ઘૂંટડો ગળી જવો પડ્યો. પણ કાલની દુતસભામાં હું એનો અહંકાર ઓગાળી નાંખીશ, અને આનાથી પણ, ખરાબ રીતે જો હું એ અપમાનનો બદલો નહીં લઉં તો હું યેરાધેય કર્ણ નહીં.**

**રાધેય.... હું રાધાનો સગો દિકરો નથી, અને ભગવાન સૂર્યે તો કહી દીધું હતું કે હું સૂર્ય અને કુંતીનો પુત્ર છું. હા, કુંતી મારી જનેતા છે. એની કૂખે મેં જન્મ લીધો છે. પણ ક્યારેય એણે મને 'મા'નો પ્રેમ નથી આપ્યો. ક્યારેય મારી રક્ષક ન બની. લોકલાજને કારણે મને કાષ્ઠની પેટીમાં મૂકીને જમનાજીમાં વહાવ્યો ત્યારે એનું અંતર કેમ સળગી ન ગયું...! હું હંમેશાં એનાં પાલવમાં સંતાવા માટે તલસતો ર[illegible]ો. રાજમાતાનાં ગૌરવને જાળવી રાખવા એક 'મા' તરીકેનાં એનાં હૈયા પર પત્થર મૂકી દીધો એને મારી જરા પણ દયા ન આવી.**

બધાંએ મને દગો આપ્યો, મને છેતર્યો, પણ તારે તો મને અપનાવવો હતો. માં કેવી હોય એ મને કાંઈ યાદ નથી. લોકો તો કહે છે કે મા તો દિકરાને પોતાનાંથી અળગો કરતી જ નથી. લોકો તો એમ પણ કહે છે કે એક તરફ આખી દુનિયા ને એક તરફ 'મા'. પણ તું તો કઠણ હૃદયે મોં ફેરવીને ચાલી ગઈ! એક દિકરાની મા બનવાને બદલે તેને સતી અને પતિવ્રતા તરીકે પંકાવું વધારે પસંદ હતું અને એટલે જ એની લાલચે તેં માની મમતાનું ગળું ઘુંટી નાંખ્યું.

મને યાદ છે કે દ્રોણાચાર્ય જેવા મહાન ગુરૂ અને પરશુરામનાં શિષ્ય પણ મને સુતપુત્ર સમજીને શિષ્ય બનાવતા અચકાતા હતાં. એમને તો પેલા અર્જુનને જમાનાનો શ્રેષ્ઠ ધનુર્ધર બનાવવો હતોને? એમને ક્યાંથી આ સુતપુત્ર ખપે? જ્ઞાનનાં દાતા ગુરૂઓ પણ ભ્રમજાળમાં લપેટાય છે, અને એથી જ મારા કે એકલવ્ય જેવાને બલિદાનનાં બકરાં બનવું પડે છે. મારી જેમ જ પેલા એકલવ્યનો એવો તો કયો ગુનો હતો કે એને પોતાનાં જમણાં હાથનો અંગુઠો ગુરૂચરણે ધરવો પડ્યો? એનો વાંક તો એટલો જ હતોને કે એણે આચાર્યદ્રોણને ગુરૂ માન્યા! એ દ્રોણ કે જેણે ધનુર્વિદ્યાનો કક્કો પણ ન્હોતો શીખવ્યો, અને આજે એ દંભી ગુરૂઓ ધર્મ- ન્યાય, નીતિ- દયાનો અંચળો ઓઢીને બેઠાં છે.

અને પેલી પાંચાલી... સ્વયંવરમાં વર શોધવા નીકળી હતી. એને તો જગતનાં શ્રેષ્ઠ ધનુર્ધારી સાથે લગ્ન કરવા હતાં, અને જ્યાં જરાસંઘ- શિશુપાળ- અશ્વત્થામા અને દુર્યોધન પણ નિષ્ફળ ગયા એ ધનુર્વિદ્યાની કસોટીમાં મેં જ્યારે રમતવાતમાં પણછ ચડાવી દીધી ત્યારે એને હું સૂતપુત્ર છું એ યાદ આવ્યું. કેમ સુતપુત્ર ધનુર્ધારી ન હોઈ શકે? અને છતાં એ જ પાંચાલી એકબે નહિ પણ પાંચ પાંચ પાંડવોને પરણી, કારણ? કારણકે માતા કુંતીની આજ્ઞા હતી. વાહ રે ધર્મ...! લોકો પણ તારી મજાક કેવા કેવા નામે કરતાં જાય છે અને સૌથી મોટી વિચિત્રતા તો એ હતી કે આવાં એ પાશવી લગ્ન સામે ધર્મરાજ ગણાતાં યુધિષ્ઠિરે, ધર્મ ધુરંધર ગણાતાં વેદ વ્યાસે કે ધર્મનાં ઉદ્‌ગાતાં ગણાતાં કૃષ્ણે પણ વિરોધ ન દર્શાવ્યો.

આ કૃષ્ણ પણ ભારે ખટપટીયો માણસ છે. મામાને મારીને ભગવાન તરીકે પંકાયેલો, એ એવો તો મીઠો છેને કે ભલભલા એની વાતમાં ફસાઈને પરવશ બની જાય. પણ હું એનાથી છેતરાવાનો નથી. મને ખબર છે કે એ મને મળીને કહેવા માંગે છે કે 'હું સુતપુત્ર નથી, સૂર્યપુત્ર છું.' પણ એ મૂર્ખને ભાન નથી કે એ ઝેર તો મેં વર્ષો પહેલાં મારી રગેરગમાં ઉતારી દીધું છે. હું કુંતીનો ત્યજાયેલો પુત્ર છું એ મરતાં સુધી ભૂલી શકું તેમ નથી.

પણ મા, તેં મને જન્મ આપ્યો તો પછી જીવાડ્યો શા માટે? ત્યારે જ મને મારી નાંખ્યો હોત તો અત્યારની બધી યાતનાઓમાંથી પસાર ન થવું પડ્યું હોત. તેં મને તરછોડ્યો ત્યારે જરાય ન વિચાર્યું કે મારે કેવા હડધૂત થવું પડશે. તેં તારા દીકરાઓને સમજાવ્યું હોત કે કર્ણ તમારા બધાનો મોટોભાઈ છે તો એકી અવાજે બધાને ચૂપ કરી દેતે જે આજે મને સુતપુત્ર કહીને વગોવે છે, વખોડે છે. પણ એ મને નહિ પણ પોતાની માને જ ગાળ દઈ રહ્યાં છે. અને ધર્મરાજ યુધિષ્ઠિરને જ્યારે આ સત્યની ખબર પડશે ત્યારે એ નહિ જીરવી શકે, એમના પસ્તાવાનો કોઈ પાર નહિ રહેશે ને ત્યારે કદાચ હું જીવતો હોઈશ કે કેમ તેની મને પણ ખબર નથી.

પેલો કપટી કૃષ્ણ તારા દીકરાઓની સાથે છે, ને એટલે ગમે ત્યારે કૌરવો પાંડવોનું યુદ્ધ થાય પણ કૃષ્ણનાં સાથને લીધે પાંડવો જીતી જશે એ પણ હું જાણું છું. અને દરેક પળે અનુભવું છું કે યુધિષ્ઠિરનો એ વિજય એના માટે કડવો ઝેર બની જશે. પણ એક વાતનો મને સંતોષ છે, અને મૃત્યુ પછી પણ એ જ સંતોષ અને આશ્વાસન હશે કે મારા જીવનની અંતિમ ક્ષણ સુધી મેં મારા સાચા મિત્ર અને સાથી દુર્યોધન સાથે તન-મન-ધનથી મિત્રતા નિભાવી છે, ને તેને વફાદાર રહ્યો છું. એમ નહિ માનતા કે કૌરવો અને પાંડવોનું યુદ્ધ, ધર્મ- નીતિ કે ન્યાયનું યુદ્ધ છે, અરે એ તો કુંતીના સંતાનોનું યુદ્ધ બનશે. મા, તું જોજે કે એક તરફ તારો તરછોડાયેલો, વગોવાયેલો દિકરો હશે અને બીજી તરફ તમારા

પેલાં કહેવાતા ભગવાનથી રક્ષાયેલાં તારા પાંચ દિકરાઓ હશે. પણ મા તું યાદ રાખજે કે તું જનેતા તો પાંચ જ સંતાનોની કહેવાશે, કારણકે તારા નસીબમાં છ સંતાનોને સાથે જોવાનું લખ્યું જ નથી.

મને ચિંતા એક જ વાતની છે કે તારા દિકરાઓ અને દુર્યોધન વચ્ચેનાં યુદ્ધમાં મને મારો શાપ તો નહીં નડેને? પણ કોઈ વાંધો નહિ, આ કર્ણ તો કર્મવીર જ રહ્યો છે, એણે કદી પોતાનાં પ્રારબ્ધની કે સુતપુત્ર હોવાની ફરિયાદ નથી કરી. બાકી કૌન્તેય છું કે રાધેય એ તો ગૌણ વાત છે. મને કોઈની પરવા નથી. હું તો માત્ર એટલું જ જાણું છું કે મને મારા કર્મમાં, બાહુમાં, બુધ્ધિમાં શ્રદ્ધા છે ને રહેશે. અને એટલે જ હું નહિ હોઉં ત્યારે પણ લોકો મને યાદ કરશે જ.

જોઈ લેવાદ્યો જગતને કે એક તરફ ધર્માવતાર ગણાતો કૃષ્ણ વિજયી થવા છતાં પણ પરાજયના ઘા થી સમસ્ત ચેતનાને ઘેરીને બેઠો હશે અને બીજી તરફ કહેવાતા અધર્મને પક્ષે બેઠેલો આ કર્ણ હાર્યા છતાંય વિજેતાના ગર્વથી મૃત્યુ પછીય લોકોનાં દિલમાં રાજ કરતો રહેશે.

પૂર્ણિમા મુનસફ – મુંબઈ – **81048 50653**

(આ કૃતિ સ્પર્ધા માટે નથી.)

## ? માર્ક

## રાહુલ પરમાર

(એક આધેડ પુરુષ છોકરીના ફાટેલા વસ્ત્રો ભેગા કરી છાતીથી લગાવી રહ્યો છે. રડતા રડતા)

પેલા નિર્ભયા અને દામિની જેવી છોકરીઓનો, પછી પ્રિયંકા રેડ્ડી જેવી ડોક્ટરનો અને હવે દલિતપુત્રી મનીષાનો.

"કદાચ હું આ રોકી શક્યો હોત, કદાચ કોઈ આને રોકી શક્યું હોત."

હે ભગવાન !!!

તારી આ દુનિયામાં માણસ જ માણસના લોહીનો તરસ્યો છે,માણસ જ માણસના શરીરનો ભૂખ્યો છે. ક્યારેક બે પૈસા માટે તો ક્યારેક પોતાની વાસના માટે.પોતાના સ્વાર્થ ખાતર માણસ જ માણસનો ભક્ષક બની બેઠો છે. અરે શું વાંક હતો એ છોકરીનો ? છોકરી હતી એ ? કે પોતાની ઓળખ બનાવવા ઘરની બહાર આવી એ ? (ગુસ્સામાં) ખબર છે તું મૂંગા પ્રાણીની જેમ કશુજ બોલવાનો નથી.પણ સાંભળ આ તારી બનાવેલી સૌથી સુંદર રચનાની કરતૂત છે.હા, માણસ ભગવાનની સૌથી સુંદર રચના, ભગવાનની સૌથી સુંદર રચના.(જોરથી હસતા હસતા).

(નોર્મલ થઈને) હું ધોરણ સાતમાં હતો. ત્યારે મારા શિક્ષકે ભણાવ્યું હતું કે ભારત એટલે સભ્યતા અને સંસ્કૃતિનો દેશ.અરે શું સંસ્કૃતિ નો દેશ છે ? સાહેબ. અહી છોકરી ઉપર બળાત્કાર થાય છે.અને એની આત્માની શાંતિ માટે મીણબત્તી સળગાવવામાં આવે છે.અરે ક્યાં ગઈ એ સંસ્કૃતિ, કે માતા સીતા ને પરત લાવવા લંકા સળગાવી હતી ? ક્યાં ગઈ એ સંસ્કૃતિ કે દ્રોપદીના માન ખાતર મહાભારત રચાયું હતું ? અરે ક્યાં ગઈ એ સભ્યતા કે પરસ્ત્રી સામે આવતા આંખો જુકી જતી ? આ ધરતી,આ ધરતી પર એક ગાવલડી માટે માથા વઢાયા છે. જ્યારે આજે, આજે તો સ્ત્રીના સમ્માનની વાત છે. તો ચૂપ કેમ છે આ સમાજ ? અરે એક વખત કોર્ટના કડઘરા માં 14 વર્ષથી ન્યાય માંગતી કિરણ નેગી ને તો જુવો. તમારી પાસે હાથ ફેલાવી ને ચિલ્લાઈ ચિલ્લાઇ ને પોતાનું દુઃખ કહી રહી છે.એ નરાધમોએ ત્રણ દિવસ સુધી એની સાથે બળાત્કાર કર્યો, એના પર એસિડ ફેક્યું.એના અંગ પર દારૂની બોટલો મૂકી. અને જ્યારે તેના પિતા ન્યાય માંગવા મુખ્યમંત્રી પાસે ગયા, ત્યારે માત્ર એક લાખ રૂપિયાનો ચેક પકડાવી એ પિતાની લાગણીને છિન્નભિન્ન કરી નાખી હતી.એ દીકરી આજે તમારી પાસે ન્યાય માંગે છે. શું એને ન્યાય મળશે ? કે ન્યાયના મંદિર બંધ થઈ ગયા છે. આજે એક જ સવાલ પૂછું છું કે શું આ દેશ ની દીકરીની આબરૂની કિંમત માત્ર એક લાખ રૂપિયા છે.આ દેશની નારીઓની કિંમત આમ થોડાક રૂપિયામાં આંકીને શું સાબિત કરવા માંગો છો ?

રાહુલ પરમાર – સુરત - **7878840465**

## બા

## સંકલ્પ કુલકર્ણી

### (ત્રીજા ક્રમની વિજેતા કૃતિ.)

(ગોરમાનાં ગીત-થી શરૂઆત, નાના કસ્તુરબા ઓરડાની બહાર રમતા હોય)

બસ આમજ રમતી હોવને મા તરત જ બોલાવે “કસ્તૂર બેટા કેમ આટલી વાર” અને હું હરણાની જેમ દોડતી જતી, અને બા કેહતી એજો મારું હરણું દોડતુ ચાલ્યું.....
મૃગ પણ કસ્તુરી મૃગ.... એ જે મૃગમાં કસ્તૂરી હોયને તે ભાગ્યશાળી ખરું,
પણ કુદરતની મહેકને અત્તર બનાવવા શિકાર પણ એનોજ સહુથી વધારે થાય!
હું કોણ? આપણા દેશના બાપુની બા.... કસ્તૂર બા! બાળપણમાં તો મોટેભાગની બાળકીઓને રાજા રાણીની વાર્તાઓ કેહવામાં આવે, પણ મારી બાએ મને રાજા વગરની રાણીની વાર્તાઓ કહી મોટી કરી, અને એમાં ઝાંસીના રાણી લક્ષ્મીબાઈ મારા આદર્શ, રાજા વગર પણ પોતાનું રાજ કાજ અને

સ્વમાન બચાવવા પોતાને ધાવતા સંતાનને પીઠે બાંધી, બન્ને હાથોમાં ન્યાય અને કર્તવ્યની તલવાર લઈ, શૌર્યના અશ્વ પર સવાર.....

ફિરંગી તાકાત સામે રણચંડી બની ગરજતી રાણી લક્ષ્મીબાઈ
ખૂબ લડી મર્દાની વો ઝાંસી વાલી રાની થી, ખૂબ લડી મર્દાની.

અને એટલામાં જ મારી ગોરમા એનું તેડું લેતા આવ્યા! મારા પિતાએ એમના પરમ-મિત્રના છોકરા મોહન જોડે મારા વિવાહ નક્કી કરી આવ્યા હતા, લગ્નની શરણાઈયો માં મે મારી સ્વપ્નોની સમશેર સૌભાગ્યના પાલવમાં છુપાવી દીધી! શું આ લગ્ન પૂર્વેના સ્વપ્નો સાથે ભવિષ્યમાં ફરી ક્યારેય ભેટો કરી શકાશે? કમભાગ્યે આ સવાલનો જવાબ આજે પણ ભારતની દીકરીઓ નહી એમના પતિઓ આપે છે! પણ બાએ કહેલું લગ્ન તો દરેકના થાય જ ને!? અને એટલેજ કદાચ મારા પતિ પાસે મારી બહુ અપેક્ષા નોહતી, ગમે એવો વ્યક્તિ હોય પણ સારો આત્મા હોવો જોઈએ, અને ખરેખર કસ્તુરને એનો સુવાસ કદી ખોટો ના પાડે, મારા ધણી પાસે ફક્ત આત્મા નહી મહાત્મા હતો! બાળપણથીજ એમના હ્રદયમાં ખુદના અસ્તિત્વથી ઉંચો એક આદર્શ હતો. અને એ આદર્શના પ્રકાશ અને મોહન જોડે પ્રેમની લીલામાં હું તરબોળ થઈ ગઈ, આજે મારા જીવનની કસ્તૂરી યૌવનથી મેહકી ઉઠી!
વર્ષો ગયા, અમે બન્ને યુવાન થયા અને અમારા જીવનમાં આવ્યું એક હસતું બાળક હરી!
હરી હરી મોહનનો હરી! તો ત્યારે પણ નાનકડું મોઢું મચકોડીને કહે ના બા મોહનનો હરી નહી... હરી તો ફક્ત બા નો... (હસે) હરી આવ્યા અને મોહન વિલાયત જતા રહ્યા. બેરિસ્ટરીનો અભ્યાસ કરવા ઇંગ્લેન્ડ! હરી જોતજોતામાં મારી એકલીની હુંફે મોટા થતા ગયા એટલામાં તો જોતજોતામાં મોહન ફરી આવ્યા.
(ઉંમરમાં પરિપક્વતા દેખાવા માંડે) એ ફરી આવ્યા અને ખરા અર્થમાં અમારો પરિવાર વસ્યો. હરીલાલ જોડે અમારા પરિવારમાં બીજા ત્રણ નામો જોડાયા. મણીલાલ, રામદાસ અને દેવદાસ! ત્યારે મોહનને એક મોટો કેસ મળ્યો સાઉથ આફ્રિકાના ડર્બનમાં! મે કહ્યું હવે જાઓ છો તો ચાર છોકરાઓને હું એકલી નહી સંભાળી શકુ. મને પણ લઈ ચાલો તમારી સાથે. અને અમે બદ્ધા પહોંચ્યાં ડર્બન બંદરે. ડર્બન બંદરે જહાજમાંથી નીકળતો કાળો ધુમાડો આકશે જઈ ધોળા વાદળોમાં ભળી જતો, પણ ધરતી પર ધોળાઓનો પડછાયો પણ ત્યાંની કાળી ચામડીના માણસો જોડે આભડછેડ કરતો! ત્યાં અમારો સંસાર ખૂબ સરસ રીતે જામ્યો. અમે ત્યાં પોતાનું ઘર પણ લીધું, બદ્ધું સરસ હતું, સિવાયકે મારા પતિનો આત્મા! એક દિવસ પોતાના વકીલીના સૂટ પર ધૂળના ડાઘા લઈ એ ઘરે આવ્યા, લાગતું હતુ કે સાફ કરવાનો પણ પ્રયત્ન નોહ્તો કર્યો! એમના કપાળે પરસેવો હતો. એમના હાથમાંથી સૂટકેસ શબની જેમ નીર્જીવ થઈ જમીને પડ્યો. કાચમાં પોતાના ચેહરાને જોતા બોલ્યા, “જ્યારે ચિત્રગુપ્ત

હિસાબ કરતો હશે, શું ત્યારે પણ ચામડીના રંગનો ફરક પડશે... બા જો કોઈ ચમત્કારથી માણસની રંગો પારખવાની શક્તિ જતી રહે તો... તો શું?" અને મે આંખમાં આંસુ જોડે કહ્યું "તો માણસ કદ અને ઊંચાઈથી કદાચ ભેદ કરતો થઈ જશે! મે સમજાવાની કોશિશ કરી "કે માણસનો સ્વભાવ છે તોડવું, અને ભેદ ખાલી તમારી અને મારી જોડે નથી થતો, સહુ જોડે થાય છે. એ લોકો ભૂલી જીવનમાં આગળ વધી જાય છે. તમે પણ ભૂલી જાવ! પણ શું કરે? પ્રભુનો અંશ મહાત્મા... અપમાન ભૂલી શકે પાપ નહી! પોતાના પણ નહી અને બીજાના પણ નહી! એ પોતે ગોરાઓના ત્યાંનાં કાળા લોકો સામે થતા અન્યાય સામે અવાજ ઉઠાવ્યો, અને ત્યાંની સ્ત્રીઓમાં અંગ્રેજો સામેની ક્રાંતિ પ્રજ્વલિત કરવાની જવાબદારી એમણે મને સોંપી. મે કહ્યું હું તમારા માર્ગનો આદર કરુ છું, પણ આપણા બાળકોનું શું? ત્યારે એમણે મને કહ્યુ કે જ્યાં માણસની માણસ છોડી બીજી કોઈ પણ રીતે કિંમત થાય એવા ભવિષ્યમાં આપણા બાળકો ઉછરીને પણ ફક્ત જહન્નમ જ જોવાનાને. અને મે એમનો હાથ ઝાલી લીધો અને અચાનક, હું હજારો મહિલાઓની વચ્ચે હતી. કોઈ રંગ નહી, કોઈ અમીર ગરીબનો તફાવત નહી, કોઈ જાત ભેદ નહીં. ફક્ત સત્યના માર્ગમાં જીવ સહિત કુરબાન થઈ જવાની ભાવના. એટલામાં તો અંગ્રેજો આવ્યા મારા સહીત, બદ્ધી સ્ત્રીયોને જેલમાં લઈ ગયા... રાત પડતા અંધારું વધુ થવા માંડ્યું દરેક સ્ત્રીને પોતાના બાળકોની યાદ આવવા માંડી, સત્યનો જ્યોતિને બુઝાવવા દુઃખના વાયરા વાયા અને ત્યાંમે મારી શાંતિ માટે ગાવાનું શરુ કર્યું.

"ભજ મન જન "

પ્રાર્થનાની ગુંજથી ડર્બનની એ કાળકોટરી એ દિવસે તીર્થ સ્થાન બની ગયી! અને આખરે પ્રકાશના પેહલા કિરણ જોડે સત્યનો પણ વિજય થયો. મોહનને હવે લોકો અમારી અટકથી ઓળખવા માંડ્યા "ગાંધી". જ્યારે અમે દક્ષીણ આફ્રિકા છોડી રહ્યા હતા ત્યારે ત્યાના લોકોએ અમને સોના, ચાંદી, રોકડની ભેટો આપી, એમના દેશમાં એમના પોતાના થઈ સત્યનો માર્ગ ચીંધવા માટે! મોહને કહ્યું આલોકો ના સ્વરાજ્યની જો હું કિંમત લવને બા... તો તેઓ પોતે ક્યારેય સ્વરાજ્યની કિંમત નઈ સમજી શકે! પણ આપણું શું? શું તમે આમની જોડે આપણા સંતાનોના બાપુ નથી! કઈ જવાબ ના આપ્યો, આફ્રિકાથી ભારત આવતા મે એમને એક પણ શબ્દ ના કહ્યો! જેવા ભારત જહાજ ઉતર્યું એક મોટી ભીડ જમા થઈ ગયી અને જહાજના ભૂંગળને નાથી જતો.

"ગાંધી ઝીન્દાબાદ... ગાંધી ઝીન્દાબાદ" નો નાદ શરુ થયો. અને ત્યારે બાપુ-એ સહજ મારી સામે જોઈ ને કહ્યું "લો બા આપણી ક્રાંતિની હૂંડી, વ્યાજ જોડે ચૂકવી દીધી હરી એ!"

ત્યાર બાદતો અમે ભારત-માની સ્વતંત્રતાના અવિરત કાર્યમાં લાગી પડ્યા! રાત દિવસ ... દિવસ રાત સત્ય અને અહિંસાનો ચરખો ભારત ભરમાં કાંતવાનો શરુ થયો! આખું ભારત વર્ષ હરીના રંગે રંગાયું હતું અને અમારો પોતાનો હરીલાલ પિતાથી દૂર અને દૂર જવા માંડ્યો! અને આવ્યો એ દિવસ

૧૯૨૦ અસહકારની ચળવળ, વિદેશી કપડાનું દહન અને વિદેશી વસ્તુના બહિષ્કાર માટે બાપુને ૬ વર્ષ માટે જેલવાસ ભોગવવો પડ્યો! અને ત્યારે ઝાંસીની જેમ સત્યને અહિંસાની તલવાર લઈ હું ચળવળમાં ઉતરી પડી અને કહ્યું

"મારા પતી ભલે મારાથી દૂર કરવામાં આવ્યા છે, પણ આપણા હૈયેથી ગાંધી નામ ક્યારેય નહી જાય! જયાન સુધી આપણા લોહીમાં દેશદાઝ અને શરીરમાં શત્રુને પણ માફ કરવાનું કાળજું હશેને... ત્યાં સુધી ગાંધીજી ચળવળમાં આપણી સાથેજ રેહશે!"

(ખાંસી વધું ને વધુ વર્તાય, અને! વધતી ઉમર પણ હવે દ્રશ્ય રીતે વર્તાવા માંડે )

કસ્તૂર આખી જીંદગી મેહકી, અને સુવાસે કદાચ એના શ્વાસ ગૂંગળાવી દીધા! Bronchitis તો પેહલેથીજ હતો હવે કહેછે ક્ષય થયો છે ટી.બી, જીવલેણ બીમારી છે. છતાં કોઈ જીવની હત્યા કરી બનાવેલી દવા બાપુએ લેવાની ના પાડી, કહે છે એનાથી કદાચ બીમારી સારી પણ થઈ શકતે પણ કોઈના મૃત્યુના ડાઘ સાથે જીવેલી જીંદગી મોતજ છેને! હરીલાલ મુસલમાન બની ગયા, મારો હરી મારી ગળથૂથી ધૂળધાણી કરી ગયો.... શા માટે? બાપુ કદાચ તમે એને માફ કરી શકો હું નહી!

(માંદગી માં કળસતા સુઈ જાય)

વિભા દીકરા બાપુના પ્રયોગો કદાચ વિચિત્ર ભલે લાગે પણ એક વાત યાદ રાખજે દીકરા, એમનું કાળજું હરીનોજ અરીસો છે એ વિચિત્ર હશે વિકૃત જરા પણ નથી. એમણે ફક્ત બ્રમ્હચર્ય નથી અપનાવ્યુ બ્રમ્હ અપનાવું છે.

માં અને બા વચ્ચે પીંખાતી કસ્તુરબા! આજે મોત જ્યારે હરીનો માર્ગ દેખાડવા જાતે આવ્યું છે ત્યારેજ જુઓને મારા મોહન મારી પાસે નથી! એ વિભા બેન મારું ગમતું ભજન જરૂર વગાડજો હા!

ભજ મન જન ...

(સમાધી જેવામાં બેસે)

ભજ મન જન!

એ ક્યારેક સવાલ જરૂર થાય છે! કે જે બાપુને એમનો દીકરો ના સમજી શક્યો એને આવનારો સમય સમજી શકશે? કદાચ નહી! કારણકે

"ગાંધી માર્ગે જીતવું ખૂબ સરળ છે!|

ફક્ત ગાંધી માર્ગે જીવવું અઘરું છે!"

ખાલી ગાંધી માર્ગે જીવવું..........!

(અંત)

સંકલ્પ વિનાયક કુલકર્ણી – સુરત – ૭૫૬૭૫ ૪૬૩૯૧

## ભૂખ્યું બાળક

### શાંતિ બામણીયા

ઊંચી ઊંચી બિલ્ડીંગો અને લાંબી લાંબી ગાડીઓથી ભરેલુ આ શહેર એટલે અમદાવાદ.

લોકોની ભરચક અવરજવર કરતી ભીડ ભાડ વાળી  સડક અને સડક ના કિનારે... ફૂટપાથ પર બેઠેલો એક નવ વર્ષનો ભૂખ્યો બાળક..
આ શહેરની જાહોજલાલી જોઈ રહ્યો હતો.
એ રાહ જોઈ રહ્યો હતો કે કોઈ આવી જાય અને તેને કહે કે શું જોઇએ છે તારે.
એટલામાં એક ગાડી આવીને ચાર રસ્તા પર ઊભી રહી.
તે જોઈને એ છોકરો દોડતો દોડતો પાસે ગયો તેને લાગ્યું મારા ભગવાન આવી ગયા મને ખવડાવવા.

પણ આંસુ તે છોકરા ને જોઈને પેલા એ તો ગાળો આપીને ભગાડી મૂક્યો 'જા અહીંથી હાથ લાંબો કરીને બસ માંગવા આવી જવાનું.'

આ સાંભળીને તેનો મોટો ભ્રમ દૂર થઈ ગયો મને લાગે છે કે આ વ્યક્તિ મારી 'માં' કહેતી હતી કે... કોઈક એવી વ્યક્તિ આવશે જે મને કહેશે કે લે તારે જે ખાવું હોય તે તું ખાઈ લે.... તને ભૂખ લાગી છે! પણ આ તો એ નથી ....ફરી તે સડક કિનારે જઈને બેસી ગયો.

મારી માં તો કહેતી હતું કે ભગવાન જરૂર આવશે!!

મને જોઈને સ્મિત કરશે.! મને પ્રેમથી બોલાવશે અને મારા વગર માંગે મને જે જોઈએ તે આપી દેશે..!

એટલામા જ મજૂરી કામ પતાવીને એક મજુર તેના ઘરે જઈ રહ્યો હતો... તેને તેણા બાળક માટે આજે તો જલેબી લીધી હતી...

ત્યાંથી પસાર થતા તેણે સડક કિનારે  બાળક ને બેઠેલો જોયો.

બાળકને જોઈને તેની સામે સ્મિત કર્યું

તેણે જોઈ ને સામેથી પાસે બોલાવ્યું અને પૂછ્યું.

' કેમ અહી બેસી રહ્યો છું બેટા...

ભૂખ લાગી છે?'

હા'

'વહાલથી તે બોલ્યો લે તારા માટે જલેબી.'

'મારી માં સાચું  જ કહેતી હતી તમે જરૂર આવશો.'

"ફરિશ્તા ,ભગવાન પૈસાદાર કે ગાડીવાળા નહીં પણ જે દુઃખ માં મદદ કરે તે જ કહેવાય છે."

શાંતિ બામણીયા - અમદાવાદ.- **9727295303**

# મને ઓળખી?

## તન્વી કિશોરભાઈ ટંડેલ

મને ઓળખી? હા...હા...(અટ્ટહાસ્ય)

અરે, તમે મને નથી ઓળખી શક્યા ને ક્યારેય નથી ઓળખી શકવાના!

હા, હું એ જ સીતા જેને પત્નીધર્મ સાબિત કરવા અગ્નિપરીક્ષા આપી ધરતીમાં સમાવું પડ્યું.હું એ દ્રૌપદી જેને પાંચ પતિ ઓ છતાં ભરી સભામાં વસ્ત્રાહરણ વેઠવું પડ્યું..વર્ષોથી મારી નિયતિમાં સતત પીડાના બીજ જ રોપતાં રહેવું એ જ આપ સૌનો ધર્મ છે?.( આંખો આંસુ દશ્યમાન)

તમને ખબર છે રોજ રોજ મારા અસ્તિત્વ ઉપર પ્રશ્ન ઊભો થાય છે. મારું ઘર કયું?.. સાપનો ભારો ગણી લગ્ન થતાં જ પારકા ઘરને પોતીકું માની પોતાના માતા પિતા ,ઘર છોડી સાસરે જવું પડે છે ત્યાં ઘરની, પરિવારની, પતિની, બાળકોની...સઘળી જવાબદારી મારા ખભે ને સતત કાર્યરત એવી હું સૌની જરૂરિયાત પૂરી કરતી 'રોબોટ' પણ ખરી જ. સતત સમગ્ર ન્યોછાવર કરનારી હું...

સારા- નરસાં અનેક અનુભવો રાત દિવસ મારા હૃદયમાં સંગ્રહું છું. મારી ઈચ્છા,મારી સ્વતંત્રતા......પર મારો કોઈ જ અધિકાર નહિ? હું.....અરે...હું એ જ " નિર્ભયા" જેના પર છાશવારે અમાનુષી અત્યાચાર, ( ગુસ્સાથી) વારંવાર બળાત્કાર ગૂજારાય છે, અંતે મારે મોતને જ શરણે થવાનું? મારો શો વાંક? મારો

ક્યો ગુનો?... કહો તો... તમારા પોતાના સ્વાર્થ ખાતર તમે મને ઘરમાં ઘરેણાંની જેમ 'સુશોભિત' કરી આદર્શ મૂર્તિ તરીકે ચિત્રો ને ઈચ્છા થાય ત્યારે તિરસ્કાર ને ધુત્કાર..ક્યારેક બસ કુમળા ફૂલને ગર્ભમાં, મારી જ જનેતાને મજબૂર કરી....અનિચ્છાએ ભ્રૂણહત્યા ના કલંકમાં ( ઉપર જોઈ ફરી રડી પડે છે) વાહ રે દુનિયા ધન્યવાદ તને...હવે ઓળખી મને?

હા, હું એક સ્ત્રી છું. તમે મને નથી ઓળખી શક્યા ને ક્યારેય નથી ઓળખી શકવાના!

મને ગર્વ છે કે હું સ્ત્રી છું, સર્જન નું નિમિત્ત છું. મને ઉવેખી ને સર્જન શક્ય નહિ બને! ક્યારેક તો મને ઓળખી લો. મને પૈસાની નહિ માત્ર પ્રેમની જરૂર છે. મારા અસ્તિત્વના સ્વીકારની જરૂર છે. શકિત સ્વરૂપે હું તમારી આસપાસ જ છું. મારા વગરની સૃષ્ટિની કલ્પના કરી જુઓ,ભયાવહ ચિત્ર ઉદ્ભવશે. વાત અહી મારા સન્માનની છે. અનેક ઘરોમાં ઓશિકા ડૂસકાંથી ભીંજાયેલા છે.દીકરી, પત્ની,માતા કે બેન.... દરેક સ્વરૂપે તમારા જ ઘરમાં છું...મને પિંજરાવસ્થાનું પંખી નહિ બનાવો ..... ( આજીજી સૂચક ભાવથી) હું સ્ત્રી છું. મને મારું પોતાનું આકાશ આપો... મારી પોતાની પાંખો થકી વિહરવા દો...

ટંડેલ તન્વી કિશોરભાઈ - આણંદ - **97272 79976**

# અર્ચના બોલે છે

## ડૉ. વિભૂતિ રાણીગા લુંભાણી

નવા નવા લગ્ન થયાં મારાં ને સાસુ માં તો ખુશખુશાલ જાણે એમની દિકરી આવી હોય એમ, અર્ચના તેં નાસ્તો કર્યો? અર્ચના તેં જમ્યુ? અર્ચના તને શું ભાવે છે ચાલ આજે એ બનાવીએ, અર્ચના તું થાકી ગઇ હોઈશ આરામ કર, હું જોઇ લઈશ બધું, થોડા દિવસો વિત્યા મહેમાનો ગયા, હું તો ખૂબ ખુશ હતી પિયર તો જાણે વિસરાય જ ગયું હતું. અમે લોકો હનીમૂન પર ગયા ને રોટલા જમવા ગયા બધાને ઘરે, એમ કરતા કરતા મને ઘરની રીતભાત ખબર પડવા લાગી, હું ખૂબ ખુશ હતી, હું ઘણું ખરું ભણેલી મારા સાસુ ભણેલા નહીં પણ સમજણ શક્તિ એવી કે લાગે કેટલા વેલ એજ્યુકેટેડ છે.

પણ આ બધું થોડા સમય માટેજ હશે એ મને થોડી ખબર હતી! થોડા દિવસો પસાર થતા અચાનક જ બધાને મારી ભૂલો દેખાવા લાગી, આવું શાક તેં હોતું હશે કાંઇ? આપડા ઘર માં આવું નથી બનતું, અવા શબ્દો સાંભળતા જ દિલ પર પથ્થર વાગતાં, જ્યારે રોટલી,ભાખરી,પરોઠા નજરની સામેજ પલટાવી પલટાવી ને જોવામાં આવે ત્યારે થોડીવાર માટે એમ થાય કે કયાંક નાસી જઇએ,રોજ જમવા બેસીએ એટ્લે કાંઇક નવું સાંભળવાનું,ધીમે ધીમે મારો આત્મવિશ્વાસ ઓછો થતો ગયો ,હું

ડિપ્રેશન માં જતી ગઇ,ખૂબ ગુસ્સો આવવા લાગ્યો, પતિ સાથે ઝઘડો થવા લાગ્યો, મારાં પતિ મને ખૂબ સાથ આપતાં, અમે મનોચિકિત્સક ને મળ્યાં, પછી મને સમજાયું કે જીવનમાં ફક્ત આ બધી વસ્તુઓજ મહત્વની નથી,પોતાના માટે પણ જીવવું પડે, રસ્તા શોધવા પડે,આજે એ વાત ને એક વર્ષ વીતી ગયું, આજે હું ખૂબ ખુશ છું,કારણકે મને ખબર છે આપડે કોઈનો સ્વભાવ બદલી શકવાના નથી,એનાં કરતાં આપણે જ રસ્તો કાઢીને જીવતાં શી જવાનું છે.

કોઇપણ વાત માં વહુ અને દીકરીની સરખામણી તો થવાનીજ છે અને દિકરી હંમેશા વહુ કરતાં ચડિયાતી જ રહેશે,પછી ભલે વહુ સેવા કરતી હોય અને અખો દિવસ ઢસરડા કરતી હોય, દિકરીનાં સાસરિયાંની ભુલ પહેલાં દેખાશે. પોતે કેવા છે એ નહીં સમજાય, સાસુનાં મોઢે સાંભળવાનું અમે તો આમ કરતાં અમે તો તેમ કરતાં, આવુ તો અમે ક્યાંય ભાળ્યું નથી.તમે જેમ કરતાં હો એમ એમાં અમારો શું વાંક? તમારાં વખતે સમય અલગ હતો.તમે કર્યુ એમજ અમારે કરવું જરુરી નથી, બસ તમે કાંઇ નવું કરો એ સહન નો થાય સ્વીકાર નો થાય ,જુનવાણી વિચારોને જ થોપી બેસાડવા છે.મારાં જેવી કેટલીયે વહુઓ હશે જે મન મારીને જીવતી હશે,વહુએ કેટલું ખાધું, કેટલું સૂતી, ક્યાં ગઇ, કેટલા ફોન કર્યા આ બધો હિસાબ રાખતી સાસુઓને મારે કહેવું છે કે શું તમે વહુ ન્હોતા? તમે આ સહન કર્યું એટ્લે અમારે કરવાનું જ? વહુ આવે એટલે શું તમારે નિવૃત્તિ લઇ લેવાની? કરશે એ હાંકૂડી. ક્યારેક તો પૂછો કે લાવ તને આ ભાવે છેને હું બનાવું આજે તો તમે ગમે એવાં હશો વહુને માન થશે જ. પણ નથી કરવું વહુ એટ્લે વહુ જ છે, સમાજની નજરોમાં. પુત્રવધુ એટ્લે પુત્ર કરતાં પણ વધું એવું ફક્ત ને ફકત બોલવામાં જ આવે છે સ્વીકારવામાં નહીં.

ક્યાંક ને ક્યાંક હજીયે કેટલી વહુઓ સહન કરી રહી છે, જો તમે પણ આમાંનાં એક હો તો જીવન જીવતાં શીખી જજો. કોઇના માટે પોતાની ખુશીઓની કુરબાની નહીં આપતાં,વીતી ગયેલો સમય પાછો નહીં આવે ક્યારેય, વિચારજો જરા.

ડૉ. વિભૂતિ રાણીગા લુંભાણી – સુરત - **9925419907**

## એક ડૉક્ટરની આપવીતી

### ડૉ. વિભૂતિ રાણીગા લુંભાણી

જ્યારે પણ તમે તબીબી અભ્યાસ કરતાં હો ત્યારે તમારું મન કેટલું પ્રફુલ્લિત હોય છે...અને છાતી ગજ ગજ ફુલતી હોય છે કે ઈશ્વરે મને લોકસેવા નો મોકો આપ્યો... જ્યારે તમારો પહેલો ક્રમાંક આવે યુનિવર્સીટીમાં ત્યારે તો વાત જ કાંઇ ઓર હોય.મારાં કુટુંબ માં તબીબી અભ્યાસ કરવા વાળા અમે ઘણાં સભ્યો, પહેલેથી જ એવું વાતાવરણ મળેલું.નાનપણ થીજ નક્કી કરેલું કે ડૉક્ટર જ બનવું જ છે. મારા પપ્પાનાં સારાં ગુણો જોઈને જ મે નક્કી કરેલું કે મારે પણ એમનાં જેવું જ બનવું છે..એમની જેમજ બધાં દર્દીઓ ને મદદ કરવી છે, બધાનાં દુઃખો દુર કરવા છે.

આપણે ડોક્ટરો કેટલાં નિઃસ્વાર્થ ભાવથી આવું વિચારતાં હોઇએ છીએ,પણ સમાજ? સમાજ શું વિચારે છે? એ આપણને નથી ખબર હોતી,જો તમે એક સારા સર્જન હો તોજ લોકો ની નજર માં ડૉક્ટર કેવાઓ બાકી તમારી પાસે ગમે તે ડિગ્રિ હોય લોકો તો ચાલુ ડાક્ટર ને શટરિયા ડાક્ટર જ કહેશે....ડૉક્ટર શબ્દ નો પણ અપભ્રંશ કરી નાખ્યો છે..જે સન્માન ડૉક્ટર ને મળવું જોઈએ એ હવે

કયાં મળે છે! અરે!... ચાલુ ડૉક્ટર પણ બનવા તો જાઓ ખબર પડશે કેટલી મહેનત કરવી પડે છે...ખાલી તપસવનાં ૫૦૦? વાત કરવાનાં ૨૦૦? રીપોટ જોવાના ૧૦૦? લૂંટવા જ બેઠા છે ડોક્ટરો એમ કહે ...પણ એની પાછળ એની કેટલી મહેનત છે એ તમને કયાં ખબર છે? એક રોગ નું નિદાન કરવાં માં કેટલું મગજ ચલાવવું પડે છે એ તમે કયાં જાણો છો? જો તમે ફ્રેંશર હો તો પણ નાં ચાલો..લોકો એમ કહેશે કોઈ સારા ને બતાવજો એતો શિખાઉ છે હજી, પણ ભાઈ!... એ કાંઇ હજામત તો ન્હોતો કરતો ને આટલા વર્ષ? નવ નેજા પાણી ઉતરી જાય ને ત્યારે ડૉ. લાગે નામની આગળ..કેટલી મહેનત કરવી પડે છે એ કદાચ નહીં ખબર હોય લોકોને.

લોકોને તો બસ ઠેકડી ઉડાડવી છે..એને શું આવડે? એતો નવો નિશાળિયો છે હજી...જ્યારે પોતાને બતાવાનો વારો આવે ત્યારે ડૉક્ટર તરત સાગો થઈ જાય.. એ ડૉક્ટર તો મારાં ભાઈ થાય પેલાં મેડમ તો મને ઓળખે છે સારી રીતે. પ્લીઝ થોડુ કન્શેશન કરી આપજો ને! અને બે ત્રણ જગ્યાએ ભાવ નક્કી કરવા જશે. આ કોઈ શાક માર્કેટ છે? સવાલ જીવ નો હોય ત્યારે પૈસા વ્હાલા લગે છે? હોટલો માં જમવા જવું હોય, ફરવા જવું હોય , મુવી જોવું હોય ત્યારે કેમ કોઈ ઓળખાણ કામ નથી લાગતી?...

અત્યાર ની પરિસ્થિતિ નિજ વાત કરું તો એવી વાતો કરે છે જાણેકે પોતેજ ડૉક્ટર હોય..કોરોનાં ને નામે લૂંટવા બેઠા છે ડાક્ટર , એ લોકો જ ભારે ઇન્જેકશન મારીને જીવ લઇ લે છે..પણ વ્હાલા! તું રહી જોને ખાલી 2 જ કલાક દર્દી સાથે!કોરોના વાળા દર્દી પાસે ૨૨કલાક એકધારા સેવા આપે છે. ડોક્ટરો..એ નથી દેખાતું? ડોક્ટરો ને એવું ક્યારેય શીખવવામાં નથી આવતું કે જીવ લઇ લેવાનો દર્દી નો અને દર્દી ને આર્થિક સહાય પણ ડૉક્ટર કરે જ છે...પોતાનાં ઘર પરિવાર ની ચિંતા કર્યા વગર સેવા આપે છે. એ લોકો ને પણ એમનો જીવ વ્હાલો હૉયજ છે પણ એ વસ્તુ કયારેય શીખવવામાં નથી આવતી પણ તમારાં માટે પહેલી પ્રાયોરિટી તમારું પેશન્ટ છે એવું શીખવવામાં આવે છે..કયારેક જઇને જોજો એમની લાઈફ કેવી હોય છે પછી વખાણ કરજો.

કોઇપણ કૌમ્પલિકેશન થાય તો ડૉક્ટર ને મારો, ૫૦ લોકો ભેગા કરો,મીડિયા બોલાવો કેમ? તમારાથી ક્યારેય કોઈ ભુલ થતી જ નથી? અને ડૉક્ટર ની ભાવના થોડી એવી હોય? કે કેસ બગાડી નાંખે? એમાં આવા ખરાબ વર્તન કરવાની શું જરૂર? એક ડૉક્ટર હોવાના નાતે મારાં જ ક્ષેત્ર માં થતા અન્યાય જોઈને મારે ફક્ત એટલુંજ કહેવું છે કે કોઈપણ ડૉક્ટર હિરો જ છે એનું સન્માન થવું જ જોઈએ ભલે એની ડિગ્રી ગમે તે હોય...

## કલમ

## ડૉ. વિભૂતિ રાણીગા લુંભાણી

આજે તો મને મળ્યો લ્હાવો ઘણું બધું કહેવાનો,અત્યારે મારું અસ્તિત્વ ખોવાય ગયું છે,મારૂ સ્થાન અત્યારે બોલપેન એ લઈ લીધું છે,નાનકડી અમથી હું પણ કરાવતી કેટલાંય પાસાંઓ સફળ,છું હું તો નિર્જીવ અને મારા કેટલાય પ્રકારો બનાવ્યા છે, કેટલાય સુંદર રંગોની શાહી આપી છે મને,કેવું અનેરું મારું સ્થાન છે,શર્ટ નાં ખિસ્સા માં મોખરે જ નજરે પડું, ને લોકો મને જોઇ ને વિચારે કાશ મારી પાસે આવી પેન હોત, ભલે ગમે એટલા સ્વરૂપો હોય મારે પણ કામ તો હું પુરૂં કરી જ આપું છું, ડગલે ને પગલે માનવી મારો ઉપયોગ કરે છે, સારા કામો કરવામાં મને ઘણી ખુશી થાય છે,પણ ખરાબ કામો કરવામાં દુઃખ પણ થાય છે, હું તો છું વાચા રહિત મારે મારૂ દુઃખ કેમ વ્યકત કરવું?કોઇના લગ્ન થતા હોય ને સહી કરે ત્યારે તો હું ખુશીઓથી નાચતી હોવ,પણ જ્યારે છુટા છેડાની સહી થતી હોય ત્યારે રડવું પણ આવે છે, પણ મારે કઈ રીતે કહેવું? કોઈની વીલ પાસ કરવાની હોય પ્લાન પાસ કરવાનો હોય, અરજી કરવાની હોય, વિદ્યાર્થીનું ભવિષ્ય નક્કી થવાનું હોય ત્યારે બધાં હોંશે હોંશે મારો ઉપયોગ કરે છે, નવી નવી સગાઈ થઇ હોય ત્યારે એકમેકનાં પ્રેમનો એકરાર કરવા લાલ રંગથી મારો ઉપયોગ

થાય છે, ત્યારે તો મારૂં બેસ્ટ પર્ફોમન્સ આપવાની ટ્રાય કરું હું, કે વાંચનાર મારા દ્વારા લખાયેલા શબ્દો વાંચીને ખુશ થઈ જાય, કવિઓ નાં હાથ માટે તો અમૃત છું હું, એમની શાયરી,ગઝલો મારાં થકી લખાય પછી સાંભળીને તો મારું મન નાચવા લાગે, હું બોલતી નથી તો પણ આટલું સુંદર વર્ણન કરી શકું છું અને જો મારે વાચા હોતે તો વાત જ કાંઇક અનોખી હતી,પણ મને ઘણી ખુશી છે કે મારે વાચા નથી ક્યાં સમયે મૌન રહેવું એ મારે શોધવું નથી પડતું,બસ મારે ફક્ત વર્ણન માં સાથ આપવાનો છે,મારા થકી માનવી મૌન રહીને પણ ઘણું કહી શકે છે,અને પોતાનાં વિચારો નો ખજાનો કાગળ ઉપર ઠાલવી શકે છે.

ડૉ. વિભૂતિ રાણીગા લુંભાણી – સુરત – **9925419907**

## વ્હાલસોયીની વ્યથા

### ડૉ. વિભૂતિ રાણીગા લુંભાણી

સ્ત્રી ભ્રૂણ: માં ઓ મારી પ્યારી માં, કેમ તું આટલી દુઃખી થઈ ગઇ છે?હું પણ તારા દુઃખ માં સહભાગી થવા માંગુ છું,હું તારોજ એક અંશ છું માં, તું તારા જ અંશ ને બહાર કાઢી નાખીશ?હું તને નથી ગમતી?શું તું મને લાડ લડાવવા નથી માંગતી?તું પપ્પા ને બા ને કેમ નથી સમજાવતી?એ બધાં મળીને મને આ દુનિયામાં નહીં જ આવવા દે, મારે આ દુનિયા માં આવવું છે,મારી કાલીઘેલી ભાષા માં તારી સાથે વાત કરવી છે,તારી અને પપ્પા ની ઢીંગલી બનવું છે,સરસ મજાનું ફ્રોક પહેરીને ફેરફૂદરડી ફરવી છે,પપ્પા પાસે ચોકલેટ માટે જીદ કરવી છે,દાદી પાસે લાડ કરવા છે,તારા થકી ગર્ભસંસ્કારનો લ્હાવો લેવો છે મારે,સરસ સરસ કપડા પહેરીને તૈયાર થવું છે મારે,તારી સાડી પહેરીને નખરા કરવા છે,ઝાંઝરી પહેરીને આખા ઘરમાં ફરવું છે મને,મોટી થઇને તારા સપનાં ઓ પૂરા કરવા છે,બધાને હું નથી ગમતી,પણ તું કેમ આવુ કરે છે ?કેમ મને મોત નાં મુખમાં ધકેલી રહી છે?તું પણ

એક દિકરી જ છેને,માં મારાં અંગો તો હજી વિકાસ પણ નથી પામ્યાં કૂમળાફૂલ જેવા છે, અને પેલા ડૉક્ટર અંકલ મને
ચીપીયાથી ખેંચી ને બહાર કાઢી નાખશે,મને કેટલું દુખશે માં, મને બહુજ બીક લાગે છે,મને બચાવી લે માં મને બચાવી લે,મારે જીવવું છે માં મને બચાવી લે.

ડૉ. વિભૂતિ રાણીગા લુંભાણી – સુરત – **9925419907**

## માતૃ દેવો ભવઃ
## વિજય ગોસ્વામી

(વૃદ્ધાશ્રમનો વાર્ષિક સમારંભ ચાલી રહ્યો છે, સૌ કોઈ મહેમાનો પોતપોતાની સીટ મેળવીને સમારંભની શોભા વધારી રહ્યાં છે, વિદેશથી આવેલા સુટેડ બુટેડ મહેમાનો આગળની હરોળમાં પોતાની વ્યક્તિગત છાપ ઉપસાવવામાં સફળ થવા કોશિશ કરી રહ્યાં છે, વૃદ્ધાશ્રમના વડીલ દંપતીઓ થાક્યાં પાક્યા પરાણે બેસવાની કોશિશ કરી રહ્યાં છે, સ્વાગત વિધિ, વૃદ્ધાશ્રમની પ્રગતિ, ડોનેશન, સામાન્ય ચર્ચાઓ બાદ હવે "બેટી બચાવો" અભિયાન વિશે વક્તવ્ય આપવા બધાં ડાયસ પર વારાફરતી આવી રહ્યાં છે......)

(અચાનક એક ૬૫-૭૦ વર્ષ ના આધેડ વયોવૃધ્ધ, વોચમેનનો ડ્રેસ પહેરેલ વ્યક્તિ ડાયસ પર ધસી આવે છે, સિક્યુરિટી ગાર્ડ તેને રોકવાની વ્યર્થ કોશિશ કરે છે)

આદરણીય વડીલો, મારા સ્નેહી મિત્રો, બહારથી પધારેલા મહેમાનશ્રીઓ તથા મારૂ બાવડું પકડીને મને બહાર કાઢવાની કોશિશ કરનાર ગાર્ડ ભાઈ......,

અરે આ બધાં તો મને ઓળખે જ છે, પરંતુ બહારથી પધારેલા મહેમાનો માટે આ પ્રાણી અજાણ્યું છે, મારૂ નામ મનજી માલદાર...... જગતની વિચિત્રતા તો જુવો, હું જ્યારે ગાંડો અક્કલ મઠો હતો ત્યારે બધાં મને સલામ કરતાં, અને આજે જ્યારે મારી અક્કલ ઠેકાણે આવી છે ત્યારે બધાં મને ગાંડો ગણે છે, વાહ રે કિસ્મત વાહ........

હું આપ સર્વોને મારી આપવીતી જ કહીશ, મારી આપવીતી પરથી જ સમજવા વાળા સમજી જશે... વર્ષો પહેલાં આ મનજી માલદારની ધોમ ધોમ સાહ્યબી હતી, ગાડી બંગલા મોટર ચાકર...... ઘણાં બધાં હીરાના કારખાનાઓ, માત્ર અહીંયા જ નહીં, સિંગાપોર, હોંગકોંગમાં પણ મારી ઑફિસો હતી, છતાં એક ખોટ હતી...... ત્રણ ત્રણ દીકરીઓ પછી મારૂ ચોથું સંતાન પણ દીકરી જ જન્મી.... મેરા નામ કરેગા રોશન મેરા જગમે રાજ દુલારા, આ ભૂખ અને લાલસામાં મે મારી ત્રણેય દીકરીઓ સહિત મારી પત્નીને પિયરનો પરવાનો આપી દિધો, મે બીજા લગ્ન કર્યા, બબ્બે કુળ દિપકો મળ્યાં, મારી ખુશીઓનો કોઈ પાર નહોતો..... સમય વહેતો ગયો....... પત્ની પરલોક સીધાવી, સંપતિ સટ્ટા બજારમાં ગઈ, થોડી ઘણી વધી હતી તે કુળ દીપકો લઈ ગયાં, રહી ગયાં એકલા એકલા આ મનજી માલદાર.....(અને તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગે છે)

(ગાર્ડ આવી ને તેને પાણીનો ગ્લાસ આપી જાય છે, પાણી પીને સ્વસ્થ થતાં)

દીવાળે એ દિકરા, મારે તો દિ ફેરવનાર દિકરા મળ્યાં, છતાં આજે હું એકલો નથી, કે નથી રહેતો આ વૃદ્ધાશ્રમાં.... જાણો છો આ ગાંડા પાગલ માણસને સાચવનાર કોણ છે? (અને ફરીવાર તે રડી પડે છે) જેના જન્મ સમયે મે જાકારો આપેલ એ મારી ચોથા નંબરની દીકરી શ્રદ્ધા. એક દીકરી મા શ્રદ્ધા જગાવનાર મારી એ દીકરીને આ કમનસીબ બાપના લાખ લાખ પ્રણામ છે, લાખ લાખ પ્રણામ છે......)

(વૃદ્ધાશ્રમમાં સન્નાટો છવાઈ જાય છે, બધાં ઊભા થઈ ને આ ગાંડા પાગલ માણસની સ્પીચને બિરદાવી રહ્યાં છે.)

વિજય ગોસ્વામી - **6356 140 416**

# છબીલી વણઝારણ

## યુગલ પંડિત

રાત પડે ત્યાં વાસો કરતી... ચૂલો માંડી રોટલા ઘડતી...(૨)
ગામે ગામ હું આમ જ ફરતી, મલક આખાના લોકને મળતી...
તો બોલો હું કોણ?ન ઓળખીને !!!
હું છેલ છબીલી વણઝારણ,હું છેલ છબીલી વણઝારણ,
તા થૈયા થૈયા તા થૈ...
એટલે હું છબીલી ... હા એજ છેલ છબીલી વણઝારણ, એટલે મારૂ નામ
જ છબીલી ...
જુઓ આજે હું આ ગામમાં આવી છું,
ને મેદાનના આ ખૂણા પર
ઊભો ઘટાદાર લીમડો .. એની નીચે મારૂ ઘર .... આ.. હા..હા... કડવા

કડવા લીમડાની ઘટા તો એટલી મીઠી કે બળબળતા બપોરે પણ આવીને બેઠેલા વટેમાર્ગુને મઝાની નીંદર આપી દે.
પણ આજે તો આ ઘટા જ મારૂ ઘર. કદાચ આવતી કાલે તે મારૂ ઘર હશે પણ પરમ દિવશે હશે કે નહીં ... નથી ખબર.. આ ટોપલો ભરીને જે રમકડાં બનાવ્યા છે તે વેચાઈ જાય એટલે આપણો કાફલો તો એ ય ઉપડયો બીજા ગામ...
પણ ચાલો હું તમને મારૂ ઘર બતાવું ... હં.... આ જુઓ અહીં છે આ ચૂલો... ન દેખાયો ને ... જુઓ આમ આ એક ઈંટ આમ મૂકી, બીજી

ઈંટ આમ મૂકી અને ત્રીજી ઈંટ આમ આડી મૂકો એટલે ચૂલો તૈયાર. એમાં વચ્ચે બાવળની સૂકી ડાળીઓ સળગાવીને ઉપર તાવડી મૂકીને ટપ ટપો
ટપ રોટલા તૈયાર. પછી તમને બતાવું આ છે મારા ઘરનો એ ય ... મઝાનો ઢાળિયો. તમને કહું રોંઢો કરીને તમે અહી બેસો કે વાળું કરીને જરા આડે પડખે થાવ ને તમે સપનાંના દેશમાં ન ખોવાય જાવ તો મારૂ નામ છબીલી નહીં...... ના.. ના... કોઈ પણ માણસને બીજું જોઈએ શું? ઘરમાં આવીને ભરપેટ ખાવાનું મળે અને આખા દિવસનો થાક ઉતરી જાય તો એનાથી રૂડું કશું હોય ?
તમને એક મઝાની વાત કહું મારા તો બધાય સબંધી અહીંજ છે. પેલા વડ નીચે છે એ મારા કાકા અને આ પીપળા નીચે મારી ફોઈનું ઘર. અમારૂં તો આખું ગામ, ગામે-ગામ ચાલે. કોઈને ય આવું હોય ? કે કાકા , મામા , ફોઇ બધાય કાયમ સાથે રહેતા હોય ?
પણ પેલા રાણપુર ગામમાં એક દાદા મને કહેતા હતા કે છબીલી તું ઘણા સરસ રમકડાં બનાવે છે, એની એક દુકાન ખોલી દે તો ગામે ગામથી લોકો તારે ત્યાં આવે, વળી પાછા કહે કે તું કેટલું સરસ ગાય છે ગામમાં કોઈના ઘરે પ્રસંગ હોય ને તું ગીતો ગાવા જાય તો કેટલા બધા પૈસા મળે...

પણ સાચી વાત કહું મને એવું ઘર તો બહુ ગમે. મારે રોજ નવો ચૂલો ન બનાવવો પડે, રોજે રોજનું કરિયાણું અને બળતણ ભેગું

કરવાની કડાકૂટ નહીં અને ખાસ તો માથે મોટું છાપરું હોય જે ઉનાળાનો તડકો અને ચોમાસાના પાણીથી અમારું રખોપું કરે...
આ ઘરને “મુકામ પોસ્ટ” હોય એ સરનામે ટપાલીકાકા ખબર લાવે કે “છબીલી તારી દીકરીએ તો આખી કોલેજમાં પહેલો નંબર લીધો છે , આ જો સરકારે તેને વિશેષ ભણવાની વ્યવસ્થા કરી છે ”
પછી તો ટપાલી કાકા એવા ય કાગળ લાવશે કે છબીલી આ મંગળવારે માંગરોળ ગામે તારે લગ્નના ગીતો ગાવા જવાનું છે, પૂનમે માતાજીનાં ગરબા ગાવા પાવાગઢ જવાનું છે અને વાઘોડિયાની યુનિવર્સિટીમાં તો લોકગીતોના કાર્યક્રમમાં સેંકડો વિધાર્થીઓને ગીતોના તાલે ઝૂમતા કરવાના છે ..
પણ રે ગાંડી છબીલી તું જે સપના જુએ છે કે તારી દીકરી મોટી-મસ કોલેજમાં ભણે એ માટે “મુકામ પોસ્ટ” વાળું ઘર તો જોઈએને? આમ ગામે-ગામ રઝળતા લોકોને કોણ ભણાવે?
હજાર હાથવાળી મારી
માવડીને હું તો એક જ અરજ કરું છું કે માડી અમે તારા દવલા છોરું નથી તું મને ય મારા સપનાનું ઘર દઇશ ને ?
દેશે દેશે... માવડી છબીલીને ય દેશે.
છેલ છબીલી વણઝારણ એક ઘરની માલકણ બનશે ..
ને પછી તો છબીલીને શોધતા, લોકો આવશે..
ને પૂછશે કે છબીલીબેનનું ઘર આજ કે !!!
ત્યારે હું હોંશથી કહીશ કે હા ભૈ...
તા થૈયા થૈયા તા થૈ...

યુગલ પંડિત - સુરત – ૯૮૨૫૪ ૪૩૧૬૩

# કાળ ભૈરવ


## યુગલ પંડિત


(પ્રથમ ઇનામ વિજેતા કૃતિ)

શંખ ફૂંક્યા બાદ સ્ટેજના કેન્દ્ર તરફ જતાં...
હું કાળ, કાળ ભૈરવ, શિવનો પાંચમો અવતાર....
દેવ-દાનવ, ઋષિ-મુનિ કોઇ મારાથી બચી શકે નહીં સૌ મારા
વશમાં, મને આધિન.

પૃથ્વી ઉપર અમર હોવાના વહેમમાં નિર્દોષ જીવોને પ્રતાડિત કરનાર, લંકાપતિ રાવણનો સમય હવે પૂરો થયો. તારા જીવન કાર્યની અંતિમ ઘડીઓ ગણાઇ રહી છે. તૈયાર થઇ જા દશાનન. મારી આધિનતાનો સ્વીકાર કર. બસ પૃથ્વી લોક તરફનું આ મારૂં પ્રયાણ ..... અને રાવણના અંતનો આરંભ........

મારા આગમનના અવાજો પ્રાણી માત્રને ભયાનક લાગે છે તેમના ગાત્રો શિથિલ થઇ જાય છે અને મનોસ્થિતિ ઉપર બિહામણા ઓળાઓ પથરાઇ જાય છે.

અમરત્વના વિધિ નિર્મિત વરદાનથી અંધ બનેલા દશગ્રીવે તો લંકાને સોનાથી મઢી છે ને કંઈ !!! શક્તિ અને શ્રી ઉપરના આધિપત્યથી મદાંધ બનેલા રાવણને કાળનો, મારો પણ ભય નથી રહ્યો ?? પૂરો થયો, રાવણ તારો સમય પૂરો થયો. જો આ દશે દિશાઓ મારા તાબામાં છે.

ત્રિભુવન વિજેતા તારી પટરાણી મંદોદરીને પણ આ સત્ય સમજાવું જોઇએ કે પૃથ્વી લોકમાં શાશ્વત કશું જ નથી. એ શું કામ સોળ શણગાર ધારણ કરી રહી છે!!
પણ આ શું મંદોદરી કોને પ્રાર્થી રહી છે : એ તો રામનું સ્મરણ કરે છે. દાનવ કન્યા મંદોદરી અસુર ભાર્યા હોવા છતાં નિતિ અને ધર્મમાં શ્રધ્ધા અને વિશ્વાસ ધરાવે છે...
મારી હાજરી તે પામી ગઇ છે. તેનો પુણ્ય પ્રભાવ
મને પ્રગટ થવાનું દબાણ કરી રહ્યો છે... ભલે.

કલ્યાણભવતુ દેવી. આશિર્વાદ ભવઃ ...
હા દેવી લંકાનો સર્વનાશ હવે નજીક છે. હૈ દશગ્રીવના પટરાણી હું રાવણને મારી સાથે લઇ જવા આવ્યો છું તમે એ કાર્યને નહીં અટકાવી શકો. મારું કાર્ય આજપર્યંત અધુરૂં નથી રહ્યુ એને અધુરૂં રાખવાના તમારા તમામ પ્રયાસો મિથ્યા જ રહેશે દેવી મંદોદરી.

હા તમારા આહવાનનો હું સ્વીકાર કરું છું. સત્તા વૈભવના નશામાં ચૂર રાવણનો “કામ' તેનું કામ તમામ કરશે. કામાંધ રાવણ સતી સીતાનું અપહરણ કરશે.. કરશે... કર્યું. મંદોદરી જુઓ આ તમારો ભરથાર!!! હવે રામ-લક્ષ્મણ સીતાજીને શોધતાં અહીં આવશે અને મહાવિનાશક યુધ્ધ
થશે. તમે પહેલી ચાલમાં માત ખાધી દેવી મંદોદરી. મારી કાળની જીત નક્કી છે.
ના, અસુરભાર્યા, એમ તો તમે મારી સામે નહીં જીતી શકો. રાવણ કોઇ ખોટું પગલું ન ભરશે એવી ખોટી માન્યતાનો રાવણે પોતે જ છેદ ઉડાડયો છે.

આ જુઓ જીત તરફના મારા બીજા પગલાંને. સોનાની લંકા ભડ ભડ બળી રહી છે.હા, એક વાનરે આ આગ લગાડી છે.આસક્તિમાં ચૂર રાવણે સીતાને મુક્ત ન કર્યા છેવટે તેમને શોધતાં અહીં આવેલા રામના દૂતે આ પરાક્રમ કર્યું છે. હવે રાવણની માયાવી નગરીનું રાખ થઇ જવું નિશ્ચિત છે.

સમજાવો રાવણને કે વાનર એ રામનો સામાન્ય દૂત નહીં પણ વાયુપત્ર હતો. મંદોદરી, લંકેશને એ સમજાવો કે જે બળી રાજાને જીતવા તે પાતાળે ગયો હતો ત્યાં બાળકોએ તેને અશ્વશાળામાં બાંધ્યો હતો, અને વાલીની કાખમાં દિવસો સુધી દબાઇ રહેલા રાવણને પણ હું ઓળખું છ. એને કહો દેવી અમરત્વનું વરદાન ભૂલી જાય, દરેક વરદાન સાથે શ્રાપ જોડાયેલો હોય છે. શું દેવી તમે હજુ પણ કહો છો કે મૃત્યુ તો લંકેશને આધીન છે.

હા... હા... હા... મંદોદરી કાળ કોઇને આધીન નથી. મૃત્યુને પણ નહીં... જુઓ યુધ્ધ શરુ થઇ ગયું. રાવણ યુધ્ધ કરશે જ નહીં એવી તમારી
માન્યતાને રાવણે ચકનાચૂર કરી છે. દેવી તમે હાર્યા. મારી ત્રીજી ચાલમાં
પણ તમારી હાર નિશ્ચિત છે.
જુઓ આ ધરતી ધ્રુજી ઉઠી છે. આસક્તિગ્રસ્ત, મદાંધ અને અમરત્વના ગુમાનમાં રાચતા રાવણની નાભિમાં રામે બાણ માર્યું. રાવણ
હણાયો. મારી સંપૂર્ણ જીત થઇ છે. હા... હા... હા...
અરે આ શું? મંદોદરી તમે શું બોલ્યા!! રાવણ અને રાક્ષસકૂળનો
વિનાશ તમે જ ઇચ્છા હતા! હે દેવી હું એ જરૂર જાણું છું કે રામ એ
અવતારી પુરુષ છે પણ એમના હાથે રાવણ અને સમગ્ર રાક્ષસ કૂળનો
નાશ થાય જેથી એ સોનો ઉદ્ધાર નિશ્ચત થઇ જાય એવી સોગઠી તમે
રમ્યા!!!

દેવી હું જીતીને પણ હાર્યો છું. નિતિ અને ધર્મમાં શ્રધ્ધા રાખનારી
તમે એકમાત્ર સ્ત્રી છો જેમણે કાળને માત આપી છે. હે મંદોદરી મારું તમને
વચન છે કે જ્યારે પણ અસુરો આતંક આચરશે ત્યારે ભલે મંદોદરી ન
હોય તો પણ આ પૃથ્વીલોકના કલ્યાણ માટે હું જીતીને પણ હારતો રહીશ.

યુગલ પંડિત - સુરત – ૯૮૨૫૪૪૩૧૬૩

## શૂર્પણખા


### યુગલ પંડિત - સુરત – ૯૮૨૫૪ ૪૩૧૬૩


હે સુજ્ઞ નગરજનો હું મીનાક્ષી , હા મીન.. માછલી જેવી આંખોવાળી -મીનાક્ષી. મારી માતાએ આપેલું નામ. મારો જન્મ રાક્ષસ કુળમાં થયો માટેએમના જેવુ તો બનવું જ પડે ને ! હા ..... (ફુફાડો )મારા શૂળ જેવા નખોથી જીવતા માણસને ચીરી નાખું હા...... શુર્પણખા ... આ ધારદાર નખોથી ભલ ભલા થથરે ..... મારા ભ્રાતા રાવણે મને શીખવેલી આ યુદ્ધ કળાથી મારી ખ્યાતિ શુર્પણખા તરીકે થઈ. રાક્ષસોને પણ પોતાનો સંસાર હોય છે મારે પણ હતો રાજા કાલકેયના પ્રખર સેનાપતિ વિદ્યુત જીવ્હા સાથે મારા વિવાહ થયા અસૂરોનું લગ્ન જીવન પણ સૂરો જેવુ જ હોય છે રાક્ષસોની પોતાના પ્રિય પાત્ર સાથેની લાગણી દેવોને પોતાના પ્રિય સાથે થાય એવીજ હોય.... મારા પતિ વિદ્યુત જીવ્હા સાથેનું મારૂ વૈવાહિક જીવન લયબદ્ધ થાય એ પહેલા ભ્રાતા રાવણના વિશ્વ વિજયી બનવાના ઓરતાએ મારા પતિનો ભોગ લીધો.

શું કોઈ ભાઈ પોતાની બહેનનો ચૂડી ચાંદલો નંદવાય એવું ઈચ્છે ??? હા

ઈચ્છે.... ભાઈ રાવણ હોવો જોઈએ !!!
મારૂ રોમે રોમ રાવણને ધિક્કારતું હતું ... મારા નિર્દોષ લગ્નજીવનનો અકાળે અંત લાવનાર રાવણ પ્રત્યે ક્રોધ અને નફરતની આગ મને બાળી રહી હતી રાવણનો સર્વનાશ થાય એ મારૂ મન ઈચ્છતું હતું. શું કોઈ માનશે કે કે એક બહેન પોતાના સગા ભાઇનો વિનાશ ઈચ્છે???
હા ઈચ્છે.... ભાઈ રાવણ હોવો જોઈએ !!!

કાળના દુદુંભિ નિરંતર વાગતા રહ્યા ... ધરા તલ ઉપર રાવણના અત્યાચારો વધતાં રહ્યા. દેવાધિદેવ મહાદેવ અને બ્રહ્મા દ્વારા મળેલા આશિષથી મદાંધ બનેલા રાવણને આ લોકમાં કોઈ પડકાર આપી શકે એમ નહોતું, ત્યાંજ ખબર આવ્યા કે વનમાં તપસ્યા કરતાં ઋષિ મુનિઓના યજ્ઞમાં હાડકાં નાખી યજ્ઞો ને ભ્રષ્ટ કરનારી મારી દાદી તાડકાનો અયોધ્યા નરેશ દશરથના પુત્રોએ વધ કર્યો. ગુસ્સાથી લાલચોળ ભ્રાતા રાવણે આદેશ કર્યો ... "કાકાશ્રી સુબાહુ તમને મળેલી અસુર વિદ્યાને અજમાવો અને અયોધ્યાના રાજકુમારોને પ્રતાડિત કરી યજ્ઞો બંધ કરાવો." જેવી આજ્ઞા મહારાજ કહી ચાલી નીકળેલા કાકા સુબાહુ ક્યારેય પાછા ન આવ્યા. અયોધ્યા કુમારોએ તેમનો પણ વધ કરીને યજ્ઞો ને રાક્ષસો ના ભયથી મુક્ત કર્યાં.

એક રાક્ષસી તરીકે મારૂ લોહી પણ ઉકળી ઉઠ્યું પણ કહે છે ને કે સમયથી બળવાન કોઈ નથી હોતું અચાનક ભ્રાતા રાવણનું કહેણ આવ્યું. હું દોડતી પહોંચી દરબારમાં.... કહો ભ્રાતા કેમ યાદ કરી ? શું કહ્યું તાડકા અને સુબાહુનો વધ કરનારા અયોધ્યાના રાજકુમારો વનવાસ પામીને દંડકારણયમાં આવ્યા છે ? મારો ક્રોધાગ્નિ ભભૂકવા લાગ્યો. ત્યાંજ રાવણે કહ્યું શૂર્પણખા તારી રણનીતિથી રામ અને લક્ષ્મણને ચિત્ત કરવાના છે. જી મહારાજ કહી હું તો સીધી પહોંચી દંડકારણ્ય... આ રામ -લક્ષ્મણ એવા તે કેવા યોદ્ધા છે કે તેમણે બાહુબલી સુબાહુ અને મહા શક્તિશાળી તાડકાનો વધ કર્યો ?

મગતરા જેવા આ માનવો રાક્ષસોનો સામનો કેવી રીતે કરી શકે ? આજે તો એમનું કચુંબર બનાવી દઉં .... વેર લેવા તત્પર મારૂ આખું શરીર તાંબા જેવુ

રાતું થઈ રહ્યું હતું ,બાહુ ફફડી રહ્યા હતા અને ત્યાં જ સામે દેખાઈ રહેલી વનકુટીરમાં બે સોહામણા પુરુષો દેખાયા. વૃક્ષોના ઝૂંડ પાછળ સંતાયેલી હું તેમની ગતિવિધિઓ જોવા લાગી. દૈદિપ્યમાન મુખાકૃતિવાળા રામ અને લક્ષ્મણ રાજકુમારો જેવા તો લગતા જ હતા પણ બંનેનું શરીર સૌષ્ઠવ પ્રચંડ યોદ્ધા જેવુ હોવાથી તેઓ અસામાન્ય પણ લાગી રહ્યા હતા.

મારૂ મન મને કશુંક અનોખું કરવા ઉશ્કેરી રહ્યું હતું. મારી સોગઠાબાજીમાં હું આગળ વધી રહી હતી. અતિ સ્વરૂવાન સુંદરી બનીને રામ સમક્ષ પહોંચી ગઈ .ધીર- ગંભીર અને પ્રસન્ન મુદ્રાવાળા રામની સામે જોતાં જ મારા હોશ કોશ ઊડી રહ્યા હતા. માંડ માંડ મારી જાતને સંભાળી અને રામને કહ્યું કે હે રામ તમારા જેવા મેધાવી પુરુષને મે આજ પર્યંત આ પૃથ્વી ઉપર જોયો નથી અને મારા જેવી રૂપ સુંદરી પણ તમે ક્યાંય જોઈ નહીં હોય .... શું તમે મારા લગ્નના પ્રસ્તાવને સ્વીકારશો ? હે શ્રેષ્ઠ પુરુષ તમે આમ મંદ મંદ સ્મિત વેરતા રહેશો તો હું અહીં જ થીજી જઈશ. શું તમે મારા પ્રસ્તાવનો જવાબ આપ્યો ? તમે એક પત્નીવ્રતધારી છો અને સીતાને પત્ની તરીકે સ્વીકારી છે તો મારી સાથે લગ્ન નહીં કરશો ? ના .. ના ... આવું ન કહો તમારી એક પત્ની હોવા છતાં પણ હું તમારી સાથે લગ્ન કરવા તૈયાર છું શું કહ્યું પેલા દૂર ઊભા છે તે લક્ષ્મણને કહું ?

લક્ષ્મણને જોતાં તે પણ રામ જેવી પ્રતિકૃતિ લાગતો હતો વિશાળ ભુજાઓ અને મક્કમ પગલાંઓ તેને બીજાથી જુદો પાડી રહ્યાં હતા. તે પણ પરાક્રમી અને સુડોળ વ્યક્તિત્વનો સ્વામી લાગી રહ્યો હતો. મોહમાં ભાન ભૂલેલી હું આકુળ વ્યાકુળ થઈ રહી હતી લક્ષ્મણ સમક્ષ મે રામ જેવો જ પ્રસ્તાવ મૂકી તેની ઈચ્છા જાણવા વિનંતી કરી .... મર્યાદાની સીમામાં રહીને લક્ષ્મણે કહ્યું કે હે સુંદરી હું તો રામનો દાસ છું તો શું મારી સાથે લગ્ન કરી તું દાસી તરીકે રહીશ ? દાસી જીવન સ્વીકારીશ ? એના કરતાં તું રામને જ પ્રસન્ન કર તેઓ માની જશે. તારા જેવી રૂપ સુંદરી તેમને કયાંથી મળવાની ? પ્રેમાંધ બનેલી હું ફરી રામ પાસે પહોંચીને પ્રેમની ભીખ માંગવા લાગી.... પણ એમ તો ક્યાં કોઈને ભીખ મળી છે ?

શું તમે એક પત્નીવ્રત તોડવા નથી માંગતા ? શું તમે મારી સાથે લગ્નના પ્રસ્તાવને ઠુકરાવો છો ? તમે બંન્ને ભાઈઓ એકબીજા સામે ઇશારા કરીને મારી વ્યાકુળતાની હાંસી ઉડવો છો ? તમને ભય નથી કોઈનો ? શું તાડકાને મારીને તમે સ્વયંને મહાન માનો છો ?શું સુબાહુનો વધ કરીને પોતાની જાતને અજેય માનવા માંડ્યા છો ?

તમને ખબર છે હું કોણ ? .... રાવણની બહેન શૂર્પણખા.... હા.... હા ...-હ ...હા... હા ....હા અરે લક્ષ્મણ તમે મારા પર વાર કર્યો ??

(ગુસ્સાથી લક્ષ્મણને મારવા ધસે...) આહ...... (એક બાજુનો કાન કપાય) હે રામ- લક્ષ્મણ તમે મારા નાક-કાન કાપીને બહુ ખોટું કૃત્ય કર્યું છે. મારો ભાઈ રાવણ તમને છોડશે નહીં. (ભાગતા ભગતા) યાદ રાખજો તમારો કાળ આવી રહ્યો છે .......... (ભાગતા ભાગતા રાવણના દરબારમાં પહોચે)

હે ભ્રાતા, હે પૃથ્વી વિજયી રાવણ આ તારી બહેનની દુર્દશા જો. આવું અધમ કૃત્ય કરનાર રામ-લક્ષ્મણ હજુ જીવંત છે. તમે એનો સર્વનાશ નહીં કરો ? (રાવણ ખર અને દૂષણને રામ-લક્ષ્મણ ને મારવા મોકલે) ભ્રાતા રાવણ મને વિશ્વાસ હતો .. ખર અને દૂષણને તમે રામ-લક્ષ્મણ નો વધ કરવા મોકલ્યા તેનાથી હું રાજી છું પણ જ્યાં સુધી રામ-લક્ષ્મણ આ પૃથ્વી ઉપર રહેશે ... ત્યાં સુધી મારૂ અસ્તિત્વ વ્યાકુળ રહેશે ....રાજા રાવણનો જય હો ... રાજા રાવણનો જય હો ...

શૂર્પણખા હવે તારી સોગઠાબાજી રંગ લાવશે. તારા પ્રિય પતિ વિદ્યુતજીવ્હાનો વધ કરનાર રાવણનો પ્રતિકાર કરી શકે એવા રાજકુમારોની સામે રાવણને ઉશ્કેરીને તેં રાવણના વધની ચોપાટ બિછાવી દીધી છે અને હા એમાં થનાર રાવણ વધથી વિજય રામનો નહીં પણ તારો થવાનો છે.

શૂર્પણખાનો જય હો.... શૂર્પણખાનો જય હો.... શૂર્પણખાનો જય હો....

યુગલ પંડિત - સુરત – ૯૮૨૫૪ ૪૩૧૬૩

# સહદેવ

## ઝરણા પાઠક

(મહાભારતના યુદ્ધમાં ભીમ દ્વારા દુર્યોધન વધ બાદ રાત્રિના સમય દરમિયાન જ્યારે પાંડવો પોતાના શયનકક્ષમાં વિજયી રાતનો આરામ કરતા હતા, ત્યારે સહદેવ એ આનંદમય રાતનો શોક વ્યક્ત કરતા પોતાની મનોવ્યથા વ્યક્ત કરે છે અને હૈયા વરાળ શાંત કરવા પ્રયત્ન કરે છે.)

હા હું જોઉં છું, આ અંધારી રાતમાં બેઠો બેઠો આવનારી તમામ રાતના અંધારા જોઉં છું. આવનારા દિવસોમાં રહેલો અંધકાર પણ હું જોઉં છું. મેં ભૂતકાળમાં પણ અમારું ભવિષ્ય જોયું હતું, પરંતુ હું શું કરી શક્યો?

હવે મને મારું વરદાન પણ અભિશાપ લાગે છે. હું એ જ અભાગીયો છુ કે જે પોતાના પરિવાર પર આવનાર તમામ સંકટ વિષે જાણે છે, સઘળું ભવિષ્ય જાણે છે પરંતુ તેના વિશે ન તો કોઈને કહી શકે છે કે ન તો કંઈ કરી શકે છે. હે ઈશ્વર! આવું વરદાન આપવા પાછળ તારો હેતુ તો જણાવ!

કેશવની સઘળી લીલાં કેશવ પહેલા હું જાણતો હતો, ભાઈ દુર્યોધનના સમગ્ર છળ સમય પહેલા હું જાણતો હતો. ના, એ વાતનું દુઃખ નથી કે સંકટ ઘણા વિકટ છે, વિષાદ તો ત્યાં છે કે તેને જાણવા છતાં હું તેને દૂર કરવા, કોઈને જણાવવા અસમર્થ છું.

ભાઈ દુર્યોધન અને મામા શકુનિ એ કરેલ લાક્ષાગૃહ ના ષડયંત્ર વિશે પણ મને ખબર હતી તેમ છતાં, હું મારા પરિવારને એ વેરની આગમાં જતા ન રોકી શક્યો. કેમ ન કહી શક્યો હું એમને કે તે કોઈ મહેલ નહિ પરંતુ આપણી મોતનું તેડું હતું. ન રોકી શક્યો ભાઈ ધર્મરાજ યુધિષ્ઠિરને દ્યૂત રમતા, જ્યારે મને ખબર હતી પરિણામ પાંચાલીના માન પર આવીને અટકશે, ઇન્દ્રપ્રસ્થ ના સન્માન પર આવીને અટકશે, ચૌદ વર્ષના વનવાસ અને એક વર્ષના અજ્ઞાતવાસ બાદ ભારતવર્ષના સૌથી મોટા અને મહાવિનાશી યુદ્ધના એ ભણકારા હતા, જેના વિશે જાણવા છતાં હું તે ન રોકી શક્યો. હું પણ એ કપટી દ્યૂતનો ભોગ બન્યો છતાં હું તે ન અટકાવી શક્યો.

મને ત્રિકાળ નું જ્ઞાન છે, ભવિષ્યની જાણ છે, છતાં મારો અભિશાપ "જ્યાં સુધી કોઈ પુછશે નહીં, સહદેવ ભવિષ્ય નહીં જણાવી શકે".

ન રોકી શક્યો ધનુર્ધારી અર્જુનને પિતામહ માટે બાણશૈયા બનાવતા.

ન રોકી શક્યો અર્જુન પુત્ર વીર અભિમન્યુ ને ચક્રવ્યૂહમાં જતા, કાયરો દ્વારા તેની વીરગતિ પણ ન રોકી શક્યો. હું એ પણ જાણું છું કે અશ્વસ્થામા દ્વારા આજે મારા પાંચે પુત્રોનો વધ થવાનો છે. પરંતુ હું આજે પણ કંઈ નહીં કરી શકું. મારા કુલ દીપકોને નહીં બચાવી શકું.

જો મને કોઈએ પૂછ્યું હોત તો આ સઘળું હું રોકી શક્યો હોત...... રોકી શક્યો હોત....... હે ઈશ્વર..!

શું હું જ આ યુદ્ધનું કારણ છું? જો મેં આ વિશે કોઈને કહી દીધું હોત તો આ યુદ્ધ રોકી શકાયું હોત.... મારા કુળનો નાશ રોકી શકાયો હોત... શું મારું ત્રિકાળ જ્ઞાન જ મારો અભિશાપ છે?

**ઝરણા પાઠક – અમદાવાદ – 94296 71589**

**સમાપ્ત**